અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૧ જૂન ૨૦૨૫, શનિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, જેઠ વદ ૧૧ | અંક : ૩૪૯ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ગિન્નાયેલા ઇઝરાયેલનો હુંકાર: ઈરાનના ખામેનીને ઠાર મારીને જ રહીશું

# ઇરાનનો ઇઝરાયેલમાં હોસ્પિટલ, સ્ટોક એક્સચેન્જ પર હુમલો

## હમાસ દ્વારા ૨૦૨૩માં થયેલા હુમલા બાદ ઈઝરાયેલે મિસાઈલ હુમલા અને ભૂકંપ સામે ટકી રહે તેવી અદ્યતન બ્લડ બેન્ક બનાવી છે

। (એજન્સી) તેહરાન, તા.૨૦ ।

ઈરાનના સર્વોચ્ચ વડા અયાતુલ્લા ખામેનીએ ઈઝરાયેલ સામે યુદ્ધનું સત્તાવાર એલાન કર્યા પછી બંને દેશ વચ્ચે ભીષણ ટકરાવની શરૂઆત થઈ ગઈ છે. ઈરાનની મિસાઈલોએ ઈઝરાયેલના પાટનગર તેલ અવીવમાં હોસ્પિટલ અને રહેણાક વિસ્તારોને નિશાન બનાવ્યા છે. વળતા જવાબમાં ઈઝરાયેલે ઈરાનનું હેવી વોટર રીએક્ટર ઠપ કરી દીધું છે, જે ઈરાનના ન્યૂક્લીયર પ્રોગ્રામનો ભાગ છે. તેલ અવીવ સ્ટોક એક્સચેન્જ બિલ્ડિંગને ભારે ક્ષતિ પહોંચાડવામાં પણ ઈરાનને સફળતા મળી છે. ઈરાને સૈન્ય મથકો સિવાયના સ્થળોને નિશાન બનાવતાં રોષે ભરાયેલા ઈઝરાયેલે ખામેનીને ઠાર મારવાનું એલાન કરી દીધું છે.ઈરાને નવા હુમલા દરમિયાન ડઝનથી વધુ બેલાસ્ટિક મિસાઈલ ઝીંકી દેતાં ૨૪૦ ઈઝરાયેલી નાગરિકો ઘાયલ થયા છે. તેમાંથી ૭૦ ઈઝરાયેલી હોસ્પિટલ પરના હુમલામાં ઘાયલ થયા હતા અને તમામને સ્થળાંતરિત કરાયા હતા. ઈરાને હુમલા વધુ આક્રમક બનાવ્યા તેના એક દિવસ પૂર્વે યુએસ પ્રમુખ ટ્રમ્પે ઈરાનને બિનશરતી શરણાગતિ સ્વીકારવા કહ્યું હતું.ટ્રમ્પે ખામેનીની હત્યાનો ઈરાદો ન હોવાનું કહ્યા પછી ઈરાને શરણાગતિ સ્વીકારવા ઈનકાર કર્યો હતો અને ઈઝરાયેલ પર હુમલા વધાર્યા હતા. જેથી ઈઝરાયેલના સંરક્ષણ મંત્રી કેટ્ઝએ ઈરાનના સર્વોચ્ચ નેતા ખામેનીની હત્યા કરવા માટે સૈન્યને સૂચના અપાઈ હોવાનું કહ્યું હતું. કોઈ પણ ભોગે ખામેનીનું અસ્તિત્વ ન રહેવું જોઈએ તેવો પડકાર પણ ઈઝરાયેલે આપ્યો હતો.



ઈરાનની મિસાઈલોએ ઈઝરાયેલના પાટનગર તેલ અવીવમાં હોસ્પિટલ અને રહેણાક વિસ્તારોને નિશાન બનાવ્યા

**ગત સપ્તાહે જ હોસ્પિટલને ખાલી કરી દેવાઈ હતી અને તેને મોટા બિલ્ડિંગના બદલે અંડરગ્રાઉન્ડ પાર્કિંગમાં શરૂ કરી દેવાઈ હતી. વેન્ટિલેટર પર હોય અથવા અશક્ત હોય તેવા દર્દીઓને આવા સ્થળે રખાય છે. હમાસ દ્વારા ૨૦૨૩માં થયેલા હુમલા બાદ ઈઝરાયેલે મિસાઈલ હુમલા અને ભૂકંપ સામે ટકી રહે તેવી અદ્યતન બ્લડ બેન્ક બનાવી છે. અમેરિકા સહિતના દેશો ઈરાનને અણુ શસ્ત્રો વિકસાવતું રોકવા માગે છે. ઈરાનનો દાવો છે કે, ન્યૂક્લીયર પ્રોગ્રામનો ઉપયોગ માત્ર નાગરિકોની મદદ માટે કરવામાં આવે છે. હથિયારો બનાવવાનો તેનો કોઈ ઈરાદો નથી. ઈરાનના અણુ મથકો પર ઈઝરાયેલે હુમલો કર્યો હતો. ઈરાને રેડિએશન લીક થવાની કે નુકસાન થવાની આશંકાને નકારી હતી.**

યુદ્ધમાં ફસાયેલા પોતાના નાગરિકોને પરત લાવવા ભારતે નક્કર યોજના બનાવી લીધી છે. વિદેશ મંત્રાલયના જણાવ્યા મુજબ, ઈઝરાયેલથી ભારતીયોને જમીની માર્ગે નજીકના દેશોમાં લઈ જવાશે અને ત્યાંથી વિમાન મારફતે ભારત લાવવામાં આવશે. ચીનના પ્રમુખ શી ઝીનપિંગ અને રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને ગુરુવારે ફોન પર એક કલાક ચર્ચા કરી હતી. આ ચર્ચા બાદ બંને પ્રમુખોએ ઈઝરાયેલ-ઈરાન વચ્ચે શસ્ત્રવિરામને જરૂરી ગણાવ્યો હતો અને ઈઝરાયેલના વલણને વખોડ્યું હતું. ઈરાને ગુરુવારે કરેલા હુમલાઓમાં બિન પરંપરાગત મિસાઈલનો હુમલો કર્યો હતો. આ મિસાઈલને ફાયર કર્યા પછી તે આગના તણખાની જેમ ચારે બાજુ વિખરાય છે અને લક્ષ્ય સુધી પહોંચે છે. આયર્ન ડોમ માટે આ મિસાઈલને ખાળવાનું અઘરું બન્યું હોવાનું ઈઝરાયેલના સત્તાવાર સૂત્રોએ સ્વીકાર્યું હતું. આયર્ન ડોમમાં ગાબડું પડ્યું હોવાથી જ ઈરાનની કેટલીક મિસાઈલો લક્ષ્ય સુધી પહોંચી હોવાનું મનાય છે. ઈરાન પર હુમલો કરતાં પહેલાં જ ઈઝરાયેલે બચાવની તૈયારી કરી દીધી હતી.

### ઈઝરાયલ-ઈરાન યુદ્ધમાં તાનાશાહ કિમની પણ એન્ટ્રી

ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધના કારણે મિડલ ઈસ્ટમાં તણાવપૂર્ણ વાતાવરણ જોવા મળી રહ્યું છે. આ દરમિયાન, રશિયા, ચીનઅને ઉત્તર કોરિયાના તાનાશાહ કિમ જોંગ ઉને આ યુદ્ધ માટે ઈઝરાયલની આકરી ટીકા કરી છે. ઉત્તર કોરિયાના વિદેશ મંત્રાલયે ઈઝરાયલ દ્વારા ઈરાનના નાગરિક, પરમાણુ ઠેકાણા પર હુમલા અંગે જણાવ્યું હતુ કે, 'આ માનવતા વિરુદ્ધ અક્ષમ્ય ગુનો છે. આ પ્રદેશને એક નવા યુદ્ધ તરફ ધકેલી રહ્યું છે.' ઉત્તર કોરિયાના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ અમેરિકા અને યુરોપિયન દેશો પર આરોપ લગાવતા જણાવ્યું હતું કે, 'અમેરિકા અને પશ્ચિમી દેશો, ઈઝરાયલ સાથે મળીને મિડલ ઈસ્ટની શાંતિ માટે કેન્સર બની રહ્યા છે.' અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતુ કે, 'ઈરાન પ્રત્યે ધીરજ હવે ખૂટી ગઈ છે. તેમણે પરિસ્થિતિને વધુ સંવેદનશીલ બનાવી દીધી છે.' આના જવાબમાં ઉત્તર કોરિયાએ કહ્યું કે, 'તમારી કાર્યવાહી મિડલ ઈસ્ટને વિનાશ તરફ દોરી રહ્યું છે.' ઉત્તર કોરિયા અને ઈરાન વચ્ચે મિસાઈલ અને લશ્કરી ટેકનોલોજીના આદાન-પ્રદાનનો લાંબો ઈતિહાસ રહ્યો છે. ઉત્તર કોરિયાએ ઈરાનને બેલિસ્ટિક મિસાઈલ અને અન્ય લશ્કરી હાર્ડવેર પૂરા પાડ્યા છે, જેના કારણે બંને દેશો વચ્ચે મજબૂત સંબંધો બન્યા છે.

### ફરી એકવાર પીએમ મોદી બિહારના પ્રવાસે

# બિહાર ભારતને વિશ્વની ત્રીજી મહાસત્તા બનાવશે', PMની સિવાનમાં મોટી જાહેરાત

## પીએમ નરેન્દ્ર મોદી સિવાનમાં જાહેર સભામાંથી આ લાભાર્થીઓના ખાતામાં ૫૩૬ કરોડ રૂપિયાની રકમ ટ્રાન્સફર કરી




। (એજન્સી) બિહાર, તા.૨૦ ।

પ્રધાનમંત્રી મોદી આજે બિહારની મુલાકાતે ગયા હતા, જ્યાં તેમણે સિવાનના જસોલી ગામમાં એક જાહેર સભાને સંબોધિત કરી હતી. તેઓ હેલિકોપ્ટર દ્વારા જસોલી ગામ પહોંચ્યા હતા અને ત્યાંથી ખુલ્લી જીપમાં જાહેર સભા સ્થળે પહોંચ્યા હતા. જાહેર સભામાં તેમની સાથે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર અને નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી પણ જોવા મળ્યા હતા. પ્રધાનમંત્રીને જોતા જ જાહેર સભામાં હાજર લોકોએ મોદી-મોદીના નારા લગાવ્યા હતા. પ્રધાનમંત્રી મોદીએ પણ હાથ હલાવીને સૌનું સ્વાગત કર્યું હતું. પ્રધાનમંત્રી મોદીએ જાહેર સભાના મંચ પરથી લોકોને સંબોધિત કર્યા હતા. તેમણે લગભગ ૧૦ હજાર કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ પણ કર્યો હતો. સિવાન જાહેર સભામાં પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે NDA સરકાર પૂર્વ રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદ અને બ્રજ કિશોર પ્રસાદ જેવા મહાપુરુષોના મિશનને દૃઢ નિશ્ચયથી આગળ વધારી રહી છે. વિકાસની આ શ્રેણીમાં આજે બિહારના સિવાનના મંચ પરથી તેમણે હજારો કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. તેમણે કહ્યું કે બિહાર માટે તેમની પાસે ઘણું કરવાનું છે. હું ગઈકાલે જ વિદેશથી પાછો ફર્યો છું. ૩ દેશોની મુલાકાત દરમિયાન જ્યારે મેં વિશ્વના સમૃદ્ધ દેશોના નેતાઓ સાથે ઘણા મુદ્દાઓ પર વાત કરી, ત્યારે જાણવા મળ્યું કે ત્રણેય દેશોના નેતાઓ ભારતની ઝડપી પ્રગતિથી ખૂબ પ્રભાવિત છે. તેઓ ભારતને વિશ્વની ત્રીજી સૌથી મોટી આર્થિક મહાસત્તા બનતા જોઈ રહ્યા છે અને બિહાર ભારતને વિશ્વની ત્રીજી મહાસત્તા બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે પીએમ મોદી સિવાનના જસૌલીમાં જનસભા સંબોધી રહ્યા છે. આ દરમિયાન પીએમ મોદી દ્વારા બિહારના ૨૨ શહેરોને ગટર અને પાણી સાથે જોડાયેલી યોજનાઓનો શુભારંભ કર્યો. આ ઉપરાંત પાટલીપુત્ર થી ગોરખપુર માટે ૮ કોચની વંદેભારત એક્સપ્રેસ ટ્રેનને વર્ચ્યુઅલ લીલી ઝંડી બતાવીને રવાના કરી હતી. આ ઉપરાંત પીએમ મોદી દ્વારા વર્ચ્યુલી વૈશાલીમાં નવી રેલવે લાઈનનું લોકાર્પણ કરવામાં આવ્યુ. મહત્વનું છે કે બિહાર વિધાનસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે છેલ્લા ૩ અઠવાડિયામાં પીએમ મોદીનો આ બીજીવાર બિહાર પ્રવાસ છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના-શહેરી ૨.૦ હેઠળ ૫૩૬૬૬ નવા મકાનોની મંજૂરી બાદ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સિવાનમાં જાહેર સભામાંથી આ લાભાર્થીઓના ખાતામાં ૫૩૬ કરોડ રૂપિયાની રકમ ટ્રાન્સફર કરી.. ઉપરાંત, આ યોજના હેઠળ, ૬૬૮૪ લાભાર્થીઓને ગૃહ પ્રવેશ આપવામાં આવ્યો અને ૫ લાભાર્થીઓને ચાવીઓ સોંપવામાં આવી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ટૂંક સમયમાં સિવાન જાહેર સભાથી પટનાના પાટલીપુત્રથી યુપીના ગોરખપુર સુધીની નવી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી બતાવી.

### ઈઝરાયલ સાથે યુદ્ધ વચ્ચે ઈરાને ૧ હજાર ભારતીય વિદ્યાર્થીઓ માટે એરસ્પેસ ખોલ્યો

। (એજન્સી) તેહરાન, તા.૨૦ ।

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે છેલ્લા ૮ દિવસ સૈન્ય સંઘર્ષ ચાલી રહ્યું છે. એવામાં ભારતે બંને દેશોમાંથી પોતાના નાગરિકોને રેસ્ક્યૂ કરવા માટે ઓપરેશન સિંધુ શરૂ કર્યું છે. આજે ઈરાને ભારતીય નાગરિકોની મદદ માટે પોતાનું એરસ્પેસ ખોલવાની મંજૂરી આપી છે. ઈઝરાયલ અને ઈરાન વચ્ચે મિસાઈલ અને ડ્રોન હુમલાઓ થઈ રહ્યા હોવાથી ઈરાને પોતાનો એરસ્પેસ (હવાઈ ક્ષેત્ર) બંધ કર્યો હતો. જોકે ભારતના ૧ હજાર વિદ્યાર્થીઓ માટે એરસ્પેસ ખોલવામાં આવ્યો છે. ભારતે ઈરાનમાંથી પોતાના નાગરિકોને બચાવવા માટે ઓપરેશન સિંધુ હાથ ધર્યું હતું. જેના ભાગરૂપે ભારતીય એમ્બેસી દક્ષિણ ઈરાનમાંથી ૧૧૦ ભારતીય વિદ્યાર્થીઓને સુરક્ષિત પાછા લાવવામાં સફળ રહી છે. જેમાં મોટાભાગના વિદ્યાર્થીઓ કાશ્મીરી હતાં. ઈરાને માત્ર ભારત માટે પોતાની એરસ્પેસ ખુલ્લો મુક્યો છે. આજે રાત્રે તેહરાનના મશાદથી ૧૦૦૦ વિદ્યાર્થીઓ દિલ્હી પરત ફરશે. ઈરાનના આ પગલાંથી તેહરાનમાં ફસાયેલા વિદ્યાર્થીઓની વાપસી સુનિશ્ચિત થઈ છે. પહેલી ફ્લાઈટ આજે રાત્રે લગભગ ૧૧ વાગ્યે દિલ્હી પહોંચશે. બીજી અને ત્રીજી ફ્લાઈટ શનિવારે આવશે.

### બોલેરો કાર પુરુલિયાથી બલરામપુર જઈ રહી હતી

# પ.બંગાળના પુરુલિયા-જમશેદપુર નેશનલ હાઈવે પર ભીષણ અકસ્માત

## પોલીસે જણાવ્યું કે ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને સ્થાનિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરે ૯ લોકોને મૃત જાહેર કર્યા હતા

। (એજન્સી) બેંગલુરુ, તા.૨૦ ।

બેંગલુરુથી સુરત જઈ રહેલી એર ઈન્ડિયાની એક ફ્લાઈટની ઘટના સામે આવી છે. જેમાં એક મહિલા મુસાફરે સામાન સાથે લઈ જવાને લઈને હોબાળો મચાવ્યો હતો.

આ દરમિયાન ક્રુ મેમ્બરે બેગ રાખવાની ના પાડી તો મહિલાએ પ્લેન ક્રેશ કરાવી દેવાની ધમકી આપી હતી. આ પછી ફ્લાઈટના કેપ્ટને એલર્ટ જાહેર કરતાં મહિલા ડૉક્ટરની ધરપકડ કરી લેવામાં



આવી હતી. સમગ્ર હોબાળાને લઈને ફ્લાઈટને બે કલાક મોડું થયું હતું. આ ઘટના ૧૭ જૂન, ૨૦૨૫ના મંગળવારની હોવાનું સામે આવ્યું છે. વ્યાસ હિરલ મોહનભાઈ નામની મહિલા ડૉક્ટર એર ઈન્ડિયાની ફ્લાઈટમાં બેંગલુરુથી સુરત જઈ રહી હતી. જેમાં મહિલા ચેક-ઈન કાઉન્ટર ન પહોંચી અને પોતાની બે બેગ લઈને સીધી ફ્લાઈટમાં પહોંચી હતી. આ પછી મહિલા વિમાનમાં બંને બેગ લઈ જવાની જીદ કરવા લાગી હતી. જેમાં મહિલા પોતાનું એક બેગ ક્રુ કેબિન પાસે મુકીને બીજું બેગ પોતાની સીટ 20F પાસે લઈ ગઈ હતી. જ્યારે ક્રુએ મહિલાને બેગને સીટની ઉપરના કમ્પાર્ટમેન્ટમાં રાખવાનું કહ્યું તો મહિલાએ ના પાડી હતી.

### એર ઈન્ડિયાએ ૮ ફ્લાઈટ રદ કરી, જેમાં ૪ ઈન્ટરનેશનલ

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૦ ।

અમદાવાદ પ્લેન ક્રેશ બાદ ભારતીય એરલાઈન્સ સુરક્ષા મામલે અત્યંત સજાગ બની છે. સુરક્ષા અને પ્રતિબંધોને ધ્યાનમાં લેતાં એર ઈન્ડિયાએ આજે આઠ ફ્લાઈટ રદ કરી છે. જેમાં ચાર ઈન્ટરનેશનલ ફ્લાઈટ અને ૪ ડોમેસ્ટિક ફ્લાઈટ સામેલ છે. રદ કરવામાં આવેલી ફ્લાઈટ્સ ચેન્નઈ, દિલ્હી, દુબઈ, મેલબર્ન, પુણે, અમદાવાદ, હૈદરાબાદ, અને મુંબઈથી ઉડાન ભરવાની હતી. આ ફ્લાઈટ કેન્સલ થતાં મુસાફરોને હાલાકીનો સામનો કરવો પડ્યો છે.

### એર ઈન્ડિયાની એક ફ્લાઈટની ઘટના સામે આવી

# બેંગલુરૂથી સુરત આવી રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટમાં મહિલાનો હોબાળો

## મહિલા ચેક-ઈન કાઉન્ટર ન પહોંચી અને પોતાની બે બેગ લઈને સીધી ફ્લાઈટમાં પહોંચી હતી, આ પછી મહિલા વિમાનમાં બંને બેગ લઈ જવાની જીદ કરવા લાગી

। (એજન્સી) બેંગલુરુ, તા.૨૦ ।

બેંગલુરુથી સુરત જઈ રહેલી એર ઈન્ડિયાની એક ફ્લાઈટની ઘટના સામે આવી છે. જેમાં એક મહિલા મુસાફરે સામાન સાથે લઈ જવાને લઈને હોબાળો મચાવ્યો હતો. આ દરમિયાન ક્રુ મેમ્બરે બેગ રાખવાની ના પાડી તો મહિલાએ પ્લેન ક્રેશ કરાવી દેવાની ધમકી આપી હતી. આ પછી ફ્લાઈટના કેપ્ટને એલર્ટ જાહેર કરતાં મહિલા ડૉક્ટરની ધરપકડ કરી લેવામાં



આવી હતી. સમગ્ર હોબાળાને લઈને ફ્લાઈટને બે કલાક મોડું થયું હતું. આ ઘટના ૧૭ જૂન, ૨૦૨૫ના મંગળવારની હોવાનું સામે આવ્યું છે. વ્યાસ હિરલ મોહનભાઈ નામની મહિલા ડૉક્ટર એર ઈન્ડિયાની ફ્લાઈટમાં બેંગલુરુથી સુરત જઈ રહી હતી. જેમાં મહિલા ચેક-ઈન કાઉન્ટર ન પહોંચી અને પોતાની બે બેગ લઈને સીધી ફ્લાઈટમાં પહોંચી હતી. આ પછી મહિલા વિમાનમાં બંને બેગ લઈ જવાની જીદ કરવા લાગી હતી. જેમાં મહિલા પોતાનું એક બેગ ક્રુ કેબિન પાસે મુકીને બીજું બેગ પોતાની સીટ 20F પાસે લઈ ગઈ હતી. જ્યારે ક્રુએ મહિલાને બેગને સીટની ઉપરના કમ્પાર્ટમેન્ટમાં રાખવાનું કહ્યું તો મહિલાએ ના પાડી હતી.

### આંબેડકરનું અપમાન કરવાના વિવાદ

# તસવીર પગ પાસે રાખી બાબા સાહેબનું અપમાન કર્યું, PM મોદીનો લાલુ યાદવ પર પ્રહાર

। (એજન્સી) બિહાર, તા.૨૦ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે બિહારના સિવાન શહેરની મુલાકાતે પહોંચ્યા છે. અહીં તેમણે પ્રજાને સંબોધન કરી રાષ્ટ્રીય જનતા દળ પર બાબા સાહેબ આંબેડકરનું અપમાન કરવાનો આક્ષેપ કર્યો છે. તેમણે કહ્યું કે, આરજેડીએ બાબા સાહેબ સાથે કેવો વ્યવહાર કર્યો, તે તમામે જોયો છે. આરજેડીના લોકો બાબા સાહેબની તસવીર પગમાં રાખે છે. બિહારના લોકો આ અપમાનને ક્યારેય ભૂલી નહીં શકે. વડાપ્રધાન મોદીએ આંબેડકરનું અપમાન કરવાના વિવાદ મુદ્દે લાલુ યાદવ પર આકરા પ્રહારો કરી કહ્યું કે, 'તમામ લોકોએ જોયું કે, આરજેડીએ બાબા સાહેબ ડૉ. ભીમરાવ આંબેડકર સાથે કેવો વ્યવહાર કર્યો. તેમની તસવીરોને પગમાં રાખવામાં આવી, જે હડહડતું અપમાન છે. આરજેડી દલિતો અને પછાત વર્ગના નામે રાજકારણ રમે છે, જ્યારે સન્માનની વાત આવે છે, ત્યારે બાબાસાહેબને પણ છોડતાં નથી. આરજેડીના લોકો બાબા સાહેબની તસવીર પગમાં રાખે છે.

### કાંકેર જંગલમાં ઓપરેશન યથાવત

# છત્તીસગઢમાં સુરક્ષાદળ અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ

। (એજન્સી) છત્તીસગઢ, તા.૨૦ ।

છત્તીસગઢમાં સુરક્ષાદળ અને નક્સલવાદી વચ્ચે થયેલી અથડામણમાં ૨ નક્સલીઓ ઠાર થયા છે. કાંકેર જિલ્લામાં છોટેબઠિયાના જંગલમાં સુરક્ષાદળ સાથે થયેલી ટક્કરમાં નક્સલીઓ ઠાર થયા છે. જેમાં એક મહિલાનો સમાવેશ થાય છેય પોલીસ અધિકારી ઈદિરા કલ્યાણ એલિલેસાએ આ માહિતી આપી છે. કહેવામાં આવી રહ્યુ છે કે અથડામણ હજુ યથાવત છે. બંને બાજુથી ધડાધડ ફાયરીંગ થઈ રહ્યુ છે. સમગ્ર વિસ્તારને ઘેરી લેવામાં આવ્યો છે. ડીઆરજી અને બીએસએફની સંયુક્ત પાર્ટી સર્ચ ઓપરેશનમાં જોડાઈ છે. એક વર્દી પહેરેલી નક્સલી મહિલાનો મૃતદેહ મળી આવ્યો છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની જાહેરાત બાદ બસ્તરમાં નક્સલવાદનો સફાયો કરવા માટે સૈનિકોની સતત કાર્યવાહી ચાલુ છે. માર્ચ ૨૦૨૪ થી ચાલી રહેલા નક્સલી ઓપરેશનમાં, અત્યાર સુધીમાં એટલે કે ૧૪ મહિનામાં, ઘણા નક્સલી એક્રાઉન્ટર થયા છે. અત્યાર સુધીમાં ૪૦૦ નક્સલીઓ માર્યા ગયા છે. જોકે, આ આંકડા પણ વધી શકે છે. ૨૦૨૪ માં, પોલીસ-નક્સલી એક્રાઉન્ટરમાં કુલ ૨૪૭ નક્સલીઓ માર્યા ગયા હતા, જેમાંથી કુલ ૨૨૩ નક્સલીઓના મૃતદેહ મળી આવ્યા હતા. તે જ સમયે, નારાયણ પુરના અબુઝહમાડમાં નક્સલી એક્રાઉન્ટરમાં, ૧ કરોડનું ઈનામ ધરાવતો નક્સલી માર્યો ગયો હતો. આ રીતે, સૈનિકોએ નક્સલીઓની કમર તોડી નાખી છે.

### પ્રોટોકોલ દર્શન પર સંપૂર્ણ પ્રતિબંધ

# સુપ્રસિદ્ધ કાશી વિશ્વનાથ મંદિરમાં શ્રાવણને લઇને તડામાર તૈયારી

। (એજન્સી) વારાણસી, તા.૨૦ ।

ઉત્તર ભારતમાં આપણા ગુજરાત કરતા ૧૫ દિવસ પહેલા પવિત્ર શ્રાવણની શરૂઆત થઈ રહી છે. શ્રાવણ ૧૧ જુલાઈથી શરૂ થઈ રહ્યો છે. ઉત્તર પ્રદેશના વારાણસીમાં શ્રી કાશી વિશ્વનાથ ધામ સ્થિત બોર્ડ રૂમમાં શ્રાવણની તૈયારીઓ અંગે વહીવટીતંત્રે એક બેઠક યોજી હતી.

બેઠકમાં ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા. બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે આ વખતે શ્રાવણમાં તમામ પ્રકારના પ્રોટોકોલ દર્શન પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. કાશીના લોકોને સવારે ચારથી પાંચ અને સાંજે ચારથી પાંચ વાગ્યા સુધી ઝાંખી દર્શનની સુવિધા મળશે, પરંતુ શ્રાવણના સોમવારે અને શ્રાવણ દરમિયાન અન્ય તહેવારોમાં આ સુવિધા લાગુ પડશે નહીં. મહાકુંભની જેમ, શ્રાવણ અંગે ભક્તો માટે ખાસ અપીલ જાહેર કરવા મંદિર વહીવટીતંત્રને સૂચના આપવામાં આવી છે. ભક્તોએ ખાલી પેટે લાઈનમાં ન ઉભા રહેવું જોઈએ, કારણ કે વધુ ભીડને કારણે દર્શનમાં પ્રમાણમાં વધુ સમય લાગી શકે છે.

## ગીરા ધોધ બન્યો જોખમી, ૨૦ ગામ સંપર્કવિહોણા બન્યા

। (એજન્સી) ડાંગ, તા.૨૦ ।

છેલ્લા બે દિવસથી ડાંગ જિલ્લામાં અવિરત અને ભારે વરસાદ વરસી રહ્યો છે, જેના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. જિલ્લાની ઓળખ સમાન ગીરાધોધ પોતાના અસલ મિજાજમાં વહી રહ્યો છે અને તેનો રમણીય નજારો પ્રવાસીઓને આકર્ષી રહ્યો છે. જોકે, તંત્ર દ્વારા પ્રવાસીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ગીરાધોધ પાસે જવાની મનાઈ ફરમાવતો હુકમ જાહેર કરવામાં આવ્યો છે. ભારે વરસાદના કારણે ડાંગ જિલ્લાની મુખ્ય નદીઓ જેવી કે અંબિકા, પૂર્ણા, ગીરા અને ખાપરીમાં ઘોડાપૂર આવ્યું છે. નદીઓમાં પાણી ભયજનક સપાટી વટાવી રહી છે, જેના પરિણામે અનેક કોઝવે ઉપર પાણી ફરી વળ્યા છે. અનેક કોઝવે પાણીમાં ગરકાવ થતાં વાહન વ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો છે. જિલ્લામાં કોઝવે ઉપર પાણી ફરી વળવાને કારણે ૨૦થી વધુ ગામો સંપર્ક વિહોણા બન્યા છે અને તેમનો બહારની દુનિયા સાથેનો સંપર્ક કપાઈ ગયો છે. આ ઉપરાંત, સાપુતારા-વઘઈ મુખ્ય માર્ગ ઉપર પણ ઠેર-ઠેર ભેખડો ધસી પડવાના બનાવો બન્યા છે, જેના કારણે માર્ગ પર અવરજવર જોખમી બની છે. સ્થાનિક તંત્ર દ્વારા માર્ગો પરથી ભેખડો હટાવવાની કામગીરી ચાલી રહી છે, પરંતુ સતત વરસાદને કારણે કામગીરીમાં અવરોધ આવી રહ્યો છે. આ બધાની વચ્ચે, અંબિકા નદી પરના સુસરદા કોઝવે પરથી ગ્રામજનો જીવના જોખમે નદી પસાર કરી રહ્યા હોવાનો એક વીડિયો વાયરલ થયો છે.

## સુરતમાં રૂટ નં. ૨૨ની BRTS બસમાં લોકો છત્રી ખુલ્લી રાખવા મજબૂર બન્યા

। (એજન્સી) સુરત, તા.૨૦ ।

સુરત BRTS બસમાં વરસાદી પાણી ટપકતા લોકોને હાલાકી ભોગવવાનો હારો આવ્યો હતો. સરથાણાથી કોસાડ જતી બસનો વીડિયો વાયરલ થયો છે. પેસેન્જરો બસમાં છત્રી ખુલ્લી રાખવા મજબૂર બન્યા હતા. BRTS બસમાં પેસેન્જરો વરસાદી પાણીથી પલળ્યા હતા. આ બસની છતમાંથી પાણી પડતાનો વીડિયો બસમાં બેસેલા લોકો દ્વારા ઉતારવામાં આવ્યો છે. સુરતની ૨૨નંબર રૂટ સરથાણા થી કોસાડ જતી બીઆરટીએસનો વીડિયો વાયરલ થયો છે. આ બસની છતમાંથી પાણી પડતાનો વીડિયો બસમાં બેસેલા લોકો દ્વારા ઉતારવામાં આવ્યો છે. પેસેન્જરો બસમાં છત્રી ખુલ્લી રાખવા મજબૂર બન્યા હતા. આ સરથાણાથી કોસાડ જતી બસનો વીડિયો હોવાનું કહેવાય રહ્યું છે. લોકોએ કહ્યુ કે સુરત પાલિકા અહીંયા પણ ધ્યાન આપજો.સરથાણા થી કોસાડ જતી BRTSમાં પાણી ટપકવાનો વીડિયો લોકો દ્વારા ઉતારવામાં આવ્યો છે. ચાલુ વરસાદમાં બસમાં પાણી પડતા લોકોને બસમાં પણ છત્રી ખોલવાના દિવસો આવી ગયા હોય તેવું લાગી રહ્યું છે. BRTS બસમાં પેસેન્જરો વરસાદી પાણીથી પલળ્યા હતા.

### વિશ્વ યોગ દિવસ

# અમદાવાદ જિલ્લાની શાળાઓમાં નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, યોગ જાગૃતિ રેલી અને વાલી સંમેલન થકી યોગ દિવસની ઉજવણી

### અમદાવાદ ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી હસ્તકની શાળાઓમાં યોગ દિવસ ઉજવાયો

। અમદાવાદ, તા.૨૦ ।

સમગ્ર વિશ્વમાં ૨૧મી જૂનના દિવસને યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. યોગને રોજિંદી જીવન શૈલીનો ભાગ બનાવીને નિયમિત યોગ દ્વારા નિરોગી જીવન જીવી શકાય છે. આથી વિશ્વ યોગ દિવસની ઉજવણી થકી લોકોને યોગ પ્રત્યે જાગૃત કરવામાં આવે છે.

અમદાવાદ ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી હસ્તકની શાળાઓમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. અમદાવાદ ગ્રામ્ય જિલ્લાની ૫૮૬ જેટલી શાળાઓમાં અનેકવિધ કાર્યક્રમો થકી વિદ્યાર્થીઓને યોગ અપનાવવા અને યોગના લાભો સંદર્ભે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. વિવિધ






શાળાઓમાં યોજાયેલી નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, યોગ જાગૃતિ રેલી અને વાલી સંમેલનમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિવિધ શાળાઓમાં બાળકોને યોગ આસનો પ્રસ્તુત કર્યા હતા તથા વિવિધ શાળાઓમાં વિદ્યાર્થીઓને વિવિધ યોગ આસનો શીખવવામાં પણ આવ્યા હતા. 'યોગ ભગાડે રોગ'ના સૂત્ર સાથે વિવિધ ગામોમાં વિદ્યાર્થીઓએ યોગના ફાયદાઓ સંબંધિત બેનરો અને સૂત્રોચ્ચારો દ્વારા ગ્રામજનોને યોગ અપનાવવા અનુરોધ કર્યો હતો.

### ભગવાન જગન્નાથજીની ૧૪૮મી રથયાત્રા

# અમદાવાદમાં યોજાનાર ભગવાન જગન્નાથજીની રથયાત્રાના રૂટનું નિરીક્ષણ કરતાં શહેરનાં મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈન

### મ્યુનિ.કોર્પોરેશનના પદાધિકારીઓ તથા અધિકારીઓ પણ રૂટ નિરીક્ષણમાં જોડાયા

। અમદાવાદ, તા.૨૦ ।

અમદાવાદમાં આગામી ૨૭મી જૂને ભગવાન જગન્નાથજીની ૧૪૮મી રથયાત્રા યોજાનાર છે જે જમાલપુર જગન્નાથજીના મંદિરથી પ્રસ્થાન થઈ સરસપુર ખાતે આવેલ મોસાળ જઈ સાંજે નિજમંદિર પરત ફરશે જેમાં દરવર્ષની જેમ આ વર્ષે પણ મોટી સંખ્યામાં ભક્તો ઉત્સાહભેર જોડાશે. ત્યારે શહેરનાં મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈન તથા મ્યુનિ. કોર્પોરેશનના પદાધિકારીઓ અને અધિકારીઓ દ્વારા રથયાત્રાના રૂટનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

રથયાત્રા રૂટના નિરીક્ષણ વખતે મેયરશ્રી દ્વારા ઈજનેર વિભાગ, એસ્ટેટ વિભાગ તથા સોશિયલ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને જરૂરી સૂચનો કર્યા હતા. અત્રે ઉલ્લેનીય છે કે, રથયાત્રાના રૂટમાં ઈજનેર વિભાગ દ્વારા રોડને મીલીંગ કરીને હેવી પેચવર્ક તથા ફૂટપાથ





રિપેરિંગ કરી કલર કરવાની કામગીરી તથા જરૂરિયાત મુજબના રોડ લેવલ કરવાની કામગીરી કરવામાં આવી હતી. આ ઉપરાંત એસ્ટેટ વિભાગ દ્વારા દ્વારા મધ્યઝોનમાં ભયજનક મકાનો ઉતારી લેવાની કામગીરી કરાઈ હતી. જે અંતર્ગત ૫૨૫ જેટલા બાંધકામોને નોટિસ પણ આપવામાં આવી હતી. આ ઉપરાંત આજ દિન સુધી ૨૨ જેટલા ભયજનક બાંધકામો ઉતારી લેવામાં આવ્યા છે. રૂટ નિરીક્ષણ દરમિયાન ડેપ્યુટી મેયર શ્રી જતીનભાઈ પટેલ, સ્ટે.કમિટીના ચેરમેન શ્રી દેવાંગભાઈ દાણી તથા અન્ય પદાધિકારીઓ અને અધિકારીઓ, જગન્નાથજી મંદિરના ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ પણ જોડાયા હતા.

# ખાણીપીણીના ધંધાર્થીઓએ ખાદ્ય ચીજ બનાવવા ક્યું તેલ, ઘી કે બટર વાપર્યુ છે તે દર્શાવવું પડશે

। (એજન્સી) વડોદરા, તા.૨૦ ।

વડોદરા શહેરમાં ખાણીપીણીના ધંધાર્થીઓને ખાદ્ય ચીજ બનાવવામા ક્યું તેલ, પનીર, બટર, ચીઝ વગેરે વાપર્યું છે તે ગ્રાહકો સ્પષ્ટ વાંચી શકે તે રીતે પોતાને ત્યાં લખીને મૂકવું પડશે. જો નહીં મૂકે તો દુકાનદારની સામે ફૂડ સેફટી એક્ટ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગના ફૂડ સેફટી ઓફિસરોની ટીમો દ્વારા શહેરમાં હોટેલો, રેસ્ટોરન્ટ, ઢાબા, ભોજનાલય, ખાણીપીણીની લારીઓ, નાસ્તાની દુકાનો, ફરસાણની દુકાનો વગેરે સ્થળે ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ મુજબ દુકાનદારો અને વેપારીઓ આ નિયમનું પાલન કરે છે કે નહીં તેનું ચેકિંગ કરશે. જો વેપારીએ બોર્ડ નહીં મૂક્યું હોય તો તેને સમજાવીને પંદર દિવસનો સમય આપવામાં આવશે. આમ છતાં પણ તે નહીં માને તો તેની સામે કાર્યવાહી થશે, તેમ કોર્પોરેશનના અધિક આરોગ્ય અમલદાર અને ડેઝિગ્નેટેડ ઓફિસર ડો.મુકેશ વૈદ્ય જણાવ્યું હતું. લોકો ખાવા પીવાની વસ્તુઓ કયા તેલમાંથી બનાવી છે તે જાણી શકશે. જેમકે પનીર બટર મસાલા, બટર પાવભાજી વગેરેમાં પનીર કે બટર જ વાપર્યું છે તે દર્શાવવું પડશે. ચીઝની કોઈ આઈટમ હોય તો તેમાં ચીઝનું પણ દર્શાવવું પડશે. ફરસાણ સિંગતેલ, પામોલીન, કપાસીયા વગેરે કયા તેલમાંથી બનાવ્યું છે તે બોર્ડ ઉપર લખવું પડશે.

સેન્ડવીચ, પાવભાજી, વડાપાંવ, રોટી વગેરે ઉપર લગાડવામાં આવતા ઘી, બટર, ટેબલ માર્ગેરીન, ફેટ સ્પ્રેડમાંથી કયું વાપર્યું છે તે પણ દર્શાવવું પડશે. ખોરાક શાખા દ્વારા કઈ રીતે આ લખવું તેનું ફોર્મેટ પણ દુકાનદારો અને ધંધાર્થીઓને આપ્યું છે. બોર્ડમાં લખ્યા મુજબની વસ્તુ વાપરી છે કે કેમ તેના પણ નમૂના લઈ ચેકિંગ કરાશે.

## ચોમાસું બેસી જતા પાંચ જ દિવસમાં રાજ્યની વીજ માગમાં ૭૦૦૦ મેગાવોટ જેટલો ઘટાડો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

રાજ્યમાં ચોમાસું બેસી ગયું છે. રાજ્યના ઘણા જિલ્લાઓમાં શરુઆતથી જ મેઘરાજા ધમાકેદાર બેટિંગ કરી રહ્યા હોવાથી લોકોને કાળઝાળ ગરમીમાંથી પણ રાહત મળી ગઈ છે. તેની સાથે રાજ્યની વીજ માગમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. જેના કારણે વીજ કંપનીઓ પરનું ભારણ પણ ઘટયું છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ચોમાસાના આગમન બાદ તા.૧૭ જૂનના રોજ રાજ્યની વીજ માગ ૧૭૦૦૦ મેગાવોટ જેટલી નોંધાઈ હતી. તેના પહેલા તા.૧૨ જૂનના રોજ વીજ માગ ૨૬૦૦૦ મેગાવોટ જેટલી હતી. એ પછી વરસાદી માહોલના પગલે વીજ માગમાં ઘટાડો થવા માડયો હતો. આમ પાંચ જ દિવસમાં વીજ માગમાં ૯૦૦૦ મેગાવોટ જેટલો ઘટાડો થયો છે. ખાસ કરીને કૃષિ ક્ષેત્રની વીજ માગ ઘટી ગઈ છે.

### નવીન GIDCમાં આવેલ તળાવમાં આ ઘટના બની

# વાઘોડિયામાં આવેલા તળાવમાં યુવકનું ડૂબી જવાથી મોત થયુ

### બનેવી પ્રતીક પટેલ અને તેમના સાળા રવિન્દ્ર વસાવા તળાવ પાસે બેઠા હતા આ દરમિયાન તેઓ ન્હાવા માટે તળાવમાં પડ્યા હતા

। (એજન્સી) વડોદરા, તા.૨૦ ।

વડોદરાના વાઘોડિયામાં આવેલા તળાવમાં યુવકનું ડૂબી જવાથી મોત થયુ છે. નવીન GIDCમાં આવેલ તળાવમાં આ ઘટના બની છે. મૃતક યુવકનું નામ પ્રતિક પટેલ હોવાનું સામે આવ્યુ છે. વાઘોડિયા પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. પ્રતિકનો મૃતદેહ તળાવમાંથી બહાર કાઢવામાં આવ્યો છે. અને તેને હૉસ્પિટલ ખસેડાયો છે. બનેવી પ્રતીક પટેલ અને તેમના સાળા રવિન્દ્ર વસાવા તળાવ પાસે બેઠા હતા. આ દરમિયાન તેઓ ન્હાવા માટે તળાવમાં પડ્યા હતા. જે દરમિયાન આ ઘટના બની હતી. એક તરફ, વરસાદે સમગ્ર રાજ્યમાં કહેર વરસાવ્યો છે. તો બીજી તરફ, યુવકના મોતે વડોદરામાં ચર્ચા જગાવી છે. વાઘોડિયાની નવીન GIDCમાં આવેલા તળાવમાં યુવક ન્હાવા પડ્યાં હતા. આ યુવક બનેવી અને સાળાનો સંબંધ ધરાવતા હતા. તળાવમાં ન્હાવા પડ્યા બાદ એક યુવકનું મોત નિપજ્યુ હતુ. આ મોત માટેનું કારણ અકબંધ છે. ઘટનાની જાણ થતા ફાયર ફાઈટરો ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા. અને મૃતકને તળાવમાંથી બહાર કાઢવા માટે પ્રયત્નો હાથ ધર્યા હતા. જે બાદ મૃતદેહને બહાર કાઢવામાં આવ્યો હતો. અને પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે મૃતદેહને હૉસ્પિટલમાં ખસેડ્યો હતો. અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. વડોદરાના વાઘોડિયામાં આવેલી જીઆઈડીસીના તળાવમાં બનેલી ઘટનાએ સૌ કોઈને આશ્ચર્યચકિત કર્યા છે. વરસાદી માહોલમાં પાણીની સપ ાટીમાં વધારો નોંધાતો હોય છે. ત્યારે તળાવ, નદી, જળાશયો અને ડેમથી દૂર રહેવું જ હિતાવહ હોય છે. જો આ તકેદારી રાખવામાં આવે તો જીવ બચાવવું સરળ થઈ જાય છે.

### ૩૦૦થી વધુ સ્થાનિકોએ સુરત મનપાની ટીમનો ઘેરાવ કર્યો

# કતારગામ ઝોનમાં સોસાયટી બહાર વિરોધના બોર્ડ લાગ્યા

### ત્રણેય સોસાયટીનાં રહેવાસીઓ દ્વારા મહાનગર પાલિકાએ મનસ્વી રીતે રિઝર્વેશન મુકવામાં આવ્યું હોવાના આક્ષેપ સાથે વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે

। (એજન્સી) સુરત, તા.૨૦ ।

સુરતના કતારગામ ઝોનમાં ગોપીનાથ સોસાયટીની વાડી સહિત ઈશ્વર નગર સોસાયટી અને શ્રીજી નગરનાં સી.ઓ.પી. પર મહાનગર પાલિકા દ્વારા રિઝર્વેશનની ઘટનાને પગલે ભારે વિરોધનો જુવાળ ઉભો થયો છે. ત્રણેય સોસાયટીનાં રહેવાસીઓ દ્વારા મહાનગર પાલિકાએ મનસ્વી રીતે રિઝર્વેશન મુકવામાં આવ્યું હોવાના આક્ષેપ સાથે વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે. આ સ્થિતિમાં આજે શ્રીજી નગર સોસાયટીમાં પ્લોટનો કબ્જો લેવા માટે પહોંચેલી મનપાની ટીમનો ૩૦૦થી વધુ નાગરિકો દ્વારા ઘેરાવ કરતાં વાતાવરણ તંગ બન્યું હતું. જેને પગલે પાલિકા ની ટીમ નાછટૂકે કબ્જો લીધા વિના પરત ફરી હતી અને હવે આગામી દિવસોમાં પોલીસ બંદોબસ્ત સાથે કબ્જો લેવામાં આવે તેવી સ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે.

કતારગામમાં ૨૦૨૧માં ટાઉન પ્લાનિંગ સ્કીમનાં અમલીકરણ દરમિયાન ત્રણ અલગ-અલગ સોસાયટીઓમાં વાડી અને સીઓપી પર રિઝર્વેશન મુકવામાં આવ્યું હતું. આ ઘટનાનો જે તે સમયથી જ સ્થાનિકો દ્વારા વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે. આ દરમિયાન ગઈકાલે ગોપીનાથ અને ઈશ્વરનગર સોસાયટી બાદ આજે શ્રીજી નગર સોસાયટીમાં પ્લોટનો કબ્જો લેવા પહોંચેલી પાલિકાની ટીમને વિરોધનો સામનો કરવાનો વારો આવ્યો હતો. સીઓપીનો કબ્જો લેવા પહોંચેલી પાલિકાની ટીમના આગમનની જાણ સોસાયટીનાં રહેવાસીઓને થતાં જોત જોતામાં જ ૩૦૦થી વધુ નાગરિકોએ મેઈન ગેટ પર ઘેરાવ કરી લીધો હતો અને મનપાની ટીમ વિરૂદ્ધ સૂત્રોચ્ચાર સાથે ઘર્ષણની સ્થિતિ ઉદ્ભવી હતી. આ સ્થિતિને પગલે પાલિકાની ટીમ વધુ એક વખત પ્લોટનો કબ્જો લીધા વિના પરત ફરી હતી.

## વિશેષ

### ૪૫ મિનિટના કોમન યોગ પ્રોટોકોલ વિશે એ બધું જ, જે તમે જાણવા માગો છો

# ૨૧ જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા તૈયાર કરાયો કોમન યોગ પ્રોટોકોલ

। ગાંધીનગર ।

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસ અને વસુધૈવ કુટુંબકમની ભાવનાથી સમગ્ર વિશ્વ તા. ૨૧ જૂને આ વર્ષે ૧૧મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ મનાવશે. આ દિવસની ઉજવણી સમગ્ર વિશ્વમાં એક સમાન આસનો, પ્રાણાયામ અને સૂક્ષ્મ વ્યાયામથી થાય, તે માટે ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા ૪૫ મિનિટનો અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવ્યો છે, જે કોમન યોગ પ્રોટોકોલ તરીકે જાણીતો બન્યો છે. જેમાં નાગરિકોના તંદુરસ્ત સ્વાસ્થ્ય પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. સમગ્ર વિશ્વ ૨૧ મી જૂને સામાન્ય યોગ અભ્યાસક્રમ (કોમન યોગ પ્રોટોકોલ) કરશે ત્યારે આ પ્રોટોકોલમાં શું છે? તેનાથી શુ ફાયદો થશે અને કયારે સૂક્ષ્મ વ્યાયામ કરવા, આસન કયારે કરવા અને પ્રાણાયામ તેમજ ધ્યાન, શાંતિ પાઠ અને સંકલ્પ કયારે કરવો, તે જાણવુ દરેક નાગરિક માટે ઉપયોગી છે.

કોમન યોગ પ્રોટોકોલના મુખ્ય ઘટકોમાં સૌ પ્રથમ સંગઠન મંત્રના ઉચ્ચારથી શરૂઆત કરવામાં આવે છે. ત્યારબાદ સૂક્ષ્મ વ્યાયામ, આસન, શવાસન, પ્રાણાયામ, ધ્યાન, શાંતિ પાઠ અને સંકલ્પ કરવામાં આવે છે. જેની વિસ્તૃત વિગત જોઈએ તો, સૂક્ષ્મ વ્યાયામમાં ગરદન, ખભા, કમર અને ઘૂંટણના સૂક્ષ્મ વ્યાયામ કરાવવામાં આવશે જેનાથી શરીરના સાંધા મજબૂત અને લચીલા બને છે. શરીરમાં રક્ત પ્રવાહ અને રક્ત પરિભ્રમણ તંત્ર સુધરે છે અને વધુ અસરકારક બને છે, જે શરીરમાં ઓક્સિજન પહોંચાડી મગજને આરામ આપે છે સાથે ચેતાતંત્ર (નર્વસ સિસ્ટમ)ને પણ સુધારે છે. લાંબા સમય સુધી બેસીને કાર્ય કરતા લોકોને આનાથી અનેક ગણા ફાયદા થાય છે. વૃદ્ધ અને નબળા લોકો માટે આ એક સંપૂર્ણ અને ઉપયોગી વ્યાયામ છે જેનાથી તેઓને આસન દરમિયાન હળવાશ અને આરામની અનુભૂતિ થાય છે. ત્યારબાદ આસનો કરાવવામાં આવશે, આસનોમાં




જોઈએ તો, ઊભા રહીને, બેસીને, ઊંધા અને સીધા સૂઈને કરવાના આસનો કરાવવામાં આવશે, જેમાં તાડાસન વૃક્ષાસન, ભૂજંગાસન, પાદ હસ્તાસન, પવન મુક્તાસન વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ આસાનોથી શરીર મજબૂત બને છે. સાંધા, હૃદય અને ફેફસા મજબૂત બને છે. વજન નિયંત્રણમાં રહે છે. ચરબી ઓછી થાય છે, હોર્મોન્સનું બેલેન્સ જળવાઈ રહે છે. મેટાબોલિઝમ સિસ્ટમ પણ સુધરે છે અને વજન ઘટાડવામાં મદદરૂપ થાય છે. માનસિક શાંતિ અને એકાગ્રતા પણ વધે છે. ચિંતા દૂર થાય છે અને નિંદ્રામાં પણ સુધારો થાય છે. તાડાસન ઊંચાઈ વધારવા માટે ખૂબ લાભદાયી આસન છે. વૃક્ષાસન સંતુલન અને એકાગ્રતા માટે, ભૂજંગાસન પીઠના દુખાવા માટે ઉત્તમ છે અને પવન મુક્તાસન વાયુ સમસ્યા અને પાચનક્રિયા માટે ઉપયોગી છે. શવાસનથી તણાવ દૂર થાય છે. સેતુબંધ આસન થાઈરોડ, હૃદય અને રક્ત પ્રવાહ માટે લાભકારી છે. ત્યારબાદ પ્રાણાયામ સત્રનો અભ્યાસ કરવામાં આવશે, જેમાં ભ્રસ્તિકા, કપાલભાતિ, અનુલોમ વિલોમ, શીતલી અને ભ્રામરી પ્રાણાયામ અને ધ્યાન કરાવવામાં આવશે. પ્રાણાયામથી ફેફસાંની ક્ષમતા વધે છે, હૃદય અને રક્ત સંચાર સુધરે છે. પાચન તંત્ર અને રોગ પ્રતિકારક શક્તિ મજબૂત બને છે. ચિંતા, ડિપ્રેશનમાં ઘટાડો થાય છે, મન શાંત થાય છે, ધ્યાન કેન્દ્રિત કરવામાં સહાય કરે છે અને અનિંદ્રા દૂર થાય છે. મગજમાં સેરોટોનીન (સુખદ હોર્મોન્સ)નું સ્તર વધે છે. ધ્યાન એ યોગનો ઊંડો અને શાંતિદાયક અભ્યાસ છે, જેનાથી શરીર, મન અને આત્મા ત્રણે સ્તરને લાભ મળે છે. જો દરરોજ થોડો સમય ધ્યાન માટે કાઢવામાં આવે તો જીવનમાં ઊંડા અને સ્થાયી પરિવર્તનો લાવવામાં મદદરૂપ થાય છે. ચિંતા, ડિપ્રેશન મગજનો થાક, નકારાત્મક વિચારો, તણાવ દૂર કરવામાં મદદરૂપ થાય છે. એકાગ્રતા અને આધ્યાત્મિક શાંતિ મળે છે. વિદ્યાર્થી માટે ખૂબ જ લાભકારી છે. ગુસ્સો, ઈર્ષ્યા અને ડર જેવી નકારાત્મક લાગણીઓ ઓછી થાય છે અને આત્મવિશ્વાસમાં વધારો થાય છે. હાર્ટ એટેકનું જોખમ ઘટાડે છે.

૪૫ મિનિટના કોમન યોગ પ્રોટોકોલ અંગે વધુમાં જણીએ તો, પ્રારંભની ૧ મિનિટ પ્રાર્થના, ૬ મિનિટ સૂક્ષ્મ વ્યાયામ, ૨૫ મિનિટ યોગના આસનો અને ૧૨ મિનિટમાં પ્રાણાયામ, ધ્યાન અને સંકલ્પ કરવામાં આવશે, જ્યારે છેલ્લી એક મિનિટ શાંતિ મંત્રનો પાઠ કરવામાં આવશે. અમદાવાદ જિલ્લાના તમામ નાગરિકો તા. ૨૧ જૂને વિશ્વ યોગ દિવસની ઠેર ઠેર થનારી ઉજવણીનો મોટી સંખ્યામાં લાભ લે તો આપણો દેશ, રાજ્ય અને અમદાવાદ જિલ્લો ખરા અર્થમાં 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત' અભિયાનને ચરિતાર્થ કરશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## અમે કંઈ કરીએ તે પહેલા જ ભારતે એરબેઝ પર હુમલો કર્યો: પાકિસ્તાન

। (એજન્સી) પાકિસ્તાન, તા.૨૦ ।

ભારત-પાકિસ્તાન વચ્ચે તંગદિલી દરમિયાન ભારતીય સેનાના વિવિધ દાવાઓને નકારી રહેલી પાકિસ્તાન સરકાર હવે સત્યનો સ્વીકાર કરતી જોવા મળી છે. પાકિસ્તાનના નાયબ મુખ્યમંત્રી ઈશાક ડારે ખાતરી આપી છે કે, ભારતે ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનના રાવલપિંડીમાં નૂર ખાન એરબેઝ અને શોરકોટ એરબેઝ પર એરસ્ટ્રાઈક કરી હતી. ઓપરેશન સિંદૂરમાં ભારતના હુમલામાં થયેલા વિવિધ નુકસાનને ખોટા ઠેરવી રહેલા પાકિસ્તાને આ નિવેદન સાથે પોતે જ પોતાના જુઠાણાનો પર્દાફાશ કર્યો છે. ડારે એક મીડિયા ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, ઓપરેશન સિંદૂર બાદ પાકિસ્તાન ભારત પર હુમલો કરવાની તૈયારી કરી રહ્યું હતું, પરંતુ ભારતે ઝડપી કાર્યવાહી હાથ ધરી અમારા એરબેઝ પર હુમલો કર્યો હતો. ઉલ્લેખનીય છે, કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલના રોજ આતંકવાદી હુમલામાં ૨૬ નિર્દોષ નાગરિકોની હત્યાનો બદલો લેવા ભારતે સાત મેના રોજ ઓપરેશન સિંદૂર હાથ ધર્યું હતું. જેમાં પાકિસ્તાનમાં સ્થિત આતંકવાદીઓના નવ ઠેકાણાં નષ્ટ કરી ૧૦૦થી વધુ આતંકીઓનો ખાતમો બોલાવ્યો હતો. બાદમાં બંને દેશો વચ્ચે તંગદિલી સર્જાઈ હતી. ભારતીય સેનાએ એરસ્ટ્રાઈક કરી પાકિસ્તાનના એર ડિફેન્સ યુનિટ પર પણ હુમલો કર્યો હતો. જો કે, આ દાવાને પાકિસ્તાન ફગાવતું આવ્યું હતું. ડારે આગળ જણાવ્યું કે, ભારતની એરસ્ટ્રાઈકના ૪૫ મિનિટમાં જ અમને સાઉદી પ્રિન્સ ફૈઝલ બિન સલમાનનો ફોન આવ્યો હતો. તેમણે અમને કહ્યું હતું કે, જો તેઓ કહે તો તે જયશંકર સાથે વાત કરે કે, પાકિસ્તાન આ તંગદિલી રોકવા તૈયાર છે. પ્રિન્સ પાકિસ્તાન તરફથી શાંતિ સ્થાપિત કરવા ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે વાત કરવા તૈયાર હતાં. રિયાધે ભારત-પાકિસ્તાન વચ્ચેનો તણાવ દૂર કરવાના પ્રયાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. ઈસ્લામાબાદે યુદ્ધવિરામ માટે અમેરિકા સાથે પણ સંપર્ક સાધ્યો હતો. ડારે પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ અને અન્ય ટોચના અધિકારીઓના દાવાની વિરૂદ્ધ નિવેદન આપતાં સ્વીકાર્યું હતું કે, તેઓએ ભારતને મજબૂત જવાબ આપવાની તૈયારી દર્શાવી હતી. પરંતુ બાદમાં યુદ્ધ વિરામ માટે માની ગયા હતાં. વડાપ્રધાન શરીફે પણ સ્વીકાર્યું હતું કે, ભારતે રાવલપિંડી એરપોર્ટ સહિત પાકિસ્તાનના વિવિધ વિસ્તારોમાં બ્રહ્મોસ મિસાઈલ વડે હુમલા કર્યા હતાં. શરીફે હાલમાં જ કહ્યું હતું કે, ભારતે બ્રહ્મોસ મિસાઈલ વડે હુમલા કરી રાવલપિંડી એરપોર્ટ સહિત અન્ય સ્થળોને ટાર્ગેટ બનાવ્યા હતાં. ડારે વધુમાં કહ્યું કે, પાકિસ્તાન ૧૦ મેના રોજ સવારે ૪.૩૦ વાગ્યે ભારત પર વળતો પ્રહાર કરવા માગતું હતું.

### હું પાર્ટીને મુશ્કેલીમાં મૂકવા માંગતો નથી: શશી થરૂર

## પક્ષના મોટા નેતાઓ સાથે સંબંધ બગડ્યાં, ચૂંટણી પ્રચાર માટે કોલ ન આવ્યો : શશી થરુર

### ડેલિગેશન મિશનમાં થરૂરની પસંદગી થતાં કોંગ્રેસ નેતાઓ નારાજગી

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૦ ।




કોંગ્રેસ સાંસદ શશી થરૂર અને કોંગ્રેસ નેતૃત્વ વચ્ચે બધું સારું નથી તેવી ચર્ચા ઘણાં સમયથી ચાલી રહી છે. હવે કોંગ્રેસ નેતા શશી થરૂરે પણ આ વાતની પુષ્ટિ કરી છે. તેમણે કહ્યું કે, 'મારા કેટલાક કોંગ્રેસ નેતાઓ સાથે મતભેદ ચાલી રહ્યા છે. હું જાણું છું કે તમે બધા જાણો છો કે હું શું વાત કરી રહ્યો છું, કારણ કે તેમાંથી કેટલાક મુદ્દાઓ જાહેરમાં છે. પરંતુ હું અહીં તેના વિશે વાત કરીશ નહીં. હું આ મુદ્દો પાર્ટી નેતૃત્વ સાથે યોગ્ય મંચ પર ઉઠાવીશ.' ૧૯મી જૂને કેરળમાં નિલંબુર વિધાનસભા પેટાચૂંટણી માટે મતદાન ચાલી રહ્યું હતું. આ દરમિયાન મીડિયા સાથેની વાતચીતમાં કોંગ્રેસ નેતા શશી થરૂરે કહ્યું કે, 'હું મતદાનના દિવસે વધુ પડતું બોલીને પાર્ટીને મુશ્કેલીમાં મૂકવા માંગતો નથી. હું છેલ્લા ૧૬ વર્ષથી કોંગ્રેસ સાથે કામ કરી રહ્યો છું અને મારી પહેલી ચિંતા દેશનું હિત છે. નીલંબુર પેટાચૂંટણીમાં કોંગ્રેસના ચૂંટણી પ્રચારથી અંતર રાખવાના સવાલ શશી થરૂરે કહ્યું કે, 'પાર્ટી નેતૃત્વએ મને ચૂંટણી પ્રચારનો ભાગ બનવા માટે કહ્યું ન હતું. તેઓએ (કેરળ કોંગ્રેસ નેતૃત્વ) મને ફોન કર્યો ન હતો. જો તેમણે મને ફોન કર્યો હોત, તો હું ચોક્કસ ગયો હોત. પરંતુ મને પ્રચારમાં જોડાવા માટે કોઈ નેતા તરફથી મિસ્ડ કોલ પણ મળ્યો નથી.' ઉલ્લેખનીય છે, કેન્દ્ર સરકાર દ્વારા ઓપરેશન સિંદૂર વિશેની સચોટ માહિતી વિશ્વ સુધી પહોંચાડવા માટે ડેલિગેશન મિશનમાં શશી થરૂરની પસંદગી થતાં કોંગ્રેસના અમુક નેતાઓએ નારાજગી વ્યક્ત કરી હતી.

### ખામેદી સામે પહાડ જેવા પડકાર

## જનરલ માજીદ ખામેદી, ઇરાનના બન્યા નવા ઇન્ટેલીજન્ટ ચીફ

### મોહમ્મદ કાજેમીના મોતના ૬ દિવસ પછી જ મેજર જનરલ મોહમ્મદ પાકપુર જનરલ માજીદ ખાદેમીનો નવો ઇન્ટેલીજન્ટ ચીફ બનાવવામાં આવ્યો છે

। (એજન્સી) ઇઝરાયલ, તા.૨૦ ।



ઈઝરાયલ અને ઈરાન વચ્ચે સતત તણાવ વચ્ચે ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સ ઓફ ચીફ મોહમ્મદ કાજેમીનું મોત થયુ છે. હવે આઈઆઈજીસીએ નવા પ્રમુખની જાહેરાત કરી છે. મોહમ્મદ કાજેમીના મોતના ૬ દિવસ પછી જ મેજર જનરલ મોહમ્મદ પાકપુર જનરલ માજીદ ખાદેમીનો નવો ઈન્ટેલીજન્ટ ચીફ બનાવવામાં આવ્યો છે. મોહમ્મદ કાજમીએ પોતાના ગાર્ડ અધિકારીઓ હસન મોહાધેગ અને મોહસેન બાઘેરી સાથે રવિવારે મોતને ભેટ્યો હતો. ખામેદી પહેલા ઈરાનના રક્ષા મંત્રાલયમાં ગુપ્ત સુરક્ષા સંગઠનનો પ્રમુખ હતો. તે સુરક્ષા સંગઠનના અધ્યક્ષ પદ પર પણ રહી ચુક્યો છે. ખામેદીના IRGCનો અનુભવ ખુબ જૂનો છે અને જાસુસી ગતિવિધિઓમાં પોતાની મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી ચુક્યો છે. અયાતુલ્લાહ અલી ખામેનેઈ નવી રાજનીતિમાં વિશેષ ભૂમિકા નિભાવી રહ્યા છે. માજીદ ખામેદી સામે અનેક પડકાર છે. કેમકે આ સમયે ઈરાનમાં ભારે સંઘર્ષ ચાલી રહ્યો છે. અયાતુલ્લાહના જીવન અને સત્તા ખતરામાં છે. તો બીજી બાજુ ઈઝરાયલે મિસાઈલથી એટેક અને ટ્રમ્પના સતત વાકબાણોથી ઈરાન ઘેરાયેલુ છે. બંને દેશો વચ્ચે આઠમા દિવસે પણ યુદ્ધ સતત ચાલી રહ્યુ છે. બને દેશોએ પોતાની આર્મી કેમ્પને મજબૂત કરી દીધા છે. આ સમયે ખાદેમી માટે મુશ્કેલીનો સમય છે.



ઉત્તરાખંડના દેહરાદૂન ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ફોર એમ્પાવરમેન્ટ ઓફ પર્સન્સ વિથ વિથ વિઝ્યુઅલ ડિસેબિલિટીઝની મુલાકાત લીધી.

## જેના કારણે યુદ્ધ શરૂ થયું તે રિપોર્ટથી IAEAનો યુટર્ન

### IAEA ના ચીફ રાફેલ ગ્રોસીની પલટી મારતા કહ્યું કે, 'એવો કોઈ પુરાવો નથી કે, ઈરાન પરમાણુ હથિયાર બનાવી રહ્યું છે

। (એજન્સી) તેહરાન, તા.૨૦ ।

ઈઝરાયલ અને ઈરાન વચ્ચે છેલ્લાં આઠ દિવસથી યુદ્ધ ચાલી રહ્યું છે, જે હજું શાંત થવાનું નામ નથી લઈ રહ્યું. ઈઝરાયલે ઈરાનની ન્યૂક્લિયર સાઈટ્સ પર હુમલો કર્યો હતો અને ત્યારબાદ બંને દેશ એકબીજાને ખૂબ નુકસાન પહોંચાડી રહ્યા છે. પરંતુ, હવે જે વાત સામે આવી રહી છે, તે ખૂબ ચોંકાવનારી છે. IAEA (ઈન્ટરનેશનલ એટૉમિક એનર્જી એજન્સી)ના ચીફ રાફેલ ગ્રોસીએ પોતાના નિવેદનથી યુ-ટર્ન લીધો છે. તેમનો દાવો હતો કે, ઈરાન પરમાણુ હથિયાર બનાવી રહ્યુ છે અને હવે કહી રહ્યા છે કે, આ વાતના કોઈ પુરાવા નથી મળ્યા. IAEA ના ચીફ રાફેલ ગ્રોસીની પલટી મારતા કહ્યું કે, 'એવો કોઈ પુરાવો નથી કે, ઈરાન પરમાણુ હથિયાર બનાવી રહ્યું છે.' નોંધનીય છે કે, IAEAના રિપોર્ટ અને ગ્રોસીના નિવેદન બાદ જ ઈઝરાયલે હુમલા શરૂ કર્યા હતા. ઈરાને વળતો જવાબ આપવા ઈઝરાયલમાં અનેક જગ્યાએ મિસાઈલથી હુમલો કર્યો હતો.

## લાલુ પ્રસાદે બિહારના CM પદના ઉમેદવારનું એલાન કરતાં મહાગઠબંધનમાં હલચલ મચી

### લાલુ પ્રસાદ યાદવે આ બેઠકમાં કહ્યું કે, તેજસ્વી યાદવ દિવસ-રાત પરિશ્રમ કરીને પાર્ટીને આગળ વધારી રહ્યા છે તે માટે આભાર

। (એજન્સી) બિહાર, તા.૨૦ ।



RJD સુપ્રીમો લાલુ પ્રસાદે દીપ પ્રજ્ઞ્વલિત કરીને ગુરૂવારે પાર્ટીના રાજ્ય પરિષદની બેઠકનું ઉદ્ઘાટન કર્યું હતું. લાલુ યાદવે પાર્ટીના લોકોને કહ્યું કે, રાહ જોવાની જરૂર નથી. ગરીબ-દલિત અને આરજેડી માટે કામ કરનારાને જ ટિકિટ આપવામાં આવશે. આ સાથે લાલુ પ્રસાદ યાદવે એક મોટું એલાન કરી દીધું હતું જેને લઈને મહાગઠબંધનના સાથીઓમાં હલચલ મચી ગઈ હતી. કોંગ્રેસને ખાસ આ જાહેરાતથી વિચારવાની ફરજ પડી છે કારણ કે હજુ તો મહાગઠબંધનના સાથીઓ વચ્ચે બેઠક વહેંચણીની ફાઈનલ જાહેરાત પણ થઈ નથી. લાલુએ તેજસ્વી યાદવને જ મહાગઠબંધન વતી સીએમ પદના ઉમેદવાર જાહેર કરી દીધા હતા. લાલુ પ્રસાદ યાદવે આ બેઠકમાં કહ્યું કે,તેજસ્વી યાદવ દિવસ-રાત પરિશ્રમ કરીને પાર્ટીને આગળ વધારી રહ્યા છે તે માટે આભાર. કોઈ ભલે ગમે તેટલી ટીકા કરે, મુખ્યમંત્રી પદના એકમાત્ર દાવેદાર તેજસ્વી જ છે અને તેમાં શંકાને કોઈ સ્થાન નથી. નીતિશ કુમારના નેતૃત્વવાળી એનડીએ સરકારને દૂર કરીને કોઈપણ કિંમતે તેજસ્વીને મુખ્યમંત્રી બનાવવાનો છે. ગરીબ-વંચિત, લઘુમતિ, અનુસૂચિત જાતિ, પછાત અને અતિ-પછાતને સત્તામાં ભાગીદારી આપવાની છે.

### શાળાઓમાં વરસાદના પાણી ભરાયા

## હિમાચલમાં ભારે વરસાદ વચ્ચે લેન્ડ સ્લાઈડ, ૭ દિવસ માટે એલર્ટ જાહેર

### હિમાચલ પ્રદેશમાં શિમલાના જતોડમાં પિક-અપ ગાડી પર કટમાળ પડવાથી વાહન પુરી રીતે ક્ષતિગ્રસ્ત થઈ ગયું

।(એજન્સી) હિમાચલપ્રદેશ, તા.૨૦।



શિમલા સહિત હિમાચલ પ્રદેશના ઘણા ભાગોમાં ગયા વર્ષની સરખામણીમાં સાત દિવસ પહેલા ચોમાસાનું આગમન થયું છે. આ પ્રદેશના ગણા ભાગોમાં થયેલા વરસાદને કારણે શુક્રવારે ઘણા સ્થાનો પર લેન્ડ સ્લાઈડની ઘટનાઓ સામે આવી હતી. શિમલાના જતોડમાં પિક-અપ ગાડી પર કટમાળ પડવાથી વાહન પુરી રીતે ક્ષતિગ્રસ્ત થઈ ગયું હતું. પંડોહના શહીદ ઈંદર સિંહ મિડલ સ્કુલમાં પણ પાણી ભરાવાની માહિતી મળી હતી. જેનાથી વિદ્યાર્થીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે ભૂસ્ખલનને કારણે રસ્તાઓ બંધ થઈ ગયા હતા. આ રસ્તાઓને ફરી ચાલુ કરવાનું કામ ચાલુ છે. હવામાન કેન્દ્રએઅ રાજ્યના ઘણા વિસ્તારોમાં ૨૨, ૨૩,૨૫ અને ૨૬ જૂનના રોજ ભારેથી અતિભારે વરસાદને કારણે ઓરેંજ એલર્ટ જાહેર કર્યું છે.હવામાન વિભાગે રવિવારે, સોમવાર, બુધવાર અને ગુરુવાર માટે ઘણા સ્થાનો પર ઓરેંજ એલર્ટ તો મંગળવાર માટે યલો એલર્ટ જાહેર કર્યુ છે. રાજ્યમાં સૌથી વધુ વરસાદ ૮૪.૭ મિમી નાહનમાં નોંધાયો.

### ગૃહમંત્રી શાહ પર રાહુલ ગાંધીનો વળતો પ્રહાર

## ભાજપ નથી ઈચ્છતું કે ગરીબ પણ અંગ્રેજી શીખે: રાહુલ ગાંધી

### ભાજપ અને આરએસએસ ગરીબ બાળકો અંગ્રેજી શીખે તેવું ઇચ્છતા નથી, તે નથી ઇચ્છતા કે ગરીબ બાળકો અભ્યાસ કરે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।



ભાષા વિવાદ પર રાજકીય માહોલ ગરમાયો છે. કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના નિવેદન પર વળતો પ્રહાર કર્યો છે. તેમણે કહ્યું કે, 'ભારતીય જનતા પાર્ટી અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ગરીબોના બાળકો અંગ્રેજી શીખે તેવું ઈચ્છતા નથી.' નોંધનીય છે કે, કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું હતું કે, 'ભારતમાં એવો સમય આવશે જ્યારે અંગ્રેજી બોલનારાઓ શરમ અનુભવશે.' કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરીને લખ્યું કે, ' અંગ્રેજી બાંધ નથી, તે એક પુલ છે. અંગ્રેજી શરમ નથી, તે શક્તિ છે. અંગ્રેજી સાંકળ નથી, તે સાંકળો તોડવાનું એક સાધન છે. ભાજપ-આરએસએસ ગરીબ બાળકો અંગ્રેજી શીખે તેવું ઈચ્છતા નથી. તે નથી ઈચ્છતા કે ગરીબ બાળકો અભ્યાસ કરે, સવાલો પૂછે, આગળ વધે અને સમાનતા પ્રાપ્ત કરે. આજના સમયમાં, અંગ્રેજી તમારી માતૃભાષા જેટલું જ મહત્વપૂર્ણ છે, કારણ કે તે રોજગાર આપશે અને તમારો આત્મવિશ્વાસ વધારશે.' સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ સાથે રાહુલ ગાંધી એક વીડિયો પણ શેર કર્યો છે. જેમાં તે કહી રહ્યો છે કે, 'અંગ્રેજી એક હથિયાર છે. જો તમે અંગ્રેજી શીખો છો, તો તમે ગમે ત્યાં એન્ટ્રી કરી શકો છો. જો તમે અંગ્રેજી શીખો છો, તો તમે અમેરિકા, જાપાન અને બીજે ક્યાંય પણ જઈ શકો છો. તમે ગમે ત્યાં કામ કરી શકો છો. જે લોકો અંગ્રેજીનો વિરોધ કરે છે તેઓ નથી ઈચ્છતા કે તમને કરોડો રૂપિયાની નોકરી મળે. તેઓ ઈચ્છે છે કે તમારા માટે દરવાજા બંધ રહે.'

### શસ્ત્રો દ્વારા મિસાઇલોનો નાશ કરવામાં આવી રહ્યો છે

## ઈરાન સામે યુદ્ધ ઇઝરાયલને ભારે પડી રહ્યું છે! દરરોજ ૧૭.૩૨ અબજ રૂપિયાનો ખર્ચો!

### ઈરાની મિસાઈલોને રોકવા માટે ઉપયોગમાં લેવાતા ઈન્ટરસેપ્ટર્સનો રોજનો ખર્ચ ૨૦૦ મિલિયન ડોલર એટલે કે ૧૭.૩૨ અબજ રૂપિયા સુધી થાય છે

। (એજન્સી) ઈરાન, તા.૨૦ ।



ઈરાન સાથે ચાલી રહેલા સંઘર્ષમાં ઈઝરાયલને ભારે આર્થિક નુકસાન થઈ રહ્યું છે. નિષ્ણાતો કહે છે કે ઈરાની મિસાઈલોને રોકવા માટે ઉપયોગમાં લેવાતા ઈન્ટરસેપ્ટર્સનો રોજનો ખર્ચ ૨૦૦ મિલિયન ડોલર એટલે કે ૧૭.૩૨ અબજ રૂપિયા સુધી થાય છે. આ ઈન્ટરસેપ્ટર્સ ઈઝરાયલની મિસાઈલ સંરક્ષણ પ્રણાલીનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે અને દરેક હુમલાના જવાબમાં તેમનો વપરાશ સૌથી વધુ છે. આ શસ્ત્રો દ્વારા મિસાઈલોનો નાશ કરવામાં આવી રહ્યો છે, આ વિશાળ ખર્ચનો ઈઝરાયલની મલ્ટી-લેયર મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ સાથે સીધો સંબંધિત છે, જેમાં ત્રણ મુખ્ય ઈન્ટરસેપ્ટર સિસ્ટમ્સનો સમાવેશ થાય છે: એરો સિસ્ટમ, ડેવિડ્સ સ્લિંગ અને આયર્ન ડોમ. ત્રણેયની પોતાની ભૂમિકાઓ અને ખર્ચ છે અને વર્તમાન સંઘર્ષમાં તેમનો સ્ટોક ઝડપથી ખતમ થઈ રહ્યો છે. ૧. એરો સિસ્ટમ સૌથી મોંઘી અને મહત્ત્વપૂર્ણ આ સિસ્ટમ લાંબા અંતરની બેલિસ્ટિક મિસાઈલો સામે રક્ષણ આપવા માટે બનાવવામાં આવી છે. તે ઈરાન જેવા દેશો દ્વારા છોડવામાં આવતી લાંબા અંતરની મિસાઈલોને અટકાવે છે. આવી એક મિસાઈલની કિંમત: $2 મિલિયન થી $3 મિલિયન (રૂ. ૧૬.૭ કરોડ થી રૂ. ૨૫ કરોડ) છે. ૨. ડેવિડ સ્લિંગ મિડ-રેન્જ પ્રોટેક્ટર, આ સિસ્ટમનો ઉપયોગ મધ્યમ અંતરની મિસાઈલો, ક્રુઝ મિસાઈલો અને મોટા રોકેટને રોકવા માટે થાય છે. તેની એક મિસાઈલની કિંમત $1 મિલિયન (લગભગ રૂ. ૮.૩ કરોડ) થી વધુ છે. ૩. નજીકના હુમલાઓ સામે આયર્ન ડોમ શીલ્ડ, આ સિસ્ટમ સરહદી વિસ્તારોમાંથી આવતા રોકેટ અને મોર્ટારને અટકાવવા માટે છે. તેની એક મિસાઈલની કિંમત $20,000 થી $100,000 (લગભગ રૂ. ૧૬.૭ લાખ થી રૂ. ૮૩ લાખ) છે. તે ટૂંકા અંતરના હુમલાઓમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ ઉપરાંત, યુદ્ધમાં ઉપયોગમાં લેવાતો દારૂગોળો, ફાઈટર પ્લેન અને લોજિસ્ટિક સપોર્ટ સિસ્ટમ્સના કારણે પણ વધુ ખર્ચ થઈ રહ્યો છે. ઈઝરાયલી શહેરો પર મિસાઈલ હુમલાઓથી ભારે નુકસાન થયું છે.

### ઈરાનના હુમલાની આશંકાને પગલે નિર્ણય

## ઈરાન અને ઈઝરાયલ તણાવ વચ્ચે, અમેરિકાએ કતારમાંથી છાનામાના સૈન્ય વિમાનો હટાવ્યા

। (એજન્સી) અમેરિકા, તા.૨૦ ।



ઈરાન અને ઈઝરાયલ વચ્ચે વધતા તણાવ વચ્ચે, અમેરિકાએ કતાર સ્થિત તેના મુખ્ય લશ્કરી મથક પરથી શાંતિથી વિમાનો હટાવવાનું શરૂ કરી દીધું છે. સેટેલાઈટ તસવીરો અને ફ્લાઈટ ડેટા પરથી જાણવા મળ્યું છે કે, અમેરિકાએ સંભવિત ઈરાની હુમલાઓથી પોતાના વ્યૂહાત્મક લશ્કરી સંસાધનોને બચાવવા માટે આ પગલું ભર્યું છે. ૫ જૂનથી ૧૯ જૂન દરમિયાન Plan Labs PBC દ્વારા બહાર પાડવામાં આવેલી સેટેલાઈટ તસવીરોમાં જોવા મળે છે કે, મધ્ય-પૂર્વમાં અમેરિકાનો સૌથી મોટો એરબેઝ અલ ઉદેદ લગભગ ખાલી છે. ૫ જૂનના દિવસે અહીં લગભગ ૪૦ વિમાન પાર્ક કરવામાં આવ્યા હતા, જેમાં C-130 હરક્યૂલિસ ટ્રાન્સપોર્ટ અને ગુપ્ત જેટ્સ સામેલ હતા. વળી, ૧૯ જૂન સુધી ફક્ત અહીં ફક્ત ત્રણ જ વિમાન ઊભેલા જોવા મળે છે, બાકીનાને અમેરિકાએ હટાવી દીધા છે. કતારમાં સ્થિત અમેરિકન દૂતાવાસે ગુરૂવારે જાણકારી આપી હતી કે, હવેથી એરબેઝમાં સીમિત પ્રવેશ રહેશે.


**પશ્ચિમ રેલવે - વડોદરા મંડલ**

વિવિધ એન્જિનિયરિંગ કાર્યો

ઈ-ટેન્ડર નોટિસ નં. DRM-BRC 061 થી 062 વર્ષ 2025-26

ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004 દ્વારા નીચેના કામો માટે ભારતના રાષ્ટ્રપતિ વતી સીલબંધ ટેન્ડર મંગાવવામાં આવે છે.

| ક્રમાંક નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | કામની અંદાજિત કિંમત (રૂ.માં) | જમા કરાવવાની બિડ સિક્યોરિટી (રૂ.માં) |
|---|---|---|---|---|
| 1 | DRM BRC 061 of 2025-26 | CTD-ARPR વિભાગ પર રાહદારીઓ માટે RUB 62 નજીક સબવેની જોગવાઈ. (પુનઃ આમંત્રિત) (R-2) | 2,05,81,291.07 | 2,52,900.00 |
| 2 | DRM BRC 062 of 2025-26 | વડોદરા વિભાગ:- સિનિયર DEN સાઉથ BRC ના અધિકારક્ષેત્ર હેઠળ કદ (M-25) અને (M-27) માટે સિંગલ પીસ સ્પ્રિંગ ઈન્સર્ટેડ રિયુઝેબલ સેલ્ફ લૉકિંગ સ્ટીલ નટ્સ પૂરા પાડવા અને ફિક્સ કરવા. | 2,58,16,324.54 | 2,79,100.00 |

**ટેન્ડર સબમિટ કરવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય :** ટેન્ડર 11.07.2025 ના રોજ 15.00 કલાક પહેલા સબમિટ કરવાનું છે અને તે જ તારીખે 15.30 કલાકે ખોલવાનું છે.**વેબસાઈટની વિગતો અને સૂચનાનું સ્થાન જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ટેન્ડર ફોર્મ જ્યાંથી ખરીદી શકાય તે કાર્યાલયનુ સરનામું: વેબસાઇટ: www.ireps gov in.** ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા -390 004.

072

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

## તંત્રી લેખ...

# શાંતિના છલકપટ પાછળ યુદ્ધના સંકેત...?

અમેરિકન પ્રેસિડેન્ટ ડોનલ્ડ ટ્રમ્પે પાકિસ્તાનના આર્મી ચીફ ફિલ્ડ માર્શલ અસીમ મુનિરને વ્હાઈટ હાઉસમાં બોલાવીને જમાડ્યા અને બંને વચ્ચે બંધ દરવાજા પાછળ મુલાકાત થઈ એ ઘટનાએ વૈશ્વિક સ્તરે ખાસ્સી ચર્ચા જગાવી છે. અમેરિકા અને પાકિસ્તાનના સંબંધો વણસેલા છે ત્યારે અચાનક જ પાકિસ્તાનને અમેરિકા થાબડભાણાં કરવા માંડ્યું તેનું કારણ શું છે એ મુદ્દો ચર્ચામાં છે. આ પહેલાં ૨૦૦૧માં જનરલ પરવેઝ મુશર્રફ અમેરિકન રાષ્ટ્રપતિને મળેલા છેલ્લા પાકિસ્તાની લશ્કરી વડા હતા. મુશર્રફ એ વખતે પાકિસ્તાનના પ્રમુખ પણ હતા જ્યારે મુનિર પાકિસ્તાનના પ્રમુખ નથી છતાં ટ્રમ્પે તેમને નોંતર્યા એ મોટી વાત છે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચે સંઘર્ષ ચાલી રહ્યો છે. પાકિસ્તાન ઈરાનને પડખે ઊભું રહેશે અને ઈઝરાયલ સામેના યુદ્ધમાં સામેલ થશે એવી જોરદાર અટકળો ચાલી રહી છે ત્યારે જ આ બેઠક થઈ છે. તેના કારણે બંને વચ્ચેની મુલાકાતને ઈઝરાયલ-ઈરાન સાથે જોડવામાં આવી રહી છે. એક શક્યતા એવી વ્યક્ત થઈ રહી છે કે, અમેરિકા પોતાને નહીં ગાંઠતા ઈરાનને ઠેકાણે પાડી દેવા માટે પાકિસ્તાનને ફરી પોતાના પડખામાં લઈ રહ્યું છે. ઈરાન અને પાકિસ્તાન પાડોશીઓ છે તેથી અમેરિકા પાકિસ્તાનમાં પગદંડો જમાવીને ઈરાનને પતાવી દેવા માગે છે. બીજી વાત એવી પણ છે કે, ઈરાનના પરમાણુ રીએક્ટર્સનો ખાતમો કરીને પરમાણુ કાર્યક્રમને રોક્યા પછી કાયમ માટે ઈરાનના પરમાણુ કાર્યક્રમને તાળાં વાગી જાય એટલા માટે અમેરિકા ઈરાનની પરમાણુ બોમ્બ માટેની સામગ્રી પાકિસ્તાનમાં ખસેડવા માગે છે. ઈરાનના પાડોશી એવા અફઘાનિસ્તાન સહિતના બીજા દેશો સાથે પણ અમેરિકાને સારા સંબંધો છે પણ અમેરિકા તેમના પર ભરોસો કરી શકે તેમ નથી. પાકિસ્તાન પોતે પહેલા જ પરમાણુ રાષ્ટ્ર છે તેથી તેને ત્યાં પરમાણુ સામગ્રી મૂકીને અમેરિકાએ કશું ગુમાવવાનું નથી. ત્રીજી એવી પણ શક્યતા વ્યક્ત થઈ રહી છે કે, પાકિસ્તાન ચીનના ખોળામાં જઈને બેઠું છે અને પાકિસ્તાનમાં થઈને ચીન પોતાનો વન રોડ વન બેલ્ટ પ્રોજેક્ટ પાર પાડી રહ્યું છે. અમેરિકા પાકિસ્તાન અને ચીન વચ્ચે ફાચર મારવા માગે છે કે જેથી ચીનનો આ પ્રોજેક્ટ લટકી જાય. આ પ્રોજેક્ટના જોરે ચીન વિશ્વમાં કોઈ પણ ઠેકાણે સરળતાથી પોતાનો માલ મોકલી શકશે તેથી ચીનની આર્થિક તાકાત વધશે. અમેરિકાને ચીન કે દુનિયાનો બીજો કોઈ પણ દેશ આર્થિક રીતે તાકાતવર બનીને પોતાની સામે પડકાર ઊભો કરે એ પસંદ નથી તેથી પાકિસ્તાનની મદદથી ચીનને ફટકો મારવા માગે છે. ટ્રમ્પે મુનિરને લંચ માટે નોતર્યા તેની પાછળનું સાચું કારણ શું એ આપણને ખબર નથી પણ પાકિસ્તાન અને અમેરિકા પાછાં નજીક આવે એ ભારત માટે કોઈ રીતે સારું નથી એ હકીકત છે. એક સમયે પાકિસ્તાન અમેરિકાનું બગલબચ્ચું હતું. આતંકવાદ સામેની લડતમાં પાકિસ્તાન તરફથી મળી રહેલા કહેવાતા સહકારનાં વખાણ કરીને પાકિસ્તાનનાં ઓવારણાં લેતાં અમેરિકા થાકતું નહોતું પણ આતંકવાદી ઓસામા બિન લાદેન પાકિસ્તાનમાં જ છુપાયેલો મળ્યો તેમાં પાકિસ્તાનનો અસલી ચહેરો દુનિયા સામે છતો થઈ ગયેલો. અમેરિકાએ એ પછી પાકિસ્તાન સાથેના સંબંધો ઘટાડી નાખ્યા પણ એ પહેલાં પાકિસ્તાન લશ્કરે અમેરિકાનો ભરપૂર લાભ લીધેલો. આતંકવાદ સામે લડવાના બહાને અમેરિકા તરફથી મળતી મદદનો ઉપયોગ આતંકવાદને પોષવા માટે જ થતો હતો. અમેરિકા પાકિસ્તાનને ફરી પડખામાં લે તો પાછો એ જ ધંધો શરૂ થઈ જાય ને ભારત માટે ખરાબ દિવસો આવી જાય.

**પ્રત્યાહારનો અર્થ સામાન્ય રીતે પ્રતિક્રમણ જેવો થાય, એટલે યોગસાધનામાં જે સ્થિતિ લીધી હોય, તેમાંથી મૂળ સ્થિતિમાં આવી જવું**

# યોગ એટલે જોડ અને છોડ! આ બે પ્રક્રિયા વચ્ચે રમાતી અનુભૂત રમત છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**સમાધિ બે પ્રકારની હોય છે એટલે કે એક અસંપ્રજ્ઞાત જે ચેતન વિહીન બેઠા હોઈએ એ રીતે કે જે આપણા શાસ્ત્રોમાં ઋષિમુનિઓ હજારો વર્ષ સુધી તપ કરતાને સમાધિમાં બેસતાં, શંકર સાથે પણ એ વાત જોડાયેલી છે, અને જીવતાં પણ લોકો સમાધી લેતા હોય છે, જ્યારે બીજી સમાધિ એટલે કે સંપ્રજ્ઞાત, જાગૃત રહીને પણ જે ચેતનાનો અનુભવ કરી શકે, એને પણ આપણે ત્યાં સમાધિ કહેવામાં આવે છે.**

આજે ૨૧ જૂન એટલે કે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ છે, પણ વિશ્વ આખું આજે ત્રીજા વિશ્વ યુદ્ધનાં ભય હેઠળ જીવી રહ્યું છે! યોગની નીપજ શાંતિ છે, જ્યારે ચિંતા અગ્નિ સમાન છે, એટલે આવી પરિસ્થિતિમાં યોગ ક્યાંથી થાય! પરંતુ ભારતીય સંસ્કૃતિની આગવી ઓળખ જેવા કથા, કિર્તન, ભજન, યોગ, ધ્યાન, પ્રાણાયામ! વગેરે માધ્યમથી જ શાંતિ મળશે! એટલે વિશ્વ આખાએ આ પ્રયોગ કરવા જેવો ખરો. ઈશ્વરની અનુભૂતિ કરવી એ દરેક માનવીનું મુખ્ય લક્ષ્ય હોય ત્યારે આ લક્ષ્ય યોગ દ્વારા સિદ્ધ થઈ શકે છે. ભગવાન પતંજલિએ યોગને જગ પ્રસિદ્ધ કર્યો. એમણે યોગને આઠ વિભાગમાં વહેંચીને એકદમ સરળ બનાવ્યો. જેમ કે યમ, નિયમ, આસન, પ્રાણાયમ,પ્રત્યાહાર, ધારણા, ધ્યાન,સમાધિ. પણ આ તો થઈ શાસ્ત્રીય વાતો. સર્વપ્રથમ તો યોગ એટલે શું? એવો કોઈ સવાલ થાય તો સીધાસાદા શબ્દોમાં કહીએ, તો યોગ એટલે સતત વિષયી ઈન્દ્રિયોમાં પ્રવૃત્ત રહેતા મનને એ ભાવમાંથી મુક્ત કરી ઈશ્વર સાથે જોડવાની ક્રિયા. ઈશ્વર સાથે જોડ અને દેહ આસક્તિ છોડ, એટલે કે સમાધિ! જ્યાં સુધી માનવી પોતાની જાત સાથે જોડાતો નથી, ત્યાં સુધી તે સમાધિસ્થ પણ થઈ શકતો નથી. એટલે કે પહેલા અહંકાર મુક્ત પોતાપણું સિદ્ધ કરવું, અને પછી એ પ્રાણતત્વને દેહથી અલિપ્ત કરવું, આ ક્રિયાને યોગ કહેવામાં આવે છે, જોકે યોગ એ ફક્ત વ્યાયામ નથી, એનાથી ગંભીર રોગને મટાડી શકાય છે, માનસિક તણાવમાં પણ બહુ મોટો ફાયદો થાય છે, યોગ સાધનાને બે ભાગમાં વહેંચવામાં આવે છે,એક બાહ્ય યોગ અને બીજું આંતરિક યોગ. બાહ્ય યોગના પાંચ અવયવ છે. યમ,



નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર. સામાન્ય રીતે યોગને નામે આ ૫ વસ્તુઓ જ થતી વધુ જોવા મળે છે, જેનાથી શારીરિક સ્વાસ્થ્ય બનાવી શકાય, પણ તેનાથી અંતર શુદ્ધી શક્ય નથી, કે જાગરણ થતું નથી, આત્મ દીપ પ્રજ્વલિત થતો નથી, તેમજ આત્મા સ્વરૂપે જે પરમાત્મા બિરાજમાન છે, તેની પ્રતીતિ થતી નથી.'પરંતુ થાય ત્યારે ત્યાંથી જ થાય છે, એ સત્યને પણ સ્વીકારવું પડે. યમને પાંચ ભાગમાં વહેંચવામાં આવે છે, (૧) સત્ય, (૨) અહિંસા, (૩) અસ્તેય, (૪) અપરિગ્રહ અને (૫) બ્રહ્મચર્ય. અને યોગ કરનારે સીધાસાદા સમજી શકાય એવા પાંચે નિયમને સંસારીઓ અનુસરી શકે છે. નિયમનાં પણ પાંચ ભાગ છે, શૌચ, સંતોષ , તપસ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન. શૌચ ક્રિયા દ્વારા શરીરશુદ્ધિ કરી, અને આ યોગ સાધના કરવી, આંતરિક રીતે આંતરડામાં રહેલા વાત પિત્ત અને કફનાં સંતુલન પર યોગનો મુખ્ય આધાર હોવાથી, તેને મુખ્ય ક્રિયા તરીકે ગણવામાં આવે છે. શારીરિક અને માનસિક રોગ મુક્ત સંતોષનો અનુભવ કરાવી શકે, એટલે એ રીતે પણ તેનું મહત્ત્વ દર્શાવ્યું છે. આપણે ત્યાં આસનો ખૂબ પ્રચલિત છે,અને આપણે આસનથી અને તેના લાભથી પરિચિત પણ છીએ. આજે આસનો એટલા માટે પ્રચલિત થયા છે કે, તેના અભ્યાસ દ્વારા લાંબો સમય નોરોગી જીવન જીવી શકાય છે, અને તેના નિત્ય અભ્યાસથી ઉંમર દેખાતી નથી. ''આ ઉપરાંત આપણે ત્યાં ચોર્યાસી લાખ યોની બતાવી છે, તો એ દરેકને પણ એક આસન તરીકે યોગમાં સ્વીકારાયું છે, અને મૂળ રીતે તો આપણે લાંબો સમય જે આસનમાં બેસીને ધ્યાન ધારણાં કરી શકીએ, તે સુખાસન કે સીધી પલોઠી યોગ માટે સહજ છે, પ્રાચીનકાળમાં ઋષિમુનિઓ પદ્માસનનો સહારો લેતાં. બાહ્ય યોગનું ચોથું અંગ એટલે પ્રાણાયામ, પ્રાણાયામ એટલે પ્રાણોની કસરત. આમ તો પ્રાણાયામ એટલે શ્વાસનો વિનીમય એવો અર્થ કરતા હોય છે, પરંતુ પ્રાણ ઉર્જાની જેને સમજ પડતી હોય તેની પાસે જ પ્રાણાયામ શીખવા. કપાલ ભારતી, ભસ્ત્રીકા, ભ્રામરી, અનુલોમ વિલોમ જેવા પ્રાણાયમ વધુ લોકપ્રિય છે. પ્રાણાયમનો સરળ નિયમ છે, શ્વાસને અંદર ખેંચવો શ્વાસને ફેફસામાં રોકી રાખવો, ધીરેધીરે શ્વાસને બહાર કાઢવો. શરીરમાં સ્ફૂર્તિ, ચિત્તને એકાગ્ર અને મનને પ્રસન્ન રાખવા માટે પ્રાણાયામ અનિવાર્ય છે. કપાલભાતિ નામનો પ્રાણાયામ રોગ નિવારણ માટે ખૂબ જ પ્રચલિત છે, અને મેદસ્વીતા જેવી અત્યારની ગંભીર બીમારીમાં ફાયદો આપે છે. જ્યારે અનુલોમ વિલોમથી સૂર્ય અને ચંદ્ર બંને નાડી પ્રભાવિત થતી હોવાથી, ડાબુ અને જમણું બંને મગજ એક સાથે સક્રિય થતાં, આખા શરીરમાં પ્રાણ શક્તિનું વહન સહજ થાય છે, અને એને કારણે ચેતનાનો અનુભવ કરાવે છે. આપણે ત્યાં ૭૨,૦૦૦ નાડીના શુદ્ધિકરણની વાત પ્રાણાયામથી શક્ય બને છે. પ્રત્યાહારનો અર્થ સામાન્ય રીતે પ્રતિક્રમણ જેવો થાય, એટલે યોગસાધનામાં જે સ્થિતિ લીધી હોય, તેમાંથી મૂળ સ્થિતિમાં આવી જવું. એવો એક સામાન્ય અર્થ લોકો કરતાં હોય છે. પરંતુ કર્તાના ભાવમાંથી અકર્તાનાં ભાવમાં આવવું, તેને પ્રત્યાહાર કહેવામાં આવે છે. આ એક જ વાત જો ધ્યાનમાં રાખવામાં આવે કે, ઈશ્વર જ બધું કરે છે, હું તો નિમિત્ત માત્ર છું, તો મોટાભાગનાં અહમના પ્રશ્નો દૂર થતા, વગર ધ્યાન સમાધિએ ઈશ્વરનો થોડો ઘણો અનુભવ કરી શકાય. આંતરિક યોગનાં ત્રણ અવયવ, ધારણા, ધ્યાન, અને સમાધિ, જે બાહ્ય રીતે જોઈ કે અનુભવી શકાતું નથી. પરંતુ યોગ સાચો હોય તો આ ત્રણ સ્થિતિ અતી મહત્વની છે, અને એને કારણે જ ઈશ્વરને આપણે જોઈ જાણી અને માણી શકીએ છીએ. ધારણા એટલે કે ઈશ્વર નામક પરમ શક્તિની છબી, મૂર્તિ, કે દીવાને આંતરિક રીતે ધ્યાન બિંદુ પર પ્રસ્થાપિત કરવું એવો થાય, એટલે કે ઈશ્વર નામની શક્તિની કોઈ એક ધારણા કરવાની, અને એના દ્વારા ઈશ્વર સુધી પહોંચવાનું છે. ધ્યાન આમ જુઓ તો ધ્યાનમાં કંઈ જ કરવાનું હોતું નથી, પણ આ સમયે બીજું કંઈ જ નહીં! એ ધ્યાનમાં રાખવાનું . ફક્ત જે આસન નક્કી કર્યું હોય તેમાં બેસીને ધારણા તરીકે જેને સ્વીકાર્યું હોય એ જ ઈશ્વર છે, એવી સતત પ્રતિતી કરી, અને તેને જોતા રહેવાનું છે. ધીરે ધીરે જેની ધારણા કરી હશે તે જતું રહેશે, અને તેની જગ્યાએ અવનવી પ્રાકૃતિક સંજ્ઞાઓ શરૂઆતના તબક્કામાં દેખાશે, પછી નિરાકાર બ્રહ્મની પરિકલ્પના થતાં વિસ્તૃત રીતે એક બ્રહ્માંડનો પરમ પારદર્શક પ્રકાશ રુપ ચૈતન્ય પ્રવાહની અદ્ભુત અને અવનવી અનુભૂતિઓ ધ્યાનનાં પ્રયોગ દરમિયાન કરાવશે. પરંતુ એની માટે ''હું પણું'' બિલકુલ ઝીરો થઈ જવું જોઈએ. ધ્યાન તો કલાક બે કલાક રાખી શકો, પરંતુ ૨૪ કલાક જે ધ્યાન રાખવા જેવી બાબતો છે, તેનું સંચાલન પ્રયત્ન વગર મગજ કરી શકે, અને એ મુજબનું જીવાય તો એ ધ્યાનનો ફાયદો છે. આ ઉપરાંત નિત્ય ધ્યાનની ધરા એટલે કે ધ્યાન કરવાના અભ્યાસથી જે ઈશ્વર સ્વરૂપ પસંદ કર્યું હોય એ આંખ બંધ કરતાં જ ધ્યાનની ધરા પર દેખાય તો એને નિત્ય ધ્યાન કહેવાય. સમાધિ બે પ્રકારની હોય છે એટલે કે એક અસંપ્રજ્ઞાત જે ચેતન વિહીન બેઠા હોઈએ એ રીતે કે જે આપણા શાસ્ત્રોમાં ઋષિમુનિઓ હજારો વર્ષ સુધી તપ કરતાને સમાધિમાં બેસતાં. શંકર સાથે પણ એ વાત જોડાયેલી છે, અને જીવતાં પણ લોકો સમાધી લેતા હોય છે. જ્યારે બીજી સમાધિ એટલે કે સંપ્રજ્ઞાત, જાગૃત રહીને પણ જે ચેતનાનો અનુભવ કરી શકે, એને પણ આપણે ત્યાં સમાધિ કહેવામાં આવે છે, ગીતામાં આ સમાધીનો ઉલ્લેખ કરી, ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે ઉઠતા બેસતા સુતાં સતત મારું સ્મરણ કરે એ પણ એક સમાધી અવસ્થા છે. કુંડલિની જાગરણ કે શક્તિપાત કરી શકનાર સદગુરુ પાસે અષ્ટાંગ યોગના અવયવનો અભ્યાસ નિરંતર પાંચ કે છ વર્ષ અભ્યાસ કરવામાં આવે તો યોગ વિદ્યા પ્રાપ્ત થાય, તેને સાચા અર્થમાં યોગી કહેવાય છે. આપણે સંસારથી છેડો ફાડી શકીએ નહીં, અને ભોગી જીવ પરમાત્મા સાથે પણ ક્યાંથી એમ જોડાઈ શકે! પરંતુ આજે વિશ્વ આખાને જ્યારે શાંતિની જરૂર છે, ત્યારે આપણે એકમેક સાથે જોડાઈને વસુધૈવ કુટુંબ બની વ્યાપક બ્રહ્મની વ્યાખ્યાને સાર્થક કરી શકીએ! એમાં કોઈ યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, અને સમાધિ એવાં કોઈ માધ્યમની પણ જરૂર નથી. બાપુ કહે છે એમ માત્ર ને માત્ર સૌને જેવા છે એવાં જ સ્વીકારી લઈએ, તો પરમ તત્વ એટલે વ્યાપક બ્રહ્મ સાથે જોડાઈ શકીએ અને જોડાવું એટલે યોગ ! એમ યોગ સિદ્ધ થઈ શકે! પરમ કૃપાળુ પરમાત્મા સૌને શાંતિ અમારા આત્માનો આહાર છે, માટે એની અહેમિયત છે, એવી એક સહજ સમજ આપે. જય સીયારામ.

**નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે આ તારીખ ઉત્તર ગોળાર્ધમાં વર્ષનો સૌથી લાંબો દિવસ છે (દક્ષિણ ગોળાર્ધમાં સૌથી ટૂંકો), જે વિશ્વના ઘણા ભાગોમાં વિશેષ મહત્વ ધરાવે છે**

# ગુજરાતભરમાં આજે ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગદિવસને વ્યાપક જનભાગીદારીથી ઉજવણી કરવામાં આવશે.!



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**સંયુક્ત રાષ્ટ્રના ઠરાવને સ્વીકાર્યા બાદ,ભારતમાં આધ્યાત્મિક ચળવળના કેટલાક નેતાઓએ આ પહેલ માટે પોતાનો ટેકો આપ્યો હતો, ઈશા ફાઉન્ડેશનના સ્થાપક, સદ્ગુરુએ જણાવ્યું હતું કે, "માનવીની આંતરિક સુખાકારી માટે વૈજ્ઞાનિક અભિગમ અપનાવવા માટે આ એક પ્રકારનો શિલાન્યાસ હોઈ શકે છે.**

વૃક્ષારોપણ કાર્યક્રમ જેવો આજનો કાર્યક્રમ ના બની જાય તેની કાળજી રાખવી વૃક્ષારોપણ કાર્યક્રમ દરમિયાન વૃક્ષને વાવી તેના ફોટા સમાચાર રૂપે બીજા દિવસે પ્રસિધ્ધ થાય અને પાંચમા દિવસે એ વૃક્ષારોપણ કરેલ વૃક્ષને પશુ ચરી ગયા હોય કે પાણી વિના સુકાઈ ગયું હોય..મિત્રો, વૃક્ષા રોપણ સાથે તેના ઉછેર જતન માટે સંકલ્પ કરવો જોઈએ. આજના દિવસે પણ હું રોજ યોગ કરી મારા શરીર મનને તંદુરસ્ત રાખી આ યોગ વિશે બીજાને જાગૃત કરવા પુરો પ્રયત્ન કરીશ. આજે તા.૨૧ જૂન ૨૦૨૫ શનિવારના આપણે યોગ દિવસે યોગ બાબતે જોઈએ તો તા.૨૧ જૂન ૨૦૧૫ના રોજથી દર વર્ષે સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય યોગદિવસ ઉજવવામાં આવે છે. વર્ષ ૨૦૧૪માં સંયુક્તરાષ્ટ્ર મહા સભામાં યોગ દિવસની વિધિવત જાહેરાત થયા પછી વર્ષ૨૦૧૫થી આ દિવસની ઉજવણી શરૂ કરવામાં આવી હતી. યોગ એક શારીરિક, માનસિક અને આધ્યાત્મિક અભ્યાસ છે, જેની શરૂઆત પ્રાચીન ભારતમાં થઈ હતી. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૪માં સંયુક્ત રાષ્ટ્રના સંબોધન માં ૨૧ જૂનની તારીખ સૂચવી હતી કારણ કે તે ઉત્તર ગોળાર્ધમાંવર્ષનો સૌથી લાંબો દિવસ છે અને વિશ્વના ઘણા ભાગોમાં તેનું વિશેષ મહત્વ છે. શ્રી શ્રી રવિશંકર દ્વારા શરૂઆતમાં પ્રસ્તાવિત આંતર રાષ્ટ્રીયયોગ દિવસના વિચારને ભારતના પ્રધાનમંત્રી



નરેન્દ્ર મોદીએ તારીખ ૨૭/૦૯/૨૦૧૪ના રોજ સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં તેમના ભાષણ દરમિયાન પ્રોત્સાહન આપ્યું હતું. એમણે કહ્યું:'' યોગ એ ભારતની પ્રાચીન પરંપરાની એક અમૂલ્ય ભેટ છે. તે મન અને શરીર; વિચાર અને ક્રિયા સંયમ અને પરિપૂર્ણતા મનુષ્ય અને પ્રકૃતિ વચ્ચે સુમેળ સ્વાસ્થ્ય અને સુખાકારી માટે સંપૂર્ણ અભિગમની એકતાને મૂર્તિમંત કરે છે. તે ફક્ત કસરત વિશે નથી, પરંતુ તમારી જાત સાથે,વિશ્વ અને પ્રકૃતિ સાથે એકતાની ભાવના શોધવાની છે. આપણી જીવનશૈલીમાં પરિવર્તન લાવીને અને ચેતનાનું સર્જન કરીને તે સુખાકારીમાં મદદરૂપ થઈ શકે છે.ચાલો આપણે આંતર રાષ્ટ્રીય યોગદિવસને અપનાવવાની દિશામાં કામ કરીએ.''નરેન્દ્ર મોદી, યુએન જનરલ એસેમ્બલી. આ પ્રારંભિક દરખાસ્તને પગલે સંયુક્ત રાષ્ટ્રએ વર્ષ ૨૦૧૪ના રોજ "યોગ દિવસ" શીર્ષક હેઠળ ખરડો પસાર કર્યો હતો. ભારતના પ્રતિનિધિમંડળ દ્વારા આ પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો.વર્ષ ૨૦૧૫માં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે દશ રૂપિયાનો સ્મારક સિક્કો બહાર પાડ્યો હતો એપ્રિલ,૨૦૧૭માં યુએન પોસ્ટલ એડમિનિસ્ટ્રેશન (યુએનપીએ)એ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે વિવિધ યોગ આસનો દર્શાવતી ૧૦ ટપાલ ટિકિટની એક શીટ બહાર પાડી હતી. યોગનો અર્થ થાય છે (બ્રહ્માંડ સાથેનું) જોડાણ. યોગએ વ્યક્તિ જેનો એકભાગછે તેને બ્રહ્માંડ સાથે સભાનતા પૂર્વક 'વ્યક્તિગત સ્વ'ને જીવંત અસ્તિત્વ ને જોડવાની રીત સૂચવે છે. હિન્દુ દંતકથાઓ અનુસાર, શિવને યોગ ના કારક માનવામાં આવે છે.તેઓ આદિ યોગી,પ્રથમ યોગી (આદિ "પ્રથમ") હોવાનું કહેવાય છે. યોગિક સંસ્કૃતિમાં ગ્રીષ્મ અયન કાળનું મહત્વ છેકારણકે તેને યોગ ની શરૂઆત માનવામાં આવે છે. "સપ્તર્ષિઓ"દ્વારા લોકો સુધી યોગ લાવવામાં આવ્યો હતો. વેદો સમજાવે છે કે આદિયોગી તરીકે શિવનો બીજો ઉપદેશ સપ્તર્ષિઓ ને કેવી રીતે સમર્પિત હતો.એવું કહેવામાંઆવે છે કે શિવ વર્ષોથી આનંદિત ધ્યાન માં બેઠા હતા, ઘણા લોકો કુતૂહલથી તેમની પાસે ઉમટ્યા,પરંતુ તેમણે ક્યારેય કોઈ ની તરફ ધ્યાન ન આપ્યું હોવાથી તેઓ ચાલ્યા ગયા.પરંતુ સાત લોકો ત્યાં જ રહ્યા,તેઓ શિવ પાસેથી શીખવા માટે એટલા દઢ નિશ્ચયી હતા કે તેઓ ચોર્યાસી વર્ષ સુધી સ્થિર રહ્યા.આ પછી, ઉનાળાના અયન કાળના દિવસે, જ્યારે સૂર્યઉત્તરથી દક્ષિણ તરફ સ્થળાંતર કરી રહ્યો હતો,ત્યારે શિવે આ જીવોની નોંધ લીધી. શિવ હવે તેમને અવગણી શકે તેમ નહતા.એ પછીનો પૂર્ણિમાનો ચંદ્ર એટલેકે ૨૮ દિવસ પછી શિવ આદિગુરુ (પ્રથમ ગુરુ) બની ગયા અને સપ્ત ઋષિઓ સુધી યોગ વિજ્ઞાનનો સંચાર કર્યો. ૧૧ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ ભારતના કાયમી પ્રતિનિધિ અશોક મુખરજીએ સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં પ્રસ્તાવના મુસદ્દાને રજૂ કર્યો હતો. આ મુસદ્દાના લખાણને ૧૭૭ સભ્ય રાષ્ટ્રોનો વ્યાપક ટેકો મળ્યો હતો, જેમણે આ લખાણને પ્રાયોજિત કર્યું હતું, જેને મત વિના અપનાવવામાં આવ્યું હતું. આ પહેલને ઘણા વૈશ્વિક નેતાઓનો ટેકો મળ્યો. કુલ ૧૭૭ દેશોએ આ ઠરાવને સહ- પ્રાયોજિત કર્યો હતો, જે આ પ્રકારના યુએનજીએ ઠરાવ માટે સહ-પ્રાયોજકોની સૌથી વધુ સંખ્યા છે. ૨૧ જૂનને તારીખ તરીકે રજૂ કરતી વખતે નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે આ તારીખ ઉત્તર ગોળાર્ધમાં વર્ષનો સૌથી લાંબો દિવસ છે (દક્ષિણ ગોળાર્ધમાં સૌથી ટૂંકો),જે વિશ્વના ઘણા ભાગોમાં વિશેષ મહત્વ ધરાવે છે. ભારતીય કેલેન્ડરોમાં, ઉનાળો અયનકાળ દક્ષિણાયણમાં સંક્રમણને ચિહ્નિત કરે છે. ઉનાળાના અયનકાળ પછીની બીજી પૂર્ણિમાને ગુરુ પૂર્ણિમા તરીકે ઓળખવામાં આવે છે. હિન્દુ પૌરાણિક કથાઓમાં આદિ યોગી શિવે આ દિવસે માનવજાત ને યોગનું જ્ઞાન આપવાનું શરૂ કર્યું હોવાનું કહેવાય છે. સંયુક્ત રાષ્ટ્રના ઠરાવને સ્વીકાર્યા બાદ, ભારતમાં આધ્યાત્મિક ચળવળના કેટલાક નેતાઓએ આ પહેલ માટે પોતાનો ટેકો આપ્યો હતો. ઈશા ફાઉન્ડેશનના સ્થાપક, સદ્ગુરુએ જણાવ્યું હતું કે, "માનવીની આંતરિક સુખાકારી માટે વૈજ્ઞાનિક અભિગમ અપનાવવા માટે આ એક પ્રકારનો શિલાન્યાસ હોઈ શકે છે, જે વિશ્વવ્યાપી વસ્તુ છેપદુનિયા માટે આ એક જબરદસ્ત પગલું છે. "આર્ટ ઓફ લિવિંગના સ્થાપક રવિશંકરે મોદીના પ્રયાસોની પ્રશંસા કરતાં કહ્યું હતું કે, "કોઈ પણ ફિલસૂફી,ધર્મ કે સંસ્કૃતિ માટે રાજ્યના આશ્રય વિના ટકી રહેવું ખૂબ જ મુશ્કેલ છે. યોગ અત્યાર સુધી લગભગ એક અનાથની જેમ અસ્તિત્વમાં હતો. હવે, યુએન દ્વારા સત્તાવાર માન્યતાથી યોગનો લાભ સમગ્ર વિશ્વમાં વધુ ફેલાશે.'' ગુજરાતભરમાં આ ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસને વ્યાપક જનભાગીદારીથી ઉજવવાનું વિસ્તૃત કાર્ય આયોજન રાજ્ય સરકારના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તથા રાજ્ય યોગ બોર્ડના સહયોગથી હાથ ધરવામાં આવ્યું છે. આ વર્ષે રાજ્ય ભરમાંથી અંદાજે ૧ કરોડ ૫૦લાખથી વધુ નાગરિકો ની સહભાગીતાથી યોગ દિવસ ઉજવવાનું લક્ષ્ય રાખવામાં આવેલું છે.યોગ દિવસ-૨૦૨૫ની ઉજવણીના કાઉન્ટડાઉન અન્વયે અત્યાર સુધીમાં જુનાગઢ, પોરબંદર, સુરત, વડોદરા અને અમદાવાદ ઉપરાંત જિલ્લા-તાલુકા કક્ષાએ અંદાજે એક હજારથી વધુ વ્યક્તિઓની ક્ષમતાના ૩૫થી વધુ કાર્યક્રમો કરવામાં આવ્યા છે. રાજ્યભરમાં યોગ પ્રત્યેનું પ્રોત્સાહક વાતાવરણ નિર્માણ થાય અને વધુને વધુ લોકો ૨૧મી જૂને યોગ દિવસમાં જોડાય તે હેતુસરતા. ૧૫ થી ૨૦ જૂન-૨૫ દરમિયાન દરેક જિલ્લાઓમાં કોમનયોગ પ્રોટોકોલના કાર્યક્રમો પણ યોજવામાં આવ્યા હતા. એટલું જ નહીં, પોલીસ તંત્ર દ્વારા યોગ રેલી અને યોગ સત્રનું આયોજન, ગ્રામસભાઓના આયોજનથી ગ્રામીણ સ્તરે પણ યોગનો પ્રચાર, નગરપાલિકા-મહાનગરપાલિકા કક્ષાએ વોર્ડ તેમજ બગીચા અને જાહેર સ્થળોએ આવા કોમન યોગ પ્રોટોકોલ કાર્યક્રમો પાર પાડવામાં આવ્યા છે. રાજ્યના જિલ્લા મથકો, નગરો- મહાનગરોમાં સ્થાનિક આઈકો નિક સ્થળો પસંદ કરીને યોગ કાર્યક્રમ યોજવાનું આયોજન પણ હાથ ધરવામાં આવ્યું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીની વતન ભૂમિ વડનગરમાં શર્મિષ્ઠા તળાવ, હાટકેશ્વર મહાદેવ મંદિર, તાના-રીરી ગાર્ડન, કીર્તિ તોરણ, પ્રેરણા સ્કૂલ, વડનગર રેલ્વે સ્ટેશન તથા વડનગર મ્યુઝિયમ, પ્રેરણા સ્ટ્રીટ, વોચ ટાવર, હાથી દેરાસર અને બી.એન.શાહ હાઈસ્કૂલ એમ ૧૧ આઈકોનિક સ્થળો પર યોગ અને સૂર્યનમસ્કારના કાર્યક્રમો યોગ દિવસ કાઉન્ટડાઉનરૂપે યોજવામાં આવ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જન-જનને યોગ સાથે જોડીને સ્વસ્થ-તંદુરસ્ત રહેવાનું જે આહવાન કર્યું છે તેને ૧૧માં વિશ્વ યોગ દિવસે સાકાર કરવા ગુજરાતે ગ્રામ્ય કક્ષાથી લઈને મહાનગરો સુધી જન ભાગીદારી સાથે યોગ કાર્યક્રમનું વ્યાપક આયોજન કર્યું છે. તદ્અનુસાર,૧૮,૨૨૬ ગ્રામ પંચાયતો અને ૨૫૧ તાલુકા પંચાયતો ખાતે પણ યોગ દિવસ ની ઉજવણીમાં અંદાજે ૧૦.૪૦ લાખ લોકોને જોડવાનું આયોજન છે. શાળા કોલેજોના છાત્રો પણ આ યોગ દિવસે ઉત્સાહપૂર્વક સહ ભાગી થાય તે માટે ૪૫ હજાર પ્રાથમિક શાળાઓ, ૧૨,૫૦૦ માધ્યમિક અને ઉચ્ચતરમાધ્યમિક શાળાઓ તેમજ ૨૬૦૦ કોલેજ અને ૩ યુનિવર્સિટી મળી૬૦,૧૦૦ સ્થળોએ શિક્ષકો-વિદ્યાર્થીઓ મળીને અંદાજે ૫.૭૩ લાખ લોકો યોગમય બનશે. આ ઉપરાંત રાજ્યની ૨૮૭ ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ૧૪૭૭ પી.એચ.સી., ૬૫૦૦ વેલનેસ સેન્ટર્સ, ૩૦ જેલ, ૩૩ પોલીસ હેડક્વાટર્સ અને ૧૧૫૨ પોલીસ મથકો ખાતે પણ યોગ દિવસ ઉજવવામાં આવશે. રાજ્યમાં ૧૦૦ જેટલા અમૃત સરોવરના સ્થળોએ પણ સામુહિક યોગ કાર્યક્રમ યોજાશે.ગુજરાતે ગત વર્ષે ૧૦મા વિશ્વ યોગદિવસની ઉજવણીમાં ૧ કરોડ ૩૧ લાખ લોકોની સહભાગીતાથી અગ્રેસરતા મેળવી હતી.આ વર્ષે ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસના ઉપલક્ષમાં વડનગરના સર્મિષ્ઠા તળાવ ખાતે ભુજંગાસનમાં નવો વર્લ્ડ રેકર્ડ પ્રસ્થાપિત કરવાનું લક્ષ્ય ગુજરાતે રાખ્યુ છે.યોગ દેખાદેખી પુરતા નહી પણ આરોગ્ય માટે કરીશ. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી યોગ દિવસની શુભ કામનાઓ સાથે આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

### અભિનેતા ધનુષની પહેલી તેલુગુ ફિલ્મ, તેમા તેણે ભિખારીની ભૂમિકામાં ભીડ લૂંટી હતી

# કુબેર ફિલ્મને રિલીઝ પહેલા ઝટકો, બોર્ડે ૧૯ દશ્ય કાપ્યા




આમિર ખાનની ફિલ્મ 'સિતારે જમીન પર' સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે, ત્યારે ધનુષ, નાગાર્જુન અને રશ્મિકા મંદન્ના અભિનીત 'કુબેર' પણ રિલીઝ થઈ રહી છે. શેખર કમ્મુલા દ્વારા દિગ્દર્શિત 'કુબેર' એક ક્રાઈમ ડ્રામા છે. આ ફિલ્મનું શૂટિંગ તમિલ અને તેલુગુ બંને ભાષાઓમાં એકસાથે કરવામાં આવ્યું છે, જ્યારે તે હિન્દી, મલયાલમ અને કન્નડમાં પણ રિલીઝ થઈ રહી છે. જોકે, નવીનતમ માહિતી એ છે કે ફિલ્મને રિલીઝ પહેલા જ સેન્સર બોર્ડ દ્વારા ફટકો પડ્યો છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશનએ ફિલ્મમાંથી ૧૯ દ્રશ્યો કાપી નાખ્યા છે.'કુબેર' ફિલ્મને સીબીએફસી તરફથી યુએ પ્રમાણપત્ર મળ્યું છે. ૧૯ દ્રશ્યો કાપવાને કારણે, ફિલ્મ હવે ૧૩ મિનિટ અને ૪૧ સેકન્ડ ટૂંકી થઈ ગઈ છે. ફિલ્મના સત્તાવાર એકાઉન્ટે સીબીએફસી દ્વારા યુએ સર્ટિફિકેટ રિલીઝ થયાના સમાચાર આપ્યા છે અને કહ્યું છે કે ફિલ્મનો રનટાઈમ હવે ૧૮૧ મિનિટ છે. એટલે કે, તે હજુ પણ ૩ કલાક અને ૦૧ મિનિટ લાંબી ફિલ્મ છે.નિર્માતાઓનો દાવો છે કે ફિલ્મમાં બધું જ છે - નાટક, લાગણી, પ્રેમ, લોભ અને રોમાંચ. આંધ્ર બોક્સ ઓફિસ દ્વારા શેર કરવામાં આવેલી પોસ્ટ અનુસાર, ફિલ્મમાંથી ૧૯ દ્રશ્યો દૂર કરવા માટે સૂચના આપ વામાં આવી હતી. જે દ્રશ્યો કાપવામાં આવ્યા છે તેમાં ધનુષ, રશ્મિકા અને જીમ સરભના દ્રશ્યો શામેલ છે. દલીપ તાહિલ 'કુબેર'માં પણ છે.દર્શકો અને બોક્સ ઓફિસ બંનેને 'કુબેર' પાસેથી ઘણી અપેક્ષાઓ છે. આનું કારણ એ છે કે આ ધનુષની પહેલી તેલુગુ ફિલ્મ છે. જ્યારે આ 'અનામિકા' પછી દિગ્દર્શક શેખર કમ્મુલાનું બીજું ફિલ્મ છે. તાજેતરમાં જ્યારે ફિલ્મનું ટ્રેલર રિલીઝ થયું, ત્યારે ધનુષના ભિખારી પાત્રને જોઈને બધા તેના ચાહક બની ગયા. આ ફિલ્મનું નિર્માણ એમિગોસ ક્રિએશન્સનાં સુનીલ નારંગ અને પુષ્કર રામમોહન રાવે કર્યુ છે.'કુબેર'નું ટ્રેલર ફિલ્મના પ્લોટનો ખ્યાલ આપે છે. ટ્રેલર અભિનેતા હરીશ પેરાડીથી શરૂ થાય છે, જે રાજકારણી બની ગયો છે. જીમ સર્ભ એક શ્રીમંત ઉદ્યોગપતિ છે. અહીં હરીશ તેલ (પેટ્રોલિયમ)ના વ્યવસાયને 'કુબેરનો ખજાનો' તરીકે વર્ણવી રહ્યો છે. જીમ સર્ભ આ ખજાનો ઈચ્છે છે. વાર્તામાં, નાગાર્જુન એક મોટા સરકારી અધિકારીની ભૂમિકા ભજવી રહ્યો છે. તેને પૈસાની જરૂર છે. આ માટે, તે ભ્રષ્ટ રાજકારણીઓ અને ઉદ્યોગપતિઓ સાથે જોડાય છે.



# ધનુષની 'કુબેર'ના ટ્રેલરમાં નાગાર્જુન અને રશ્મિકા છવાયા




નાગાર્જુન અક્કીનેની, ધનુષ, રશ્મિકા મંદાના અને જીમ સર્ભ જેવા સ્ટાર્સ અભિનીત ફિલ્મ 'કુબેર'નું શક્તિશાળી ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. શેખર કમ્મુલા દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મનું ટ્રેલર હૈદરાબાદમાં આયોજિત પ્રી-રિલીઝ કાર્યક્રમમાં રિલીઝ થયું હતું. આ દરમિયાન પ્રખ્યાત દિગ્દર્શક એસએસ રાજામૌલી મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા. આ ધનુષની તેલુગુમાં પહેલી ફિલ્મ છે, તેથી જ તેમના ચાહકોને તેનાથી ઘણી અપેક્ષાઓ છે. ટ્રેલર જોયા પછી, ચાહકો કહે છે કે તે બ્લોકબસ્ટર હશે.કુબેરા ટ્રેલર ધનુષથી શરૂ થાય છે, જે ભિખારીની ભૂમિકામાં જોવા મળે છે અને કરોડોની કિંમત વિશે વિચારે છે. નાગાર્જુન કહે છે કે ઈતિહાસ સાક્ષી છે કે આ દેશમાં પૈસા અને શક્તિ કામ કરે છે, નૈતિકતા કે ન્યાય નહીં. વાર્તા સાચા અને ખોટા વચ્ચે સંઘર્ષ કરે છે. સસ્પેન્સ છે. લાગણીઓ પણ છે. ટ્રેલર એક શક્તિશાળી નોંધ પર સમાપ્ત થાય છે, જેમાં ધનુષ સિસ્ટમને જ પડકાર ફેંકે છે.'કુબેર'નો પ્રી-રિલીઝ કાર્યક્રમ અગાઉ ૧૩ જૂને યોજાવાનો હતો, પરંતુ અમદાવાદમાં એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટના પછી તે મુલતવી રાખવામાં આવ્યો હતો. ફિલ્મની ટીમે કહ્યું હતું કે, 'અમદાવાદમાં થયેલા વિનાશક વિમાન દુર્ઘટનાથી પ્રભાવિત તમામ લોકો પ્રત્યે અમારી સંવેદના છે. અમે પીડિતોના પરિવારો અને મિત્રો પ્રત્યે અમારી ઊંડી સંવેદના વ્યક્ત કરીએ છીએ. આ મુશ્કેલ સમયમાં તમને શક્તિ મળે.'આ ફિલ્મ ૨૦ જૂને સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. તેનું નિર્માણ એમિગોસ ક્રિએશન્સના સુનીલ નારંગ અને પુષ્કર રામમોહન રાવ દ્વારા કરવામાં આવ્યું છે. તે હિન્દી સહિત કુલ પાંચ ભાષાઓ (તમિલ, તેલુગુ, કન્નડ, મલયાલમ અને હિન્દી) માં થશે.

**કુબેરા ટ્રેલર ધનુષથી શરૂ થાય છે, જે ભિખારીની ભૂમિકામાં જોવા મળે છે અને કરોડોની કિંમત વિશે વિચારે છે**



# 'રાજાસાબ'ની ટીમ ૧૬ કલાક કામ કરતી અને એક્ટર્સ માટે શિફ્ટ હતી

**આ હોરર ફેન્ટસી ફિલ્મમાં પ્રભાસ પહેલાં ક્યારેય ન જોયો હોય એવા અંદાજમાં જોવા મળે છે**



પ્રભાસની ફિલ્મ 'રાજાસાબ'નું ટીઝર લોંચ થઈ ચૂક્યું છે, ત્યારે પ્રભાસની ફરી એક વખત મોટા પડદે એન્ટ્રીની રાહ જોવાઈ રહી છે. 'રાજાસાબ'નું ટીઝર રિલીઝ કરવા હૈદ્રાબાદમાં એક ઈવેન્ટ યોજાઈ હતી, જ્યાં પ્રોડ્યુસરે કહ્યું હતું કે એક્ટર્સ ૮ કલાકની શિફ્ટમાં કામ કરતા હતા, પરંતુ તે સિવાયની ટીમે દિવસમાં ૧૬-૧૮ કલાક કામ કરેલું છે. 'રાજાસાબ'ના ટીઝર પછી પ્રભાસની 'સ્પિરિટ'ની પણ ચર્ચા શરૂ થઈ ગઈ છે. આ ફિલ્મના મેકર સંદીપ રેડ્ડી વાંગા પહેલાંથી જ વિવાદમાં છે. તેમાં વાંગા અને દીપિકાના વિવાદના કારણે થોડાં દિવસોથી અહેવાલો આવતા જ રહે છે. દીપિકાએ આઠ કલાકની શિફ્ટ અને વધારાના સમય માટે વધારાના વળતરની માંગ સાથે કેટલીક માંગ ન સંતોષાતા ફિલ્મ છોડી દીધી હતી, ત્યારે 'સ્પિરિટ' ચર્ચાનો મુદ્દો બની ગઈ છે. 'રાજાસાબ'ના પ્રોડ્યુસર વિશ્વ પ્રસાદે જણાવ્યું, "લોકો જાણે જ છે કે ફિલ્મને અઢી વર્ષ કઈ રીતે લાગ્યાં. પહેલી અઘરી વાત તો એ હતી કે કલ્કિ પછી અમારું શિડ્યુલ ઘણું મોટું હતું, મધ્ય જુલાઈથી ઓગસ્ટથી શરુ કરીને ડિસેમ્બરના અંત સુધી અમારું શૂટ ચાલ્યું. મને ખબર નથી મારુથીએ કઈ રીતે મેનેજ કર્યું. એ લગભગ ૧૨૦ દિવસ સુધી સવારે ૬ કલાકે કામ શરૂ કરતા હતા અને રાત્રે ૧૧ વાગા સુધી કામ ચાલતું હતું." વિશ્વ પ્રસાદે એવું પણ કહ્યું કે ૩૦૦ દિવસ તો વીએફએક્સ પર જ લાગ્યા છે.આ અંગે ફિલ્મના ડિરેક્ટર મારુથીએ કહ્યું, "એવું થાય છે, એ લોકો ૮ કલાકની શિફ્ટમાં કામ કરતા હતા. હું કેટલાંક એક્ટર્સને એક સાઈડ રાખતો હતો અને પછી બીજાં કેટલાંક કલાકારો સાથે શૂટ કરતો હતો. પરંતુ અમે ક્રૂ દિવસના ૧૮ કલાક કામ કરતા હતા, સવારના ૬ વાગ્યાથી રાતના ૧૦ વાગ્યા સુધી, અમે ચોક્કસ કામ કરતા હતા. તેથી જ અમે આવી ગુણવત્તાવાળું કામ કરી શક્યા." આ ફિલ્મ ૫ ડિસેમ્બરના રોજ રિલીઝ થશે. આ ટીઝર પરથી અંદાજ આવે છે કે આ હોરર ફેન્ટસી ફિલ્મમાં પ્રભાસ પહેલાં ક્યારેય ન જોયો હોય એવા અંદાજમાં જોવા મળે છે. આ ટીઝરમાં પ્રભાસની આકર્ષક અને વિચિત્ર બાજુ સાથે એક્શન અવતાર પણ દેખાય છે.

**ફિલ્મ ૫ ડિસેમ્બરના રોજ રિલીઝ થશે..**

### આ'તન્વી ધ ગ્રેટ' ફિલ્મ ૧૮ જુલાઈએ સિનેમાઘરોમાં રિલીઝ થશે

# ટાઇમ્સ સ્ક્વેર ખાતે અનુપમ ખેર દ્વારા ફિલ્મ 'તન્વી ધ ગ્રેટ'નું પોસ્ટર લોન્ચ કરવામાં આવ્યું





ન્યૂયોર્કના પ્રખ્યાત ટાઈમ્સ સ્ક્વેર ખાતે અનુપમ ખેરે તેમની નવી ફિલ્મ 'તન્વી ધ ગ્રેટ'નું પોસ્ટર લોન્ચ કર્યું. આ પ્રસંગે ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવી રહેલી શુભાંગી દત્ત પણ તેમની સાથે હાજર હતી. મોટા પડદા પર પોતાની પહેલી ફિલ્મનું પોસ્ટર જોતાં જ તે ખુશીથી ઉછળી પડી. કોઈપણ નવા અભિનેતા માટે આ ખૂબ જ મોટી વાત છે. પહેલી જ ફિલ્મ અને તેનું પોસ્ટર સીધું ટાઈમ્સ સ્ક્વેર પર! અને સૌથી ખાસ વાત એ છે કે શુભાંગીને બોમન ઈરાની, જેકી શ્રોફ, અનુપમ ખેર જેવા અનુભવી કલાકારો સાથે કામ કરવાની તક મળી છે.વિડીયો શેર કરતા અનુપમ ખેરે કેપ્શન આપ્યું, "કુછ ભી હો સકતા હૈ". આ એ જ લાઈન છે જે તેમના લોકપ્રિય શો 'ધ અનુપમ ખેર શો'ની ટેગલાઈન હતી, જેમાં તેઓ સ્ટાર્સના જીવનની વાર્તાઓ કહેતા હતા. ૧૮ જૂને ટાઈમ્સ સ્ક્વેર ખાતે પોસ્ટર લોન્ચ થવાના એક દિવસ પહેલા, મુંબઈમાં સોશિયલ મીડિયા પર ફિલ્મનું પોસ્ટર રિલીઝ કરવામાં આવ્યું હતું.આ ફિલ્મમાં અનુપમ ખેર, બોમન ઈરાની, જેકી શ્રોફ, કરણ ટેકર, પલ્લવી જોશી અને શુભાંગી દત્ત જેવા ઘણા પ્રખ્યાત કલાકારો જોવા મળશે. ખાસ વાત એ છે કે અનુપમ ખેર આ ફિલ્મમાં માત્ર ભૂમિકા જ ભજવી રહ્યા નથી, પરંતુ તે તેના દિગ્દર્શક, નિર્માતા અને લેખક પણ છે.બાય ધ વે, આ પહેલી વાર નથી જ્યારે અનુપમ ખેરે દિગ્દર્શન કર્યું હોય - ૨૦૦૨માં પણ તેમણે 'ઓમ જય જગદીશ' નામની ફિલ્મનું દિગ્દર્શન કર્યું હતું, જેમાં અનિલ કપૂર, અભિષેક બચ્ચન અને ફરદીન ખાન અભિનિત હતા. 'તનવી ધ ગ્રેટ' એક એવી છોકરીની વાર્તા છે જે પોતાના પિતાના સ્વપ્નને પૂર્ણ કરવા માટે કોઈપણ હદ સુધી જવા માટે તૈયાર હોય છે. આ ફિલ્મ ૧૮ જુલાઈએ સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે.

# 'કિંગ' માટે શાહરુખ ખાને જેલના સેટ પર શૂટિંગ શરૂ કર્યું

**ખૂંખાર ખૂનીનો રોલ કરશે, શાહરુખે 'પઠાણ' અને 'જવાન'ની સફળતા પછી શાહરુખ હવે વધુ એક વખત એક્શન ફિલ્મ કરી રહ્યો છે**



શાહરુખ ખાન અને તેની દિકરી સહાનાની ફિલ્મ 'કિંગ'ની મોટી એક્શન સિક્વન્સ માટેનું શૂટ શરૂ થઈ ગયું છે. ફોરેનની જેલમાં દર્શાવાતો આ સીન લગભગ ૨૦૦ સ્ટંટમેન સાથે શૂટ થઈ રહ્યો છે, જેમાં શાહરુખ એક ક્રૂર ખુનીનો રોલ કરે છે. તેના સીન આ ફિલ્મમાં ઘણા મહત્વના છે.શાહરુખે 'પઠાણ' અને 'જવાન'ની સફળતા પછી શાહરુખ હવે વધુ એક વખત એક્શન ફિલ્મ કરી રહ્યો છે. સિદ્ધાર્થ આનંદ આ ફિલ્મ ડિરેક્ટ કરે છે, વિદેશની જેલના ફાઈટિંગ સીન માટે ફિલ્મનું શૂટિંગ ચાલુ થઈ ગયુ છે. આ એક એવો સીન હશે જે ફિલ્મ માટે ઘણો મહત્વનો હશે. એક અહેવાલ મુજબ આ અઠવાડિયાની શરૂઆતમાં જ મહેબુબ સ્ટુડિયોમાં લગાડેલા સેટમાં આ સીન માટેનું શૂટિંગ ચાલુ થઈ ગયું છે. આ સીનમાં શાહરુખના પાત્ર સિવાય વિદેશની જેલમાં એક ગુનેગારોની ગેંગ પણ હશે. સુત્રના જણાવ્યા અનુસાર, "આ સીન એક વિદેશની જેલનો હશે, જેમાં એક હિરો ગુનેગારોની ગેંગ સામે ટક્કર લેશે. આ સીન ઘણો મહત્વનો હોવાથી આ સીન માટે ખાસ સિદ્ધાર્થ આનંદે ત્રણ ઈન્ટરનેશનલ સ્ટંટ એક્સપર્ટ પણ બોલાવ્યા છે. ૧૫ તારીખે લગભગ ૨૦૦ સ્ટંટ આર્ટીસ્ટ સાથે આ સીનનું શૂટ કરવામાં આવ્યું હતું."આ સીન માટે શાહરુખે બહુ મહેનત કરી હતી અને વર્ક આઉટ કરીને આ સીન માટે ખાસ બોડી બનાવ્યું હતું. આ સીનનું શૂટિંગ ૨૧ જૂન સુધી ચાલશે, જેમાં કેટલાંક એવા થ્રિલિંગ સીન આવશે કે લોકો થિએટરમાં સિટીઓ પાડશે. 'કિંગ'માં શાહરુખ એક ચુસ્ત, એક્શન પેક અવતારમાં જોવા મળશે. ઝોયા અખ્તરની 'ધ આર્ચિઝ' પછી મોટા પડદે સુહાના આ ફિલ્મ સાથે ડેબ્યુ કરશે. તે ઉપરાંત આ ફિલ્મમાં દીપિકા પાદુકોણ, અભિષેક બચ્ચન, જયદીપ આઈાવત, અર્શદ વારસી, રાની મુખર્જી, અનિલ કપૂર, જેકી શ્રોફ, સૌરભ શુક્લા, રાઘવ જુયાલ અને અભય વર્મા પણ છે. અભિષેક બચ્ચન મુખ્ય વિલનના રોલમાં હોવાની ચર્ચા છે. બાકીના કલાકારોના પાત્રો વિશે હજુ કોઈ માહિતી બહાર આવી નથી. આ ફિલ્મના શૂટિંગનું શિડ્યુલ ૧૦૦ દિવસનું છે અને તે લગભગ ૨ ઓક્ટોબર ૨૦૨૬ના દિવસે રિલીઝ થાય એવી શક્યતા છે. આ ફિલ્મનું મ્યુઝિક સચિન જિગરે આપ્યું છે અને બેકગ્રાઉન્ડ મ્યુઝિક અનિરુદ્ધ રવિચંદરે આપ્યું છે.



### ફિલ્મને લઈને પશ્ચિમ બંગાળનું રાજકારણ ગરમાયું

# મમતા બેનર્જીએ કેસરી ચેપ્ટર ૨ ના નિર્માતાઓ સામે કરી ફરિયાદ




અક્ષય કુમારની 'કેસરી ચેપ્ટર ૨' ના નિર્માતાઓ સામે ઈતિહાસ સાથે છેડછાડ કરવાના આરોપમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ફિલ્મમાં બંગાળના સ્વાતંર્ત્ય સેનાનીઓના નામ બદલવામાં આવ્યા છે.અક્ષય કુમારની ફિલ્મ 'કેસરી ચેપ્ટર ૨' ને લઈને પશ્ચિમ બંગાળનું રાજકારણ ગરમાયું છે. શાસક તૃણમૂલ કોંગ્રેસએ ફિલ્મના નિર્માતાઓ પર બંગાળના સ્વાતંર્ત્ય સંગ્રામમાં યોગદાન આપનારા ક્રાંતિકારીઓના ઈતિહાસને વિકૃત કરવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. એટલું જ નહીં, ફિલ્મના સાત નિર્માતાઓ વિરુદ્ધ બુધવારે ભારતીય દંડ સંહિતા ની અનેક કલમો હેઠળ બિધાનનગર દક્ષિણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે.ફિલ્મમાં ખુદીરામ બોઝને "ખુદીરામ સિંહ" અને બરિન્દ્ર કુમાર ઘોષને "બિરેન્દ્ર કુમાર" (અમૃતસરના રહેવાસી) તરીકે વર્ણવવામાં આવ્યા છે. ટીએમસી નેતાઓ કહે છે કે આ માત્ર ભૂલ નથી, પરંતુ બંગાળના ઐતિહાસિક યોગદાનને ભૂંસી નાખવાનું એક સુનિયોજિત કાવતરું છે.ટીએમસી પ્રવક્તા કુણાલ ઘોષે પત્રકાર પરિષદમાં કહ્યું, "દેશ માટે પોતાનો જીવ આપનારા મહાન સ્વતંત્રતા સેનાનીઓના નામ બદલવામાં આવ્યા હતા. આ ઈતિહાસ સાથે છેડછાડ નથી, પરંતુ બંગાળની ઓળખ પર હુમલો છે. આવી ફિલ્મને સેન્સર સર્ટિફિકેટ કેવી રીતે મળ્યું?ફિલ્મનું નામ લીધા વિના, મુખ્યમંત્રી મમતા બેનર્જીએ નિર્માતાઓ પર પણ નિશાન સાધ્યું. તેણીએ કહ્યું, "બંગાળના ક્રાંતિકારીઓની ભૂમિકાને ઓછી આંકવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

# અઠવાડિયા પછી સંજય કપૂરના અંતિમસંસ્કાર કરવામાં આવ્યાં

**સંજય બિઝનેસ મોડલ ઇલેક્ટ્રિક વાહન, પાવરટ્રેન-ગિયર સિસ્ટમ જેવી એડવાન્સ ઓટોમોટિવ ટેક્નોલોજી પર આધારિત હતું**

૧૨ જૂનના રોજ કરિશ્મા કપૂરના પૂર્વ પતિ સંજય કપૂરનું લંડન ખાતે અવસાન થયું હતું. સાત દિવસ બાદ સંજય કપૂરનો મૃતદેહ દિલ્હી ખાતે લાવીને તેનો અંતિમસંસ્કાર કરવામાં આવ્યો હતો. સંજય કપૂરના અંતિમસંસ્કારમાં કરિશ્મા કપૂર અને બે સંતાનો તથા તેના પરિવારના સભ્યો તથા ફિલ્મજગતના અભિનેતા-અભિનેત્રીઓ જોડાયા હતા. સંજય કપૂરના અંતિમસંસ્કારના ફોટો તથા વીડિયો પણ સોશિયલ મીડિયામાં સામે આવ્યો છે. દિલ્હીના ઈલેક્ટ્રોનિક સ્મશાન ખાતે સંજય કપૂરનો અંતિમસંસ્કાર કરવામાં આવ્યો હતો. સંજય કપૂરના દીકરા કિયાન કપૂરે પોતાના પિતાના અંતિમ સંસ્કારની વિધિઓ કરી હતી. જોકે અંતિમસંસ્કાર વખતે કિયાન કપૂર ચોધાર આંખે રડી રહ્યો હતો. દીકરી સમાયરા પણ શોકાતૂર હતી. ત્યારે કરિશ્મા કપૂરે પોતાના સંતાનોને સાંત્વના આપી હતી. કરીના કપૂરે પણ ભત્રીજા-ભત્રીજીને આ કપરા સમયમાં સાંત્વના આપી હતી. સંજય કપૂરના અંતિમસંસ્કારમાં રણવીર કપૂર, સૈફઅલી ખાન સહિતના કપૂર પરિવારના અગ્રણીઓ તથા બોલિવૂડના અન્ય કલાકારો જોવા મળ્યા હતા. પોતાની પહેલી પત્ની નંદિતા મહતાની સાથે છૂટાછેડા કર્યા બાદ ૨૦૦૩માં સંજય કપૂરે કરિશ્મા કપૂર સાથે લગ્ન કર્યા હતા.



શાળામાં બાળકોને યોગ આસનો પ્રસ્તુત કર્યાઃ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓએ ઉત્સાહભેર ભાગ લીધો

# મામલતદાર સુ.શ્રી. માધવી મિસ્ત્રીના અધ્યક્ષસ્થાને આઈકોનિક સ્થળ શુક્લતીર્થ ખાતે નર્મદા હાઈસ્કૂલમાં પ્રિ-ઇવેન્ટનું આયોજન

। (માહિતી) ભરૂચ, તા.૨૦ ।

સમગ્ર વિશ્વમાં ૨૧મી જૂનના દિવસને યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. યોગને રોજિંદી જીવન શૈલીનો ભાગ બનાવીને નિયમિત યોગ દ્વારા નિરોગી જીવન જીવી શકાય છે. આથી વિશ્વ યોગ દિવસની ઉજવણી થકી લોકોને યોગ પ્રત્યે જાગૃત કરવામાં આવે છે. ત્યારે ભરૂચ મામલતદાર સુ.શ્રી. માધવી મિસ્ત્રીના અધ્યક્ષસ્થાને આઈકોનિક સ્થળ શુક્લતીર્થ ખાતે નર્મદા હાઈસ્કૂલમાં પ્રિ-ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. નર્મદા હાઈસ્કૂલના બાળકો અને ગામ લોકોએ વિશ્વ યોગ દિવસના અનુસંધાને યોગ અભ્યાસ કર્યો હતો. શાળામાં બાળકોને યોગ આસનો પ્રસ્તુત કર્યા હતા. વિદ્યાર્થીઓ, શિક્ષકો




અને વાલીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ તકે, ભરૂચ મામલતદાર સુ.શ્રી. માધવી મિસ્ત્રીએ જીવનમાં યોગનું મહત્વ, તેના ઈતિહાસ અને યોગના લાભો સંદર્ભે માર્ગદર્શન પૂરું પાડી વિદ્યાર્થીઓને યોગ અપનાવવા અનુરોધ કર્યો હતો.

# બોટાદવાસીઓને ૧૧ મા આતંરરાષ્ટ્રીય યોગ દિવસમાં ઉપસ્થિત રહેવા હાર્દિક આમંત્રણ

। (માહિતી) બોટાદ, તા.૨૦ ।

બોટાદ જિલ્લામાં ૧૧ માં આતંરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી તા. ૨૧ જુન ૨૦૨૫ સવારે ૬:૦૦ વાગે સરકારી માધ્યમિક શાળા સ્ટેશન રોડ, બોટાદ ખાતે કરવામાં આવશે. આ કાર્યક્રમમાં વિશેષ અતિથિ બોટાદ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી શ્રીમતિ જેઠીબેન પાલાભાઈ પરમાર ખાસ ઉપસ્થિત રહેશે.

આધુનિક જીવનશૈલીમાં સંતુલન લાવી, સમગ્ર ધરતી અને માનવ કલ્યાણ માટે અનન્ય સંદેશ એટલે "Yoga for One Earth, One Health" આવો, યોગ દ્વારા એકતા, શાંતિ અને આરોગ્યના આ ભવ્ય પર્વમાં સહભાગી બની સમૂહ ચેતનાની અનુભૂતિ કરીએ. ૧૧ માં આંતર રાષ્ટ્રીય યોગ દિવસમાં ઉપસ્થિત રહેવા બોટાદવાસીઓને હાર્દિક આમંત્રણ છે.

**યોગ શિબિરાર્થીઓ માટે સૂચના**

નાગરિકોએ સવારે ખાલી પેટે આવવું. દરેક નાગરિકેયોગનાઆસનોનેઅનુરૂપ કપડા પહેરવા, જેથી યોગ અભ્યાસ માટે સાનુકૂળતા રહે. શક્ય હોય તો સફેદ વસ્ત્રો પહેરવાં. નાગરિકોએ સમયથી ૩૦ મિનિટ વહેલાં આવી સ્થાન મેળવી લેવું. પહોંચવાનો સમય સવારે ૫:૩૦ વાગ્યે. દરેક નાગરિકે પોતાનાં શરીરની મર્યાદા મુજબ જ યોગ અભ્યાસ કરવો. જરૂર જણાય તો નિર્દેશક અથવા સ્વયંસેવકોનો સંપર્ક કરવો.

# થરા માર્કેટ યાર્ડ સામાન્ય ચુંટણી માટે એંસી આવેદન પત્રો ભરાયા, તમામ આવેદન પત્રો ચકાસણી પછી માન્ય




તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૨૦ ।

ગુજરાત વિધાનસભા કડી વિસાવદરની પેટા ચુંટણી ગઈકાલે યોજાઈ,ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણી રવિવારે થશે એ પુરી થયા બાદ બનાસકાંઠા જિલ્લાના અગ્રેસર કાંકરેજ તાલુકાના વેપારી મથક થરા માર્કેટ યાર્ડની સામાન્ય ચૂંટણીના તા.૨૦/૩/૨૫ ના રોજ ડો.પ્રતીક ઉપાધ્યાય નિયામક ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા બહાર પડેલ જાહેરનામ અનુસાર ગુજરાત ખેત ઉત્પન્ન અને બજાર,(પ્રમોશન એન્ડ કન્સીલી ટેશન) અધિનિયમ ૧૯૬૩ની કલમ ૧૧ માં કરેલ જોગવાઈ અનુસાર હાલની કમિટીની મુદત પૂર્ણ થયેલ કમિટીની સામાન્ય ચૂંટણીની ૧૦+૪+૨ બેઠકો માટે ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરેલ તેઅનુસંધાને તા.૧૯/૦૬/૨૦૨૫ના સવારે ૧૧ થી ૬ વાગ્યા સુધીમાં ખેડૂત મત વિભાગ અને વેપારીમાં વિભાગના કુલ ૧૦ + ૦૪ કુલ ૧૪ બેઠકો માટે ૬૯ + ૧૧ એમ કુલ ૮૦ ફોર્મ ભરાયા હતા આ તમામ ફોર્મની ચકાસણી તા ૨૦/૦૬/૨૦૨૫ના રોજ થયેલ જેમાં ખેડૂત વિભાગ ના ૬૯ તથા વેપારી વિભાગનાં ૧૧ એમ તમામ આવેદનપત્રો માન્ય રહયા હતા. આવેદનપત્રો પાછા ખેંચવાના તા.૨૩/૦૬/૨૫ સોમવારનાત્રણ વાગ્યા સુધી છે.એટલે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થઈ જશે. સહકારી મંડળીઓ અને ખરીદ વેચાણની બે બેઠકો માટે કોર્ટ કાર્યવાહી ચાલતી હોઈ તેનો જે નિર્ણય ચુકાદો આવ્યા પછી તે અંગે કાર્યવાહી હાથ ધરવામાં આવશે આ ચૌદ બેઠકો માટે ચુંટણી મતદાન તા.૩૦/૦૬/૨૫ સવારે નવ વાગ્યાથી સાંજ પાંચ વાગ્યા સુધી અને મતગણતરી તા.૦૧/૦૭/૨૫ સવારે નવ વાગ્યાથી પુરી થાય ત્યાં સુધી. તા.૨૩/૦૬/૨૫ સોમવારના ત્રણ વાગ્યા સુધી કોના આવેદનપત્રો પાછા ખેંચાય છે તે પછી ચુંટણી જંગ શરૂ થશે.આ ચૂંટણી જંગમાં ભાજપ ના બે જુથો વચ્ચે ટક્કર છે. થરા માર્કેટ યાર્ડમાં લગભગ ચોવીસ વર્ષની અણદાભાઈ રામાભાઈ પટેલ ચેરમેન પદે રહી ચુક્યા છે.આ વખતે નવા કોઈ વ્યક્તિની પસંદગી થાય તેવી રણનીતિ ખેલાઈ રહી છે. અત્યારે થરા માર્કેટ યાર્ડમાં વહીવટદાર તરીકે જિલ્લા રજીસ્ટર ગઢવી કામગીરી કરી રહયા છે.

# નવી સિવિલ હોસ્પિટલ ખાતે વિશ્વ સિકલ સેલ દિવસની ઉજવણીઃ દર્દીઓને કીટનું વિતરણ કરાયુ

। સુરત, તા.૨૦ ।

દર વર્ષે ૧૯મી જૂને "વિશ્વ સિકલ સેલ દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસ નિમિત્તે સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખાસ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં દર્દીઓને સ્નેહભેર કીટનું વિતરણ પણ કરવામાં આવ્યું. આ ઉપરાંત દર્દીઓ અને તેમના પરિવારજનોને રોગ અટકાવવા અંગેની માહિતી આપવામાં આવી હતી. ગૌરવ વાત તો એ છે કે, સુરતની નવી સિવિલ હોસ્પિટલને ભારત સરકાર દ્વારા સિકલ સેલ માટે "Centre of Compªence" તરીકે પસંદ કરવામાં આવી છે. આ માટે ખાસ મોલિક્યુલર ડાયગ્નોસિસ લેબ કાર્યરત રહેશે, જેના દ્વારા રોગનું નિદાન વહેલું અને ચોકસાઈભર્યું શક્ય બનશે. સિકલ સેલ એનિમિયાએ વારસાગત રક્તજન્ય રોગ છે, જે મુખ્યત્વે આદિવાસી વસ્તી ધરાવતા વિસ્તારોમાં જોવા મળે છે. ભારતના ગુજરાત,



ઓડિશા, ઝારખંડ, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં આ રોગના દર્દીઓની નોંધણી થઈ છે. સુરત નવી સિવિલ હોસ્પિટલ દક્ષિણ ગુજરાતની એકમાત્ર સંસ્થા છે, જે સિકલ સેલના દર્દીઓ માટે વિશિષ્ટ સારવારનું કેન્દ્ર બન્યું છે. અહીં કાઉન્સિલિંગ, રસીકરણ, નિદાન, મફત દવાઓ, ICU સારવાર, ઓર્થોપેડીક સર્જરી અને રક્ત આપતી બ્લડ બેંક જેવી તમામ આધુનિક સેવાઓ ઉપલબ્ધ છે.ઉપરાંત જટિલ પ્રસૂતિ માટે વિશિષ્ટ ડિલિવરી સેવા, થાપાના ગોળા સૂકાયેલા દર્દીઓ માટે મફત થાપા પ્રત્યારોપણ, ક્રિટીકલ દર્દીઓ માટે ઓટોમેટેડ બ્લડ એક્સચેન્જ થેરાપી, ICU અને તાત્કાલિક સારવાર વ્યવસ્થા, બ્લડ બેંક મારફતે સતત રક્ત પુરવઠો જેવી અદ્યતન અને મફત સેવાઓ પણ શામેલ છે.

હાલમાં હોસ્પિટલમાં સિકલ સેલ એનિમિયાના પાંચ દર્દીઓ દાખલ છે, જેમની મુલાકાત તબીબી અધિક્ષક ડો ધારિત્રી પરમાર, ડો. જિગિષા પાટોડીયા, ડો. કે.એન. ભટ્ટ, AHA કવિશા ભાટિયા, સિકલસેલ પ્રોજેકટના નોડલ ઓફિસર ડો. અશ્વિન વસાવા RMO ડો.ભરત પટેલ, મેટ્રોન જિગિષા શ્રીમાળી, વોર્ડના સ્ટાફ અને રેસિડન્ટ ડોક્ટર્સ દ્વારા લેવામાં આવી હતી

# પશ્ચિમ રેલવે દ્વારા વટવા-હુબલી સ્પેશ્યલ ટ્રેનના ફેરા વિસ્તૃત

। અમદાવાદ, તા.૨૦ ।

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરો ની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને અમદાવાદ મંડળથી ઉપડતી વટવા-હુબલી સાપ્તાહિક સ્પેશ્યલ ટ્રેનના ફેરાને વિશેષ ભાડા સાથે સમાન સંરચના, સમય, સ્ટોપેજ તથા માર્ગ પર વિસ્તૃત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગત નીચે મુજબ છેઃ

**ટ્રેન સંખ્યા ૦૭૩૩૪/૦૭૩૩૩ વટવા-હુબલી-વટવા સ્પેશ્યલ**

ટ્રેન સંખ્યા ૦૭૩૩૪ વટવા-હુબલી સ્પેશ્યલ, જેને અગાઉ ૧૬ જૂન ૨૦૨૫ સુધી સૂચિત કરવામાં આવી હતી, તેને હવે ૧૪ જુલાઈ ૨૦૨૫ સુધી વિસ્તૃત કરવામાં આવી છે. તે જ રીતે ટ્રેન સંખ્યા ૦૭૩૩૩ હુબલી-વટવા સ્પેશ્યલ, જેને અગાઉ ૧૫ જૂન ૨૦૨૫ સુધી સૂચિત કરવામાં આવી હતી, તેને હવે ૧૩ જુલાઈ ૨૦૨૫ સુધી વિસ્તૃત કરવામાં આવી છે.

ટ્રેન સંખ્યા ૦૭૩૩૪ ના વિસ્તૃત ફેરાઓની બુકિંગ તમામ પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી ની વેબસાઈટ પર શરૂ થઈ ગયું છે. ટ્રેનોના સ્ટોપેજ સમય અને સંરચના સંબંધિત વિસ્તૃત માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે

# સિવિલ ડિફેન્સ-સુરતના ડેપ્યુટી ચીફ વોર્ડન મોહંમદ નવેદ શેખને ચીફ વોર્ડન તરીકે બઢતી

। (માહિતી) સુરત, તા.૨૦ ।

યુદ્ધ, કુદરતી તેમજ માનવસર્જિત આફતો સમયે નાગરિકોને સ્વરક્ષણ અંગે તાલીમ આપી નાગરિકોનો જુસ્સો જાળવી રાખવા અને મદદરૂપના હેતુથી સિવિલ ડિફેન્સ કાર્યરત છે, ત્યારે સિવિલ ડિફેન્સ-સુરતના ડેપ્યુટી ચીફ વોર્ડન મોહંમદ નવેદ શેખને સિવિલ ડિફેન્સ-સુરતના ચીફ વોર્ડન તરીકે બઢતી આપવામાં આવી છે તેમજ તેમની ખાલી પડેલી જગ્યા ઉપર શ્રી વિજયકુમાર એસ. પટેલને ડેપ્યુટી ચીફ વોર્ડન તરીકે બઢતી



આપવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સુરત સિવિલ ડિફેન્સમાં અન્ય બે ડેપ્યુટી ચીફ વૉર્ડન મેહુલ સોરઠીયા અને વિજય છૈરા પણ સેવા આપી રહ્યા છે.

# વિશ્વ યોગ દિવસની ઉજવણી નિમિતે બોટાદ જિલ્લા કલેક્ટર શ્રી ડો. જીન્સી રોયની અધ્યક્ષતામાં પત્રકાર પરિષદ યોજાઈ

બોટાદ જિલ્લામાં વિશ્વ યોગ દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી સરકારી હાઈસ્કૂલ, સ્ટેશન રોડ, બોટાદ ખાતે થશે




। (માહિતી) બોટાદ, તા.૨૦ ।

પ્રાચીન ભારતીય પરંપરા દ્વારા માનવજાતને અપાયેલી એક અમૂલ્ય ભેટ એવી "યોગ વિદ્યા"ને વિશ્વ ફલક ઉપર લાવવા તથા માનવજાતને આરોગ્ય, સુખાકારી અને માનવતા તરફ દોરવાના ઉમદા હેતુથી સમગ્ર વિશ્વમાં તારીખ ૨૧મી જૂનના દિવસને "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" તરીકે ઉજવવામાં આવે છે.

જે મુજબ વર્ષ-૨૦૧૫થી પ્રતિ વર્ષ ૨૧ જૂનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી સમગ્ર વિશ્વમાં કરવામાં આવે છે. આ વર્ષે ૨૧મી જૂન, ૨૦૨૫ અગીયારમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી સમગ્ર રાજ્યમાં કરવામાં આવનાર છે. જે અંતર્ગત બોટાદ જિલ્લામાં તમામ તાલુકા, નગરપાલિકા અને ગ્રામ્યકક્ષાએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણીનુ આયોજન કરવામાં આવ્યું છે. યોગ દિવસની ઉજવણી અંગે માહિતી આપવા માટે બોટાદ જિલ્લા કલેક્ટરશ્રી ડો. જીન્સી રોયે પત્રકાર પરિષદ સંબોધી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે, "જિલ્લાકક્ષાનો વિશ્વ યોગ દિવસનો કાર્યક્રમ સરકારી હાઈસ્કૂલ, સ્ટેશન રોડ, બોટાદ ખાતે યોજાશે. જેમા જિલ્લાની તમામ શાળાઓ, કોલેજો, સ્વૈચ્છિક સંસ્થાઓ, ઉદ્યોગો, નાગરિકો, યોગસાધકો સહિત તમામ ઉપસ્થિત રહેશે. જિલ્લાના વિશિષ્ટ સ્થળ તરીકે શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર, બરવાળા ખાતે પણ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામા આવનાર છે. ગઢડા તાલુકા/નગરપાલિકા કક્ષાનો યોગ દિવસ કાર્યક્રમ શ્રી વિ.એમ.પટેલ હાઈસ્કૂલ, ગઢડા ખાતે, બરવાળા તાલુકા/નગરપાલિકા કક્ષાનો કાર્યક્રમ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર, બરવાળા ખાતે, બોટાદ તાલુકા/નગરપાલિકા કક્ષાનો કાર્યક્રમ શ્રી એમ. ડી.શાહ વિદ્યાલય,બોટાદ ખાતે તેમજ રાણપુર તાલુકા/નગર પાલિકા કક્ષાનો કાર્યક્રમ શ્રી ગીતાંજલી ગ્લોબલ સ્કૂલ, રાણપુર ખાતે યોજાશે.આ સિવાય જિલ્લામાં કુલ ૬૫૦ જગ્યાએ યોગ દિવસ ઉજવાશે." પત્રકાર પરિષદમાં બોટાદ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી કે.એફ.બળોલીયાએ જણાવ્યું હતું કે, બોટાદ જિલ્લા પોલીસ દ્વારા પણ યોગ દિવસ ઉજવવામાં આવશે. ૨૧ જૂનના રોજ પોલીસ જવાનો યોગ દિવસની ઉજવણીમાં ભાગ લેશે. સાથોસાથ યોગ અંગે લોકોમાં જાગૃતિ આવે તે માટે તા. ૨૦ જૂનના રોજ બોટાદ ટાઉનમાં રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું છે." કલેક્ટરશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, "આ વર્ષે ૧૧ મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં વિશાળ જનસંખ્યામાં નાગરિકો જોડાય તેવો જિલ્લા વહિવટી તંત્ર વતી અનુરોધ કરવામા આવે છે."

# મુકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને સરસાણા કન્વેન્શન સેન્ટર ખાતે તા.૨૧ જૂન-આંતરરાષ્ટ્રીય યોગ દિવસની જિલ્લાકક્ષાની ઉજવણી થશે

। (માહિતી) સુરત, તા.૨૦ ।

ભારત દ્વારા વિશ્વને મળેલી અનમોલ ભેટ સમાન 'યોગ વિદ્યા'ને કેન્દ્ર સરકારના પ્રયાસોથી વૈશ્વિક સ્વીકૃતિ મળી છે અને દર વર્ષે ૨૧મી જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસના રૂપમાં વૈશ્વિક ઉજવણી કરવામાં આવે છે, ત્યારે સુરત સરસાણા કન્વેન્શન સેન્ટર ખાતે તા.૨૧ જૂન-આંતરરાષ્ટ્રીય યોગ દિવસની જિલ્લાકક્ષાની ઉજવણી કરવામાં આવશે. જે સંદર્ભે જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધીના અધ્યક્ષસ્થાને પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી.જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે, યોગ પ્રત્યેનું પ્રોત્સાહક વાતાવરણ નિર્માણ થાય અને વધુને વધુ લોકો યોગ અપનાવી સ્વાસ્થ્યપ્રેમી બને એવા હેતુ સાથે આ વર્ષે પણ સુરત શહેર-જિલ્લામાં યોગ દિવસની ઉત્સાહ સાથે ઉજવણી કરાશે. "યોગ ફોર વન અર્થ-વન હેલ્થ"ની થીમની સાથોસાથ ગુજરાતમાં 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત'ની થીમ પર યોગ દિન ઉજવાશે, જેના ભાગરૂપે સુરત મનપા તથા જિલ્લા વહીવટીતંત્રના સંયુકત ઉપક્રમે જિલ્લાકક્ષાનો કાર્યક્મ સરસાણા કન્વેન્શન સેન્ટર ખાતે સવારે ૬.૦૦ થી ૮.૦૦ વાગ્યા દરમિયાન યોજાશે. આ ઉપરાંત તાલુકા, નગરપાલિકા, ગ્રામ પંચાયતો, શાળા-કોલેજો, યુનિવર્સિટીઓ, જેલ, પોલીસ સ્ટેશનો, ઔદ્યોગિક એકમો, આરોગ્ય કેન્દ્રો, સરકારી અને ખાનગી સંસ્થાઓ, વોર્ડકક્ષાએ બાગ બગીચાઓ, વોક-વેમાં યોગદિનના કાર્યક્રમો યોજાશે.

# ૧૧માં વિશ્વ યોગ દિવસની જિલ્લાકક્ષાની ઉજવણીનાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ હિંમતનગર ખાતે કરાશે

। (માહિતી) ભરૂચ, તા.૨૦ ।

ગાય આધારિત પ્રાકૃતિક ખેતી એ ભારતીય ખેતીની પરંપરાગત પદ્ધતિ છે, જે આધુનિક સમયમાં પણ ટકાઉ અને પર્યાવરણને અનુકૂળ ખેતીનું મહત્વનું સાધન બની રહી છે. આ પદ્ધતિમાં ગાયના છાણ, ગૌમૂત્ર અને અન્ય કુદરતી સંસાધનોનો ઉપયોગ ખેતીમાં ખાતર, જંતુનાશક અને જમીનની ફળદ્રુપતા વધારવા માટે કરવામાં આવે છે. આ લેખમાં ગાય આધારિત પ્રાકૃતિક ખેતીના મુખ્ય ફાયદાઓની ચર્ચા કરવામાં આવશે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજે વધારે તેલ અને મસાલાવાળું આહાર ટાળોજો. ધન ની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો? મિત્રો સાથે સાંજ અત્યંત મનોરંજક તથા આનંદસભર રહેશે. આજે તમે તમારા પ્રિયપાત્ર સામ તમારી લાગણીઓ વ્યક્ત નહીં કરી શકો. માનસિક સ્પષ્ટતા તમને બિઝનેસમાં અન્યોની સરખામણીએ આગળ રાખશે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારૂં મંતવ્ય વ્યક્ત કરતા અચકાતા નહીં. આત્મવિશ્વાસની કમીને તમારા પર અંકુશ જમાવવા ન દો કેમ કે એનાથી તમારી સમસ્યાઓની ગૂંચવણ ઓર વધશે અને તમારો વિકાસ મંદ પડશે. આત્મવિશ્વાસ પાછો મેળવવા માટે તમારી જાતને વ્યક્ત કરો તથા સમસ્યા સાથે પનારો પાડવા ખુલ્લા દિલે સ્મિત કરો. સૌથી અણધાર્યા સાધનોમાંથી તમે કમાણી કરો એવી શક્યતા છે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજે અન્યોની ટીકા કરવાની તમારી ટેવને કારણે તમારે ટીકાનો સામનો કરવો પડે એવી શક્યતા છે. તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે પૈસા ની અછત ઘરમાં વિવાદ નું કારણ બની શકે છે, આવી સ્થિતિ માં તમારા ઘર ના લોકો સાથે કાળજીપૂર્વક વાત કરો અને તેમની સલાહ લો. અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે-તમારી સામે એટલી બધી બાબતો હશે અને તમાંથી કઈ બાબત હાથ ધરવી તેની મીઠી મૂમંઝવણ તમને થશે.



**સિંહ (મ,ટ) :**

આજે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. આજે તમારા હાથ માં ધન નહિ ટકે, ધન સંચય કરવા માં આજે તમને ઘણી બધી તકલીફો નો સામનો કરવો પડશે? પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે. રૉમાન્સને આજે ઓછું મહત્વ મળે એવું લાગે છે કેમ કે તમારૂં પ્રિયપાત્ર ખૂબ જ વધારે પડતી માગ કરી રહ્યું હોય એવું લાગે છે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમારા માટે વધુ પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. લોકો તમને નવી આશાઓ તથા સપનાં આપશે-પણ તમારા પોતાના પ્રયત્નો પર ઘણું બધું અવલંબશે. આજે તમારા હૃદયના ધબકારા તમારા પ્રિયપાત્રવા લય સાથે તાલ મેળવશે અને પ્રેમનું સંગીત રેલાવશે. તમારા વરિષ્ઠો આજે તમારા કામની ગુણવત્તાથી પ્રભાવિત થાય એવી શક્યતા છે.



**તુલા (ર,ત) :**

મૌસમનો મિજાજ માણતા, ખાતી-પીતી વખતે ચેતતા રહેજો. બેદરકારી તમને બીમાર પાડી શકે છે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. તમારી મહત્વાકાંક્ષા વિશે તમારા માતા-પિતા સામે રહસ્યોદ્ઘાટન માટે સારો સમય. તેઓ તમને સંપૂર્ણ સહકાર આપશે. તેની પ્રાપ્તિ માટે તમારે ધ્યાન કેન્દ્રિત કરી સખત મહેનત કરવાની જરૂર છે.



**વૃશ્ચિક (ન,ય) :**

પિતા તમને સંપત્તિના વારસામાંથી બેદખલ કરી શકે છે.પણ હિંમત હારતા નહીં. ઐશ્વર્ય મનને લાડ લડાવે છે જ્યારે અછત તેને મજબૂત બનાવે છે. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. મિત્રો તમારા અંગત જીવનમાં જરૂર કરતાં વધારે ચંચૂપાત કરશે. એકતરફી આકર્ષણ તમારી માટે માથાનો દુખાવો જ લાવશે.



**મકર (ખ,જ) :**

આજે તમારે બેસવાની અને આરામ કરવાની-તથા શોખમાં ઓતપ્રોત થવાની તથા તમને જે કરવું ગમે છે તે કરવાની જરૂર છે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. તમારે બાળકો સાથે કેટલોક સમય વિતાવવાની તથા તેમને સારા મૂલ્યો શીખવવાની તથા તેમને તેમની જવાબદારીની જાણ થાય તેવા પ્રયાસો કરવાની જરૂર છે.



**કુંભ (ગ,શ,સ) :**

આજનો દિવસે લાભદાયક રહેશે. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે. પરિવાર, બાળકો તથા મિત્રો સાથે વિતાવેલો સમય તમારી શક્તિ પાછી મેળવવા માટે મહત્વનો છે. આજે તમે કુદરતી સૌદર્ય દ્વારા અંજાઈ જાવ એવી શક્યતા છે. કામના સ્થળે આજે તમે એક અદભુત વ્યક્તિને મળો એવી શક્યતા છે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે તમારે જીવનસાથીની તબિયત વિશે યોગ્ય દરકાર તથા ધ્યાન આપવું પડશે. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ? ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. આજે તમારૂં પ્રિયપાત્ર તમારા અનિશ્ચિત વર્તન સાથે પનારો પાડવામાં ખૂબ જ મુશ્કેલી અનુભવશે.

## અમેરીકાએ તમામ દેશો માટે સ્ટુડન્ટ વિઝા પરનો પ્રતિબંધ હટાવ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

અમેરિકાએ ભારત સહિતના તમામ દેશો માટે સ્ટુડન્ટ વિઝા પર મૂકેલા હંગામી પ્રતિબંધને હટાવી દીધો છે અને વિઝા પ્રોસેસને ફરી ચાલુ કરી છે, પરંતુ હવે તમામ અરજદારોના સોશિયલ મીડિયા એકાઉન્ટનું સ્ક્રિનિંગ ફરજિયાત બનાવ્યું છે. આનો અર્થ એવો થાય છે કે તમામ અરજદારોના સોશિયલ મીડિયા એકાઉન્ટની સરકાર તપાસ કરશે અને અમેરિકા વિરુદ્ધ કોઈ પોસ્ટ હશે તો અરજી રિજેક્ટ કરશે. વિદેશ વિભાગે જણાવ્યું હતું કે મે મહિનામાં સ્ટુડન્ટ વિઝા પર મૂકવામાં આવેલા હંગામી પ્રતિબંધને સરકારે પાછો ખેંચી લીધો છે, પરંતુ સોશિયલ મીડિયા એકાઉન્ટ્સને 'પબ્લિક' મોડ ન રાખતા અને તપાસનો ઈનકાર કરતાં નવા અરજદારોની વિઝા અરજી રિજેક્ટ થઈ શકે છે. કોન્સ્યુલર અધિકારીઓ એવી પોસ્ટ્સ અને મેસેજ પર નજર રાખશે, જે અમેરિકા, તેની સરકાર, સંસ્કૃતિ, સંસ્થાઓ અથવા સ્થાપના સિદ્ધાંતોની વિરુદ્ધમાં હોય.

## ભારત ઇઝરાયલથી તેના નાગરિકોને બહાર કાઢશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

ઈરાન-ઈઝરાયલ યુદ્ધ વચ્ચે ભારતે પોતાના નાગરિકોને બહાર કાઢવા માટે 'ઓપરેશન સિંધુ' શરૂ કર્યું છે. આ કામગીરી હેઠળ, પહેલા ઈરાનમાંથી ભારતીય નાગરિકોને બહાર કાઢવામાં આવ્યા છે. હવે વિદેશ મંત્રાલયે કહ્યું છે કે તે ઈઝરાયલમાંથી પણ પોતાના નાગરિકોને બહાર કાઢશે. વિદેશ મંત્રાલયે કહ્યું કે ઈઝરાયલમાં હાજર ભારતીય નાગરિકો જે પોતાના દેશમાં પાછા ફરવા માંગે છે તેમને તેલ અવીવ સ્થિત ભારતીય દૂતાવાસ દ્વારા સહાય પૂરી પાડવામાં આવશે. MEA ના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના તાજેતરના વિકાસને ધ્યાનમાં રાખીને, ભારત સરકારે ઈઝરાયલથી એવા ભારતીય નાગરિકોને બહાર કાઢવાનો નિર્ણય લીધો છે જેઓ ત્યાંથી જવા માંગે છે. ઈઝરાયલથી ભારતની તેમની યાત્રા જમીન સરહદો દ્વારા અને પછી હવાઈ માર્ગે ભારત આવશે." દૂતાવાસે તેની અગાઉની એડવાયઝરીનો પુનરોચ્ચાર કર્યો અને ભારતીયોને સતર્ક રહેવા અને ઈઝરાયલી અધિકારીઓ અને હોમ ફ્રન્ટ કમાન્ડ દ્વારા જારી કરાયેલ સલામતી માર્ગદર્શિકાનું કડક પાલન કરવા વિનંતી કરી. મંત્રાલયે જણાવ્યું હતું કે સરકારે ઈઝરાયલથી એવા ભારતીય નાગરિકોને બહાર કાઢવાનો નિર્ણય લીધો છે જેઓ ત્યાંથી જવા માંગે છે. નાગરિકોને પહેલા જમીન સરહદ દ્વારા અને પછી હવાઈ માર્ગે ઈઝરાયલથી ભારત લાવવામાં આવશે. તેલ અવીવમાં ભારતીય દૂતાવાસ આ માટે વ્યવસ્થા કરશે.

### ઈલોન મસ્કને ફરી ઝટકો,

## ઇલોન મસ્કની સ્પેસ એક્સના સ્ટાર શિપ માં પરીક્ષણ વખતે રોકેટમાં પ્રચંડ વિસ્ફોટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।



અમેરિકાના અબજોપતિ ઈલોન મસ્કની સ્પેસ એક્સ કંપનીના સ્ટાર શિપ રોકેટમાં મોટો વિસ્ફોટ થયો હતો. આ ઘટના બને દિવસ અગાઉ ૧૮ જૂનની રાતે ૧૧ વાગ્યે રોકેટના ફ્લાઈટ ટેસ્ટ દરમિયાન બની હતી. ભયંકર ધમાકા સાથે આગ પણ ફેલાઈ હોવાના સમાચાર મળ્યાં છે.સ્પેસ એક્સ કંપનીનું રોકેટ લોન્ચિંગ બેઝ(રોકેટ તરતાં મૂકવાનું સ્થળ) અમેરિકાના ટેક્સાસ રાજ્યના મેસી સેન્ટરમાં આવેલું છે. સ્પેસ એક્સ કંપનીનાં સૂત્રોએ એવી સ્પષ્ટતા પણ કરી છે કે રોકેટમાં થયેલા વિસ્ફોટને કારણે કોઈ જાનહાની નથી થઈ કે કોઈ વ્યક્તિ દાઝી પણ નથી. આમ છતાં અમે આ વિસ્તારનાં નાગરિકોને વિસ્ફોટના સ્થળેથી દૂર રહેવાની સલાહ આપી છે. સ્પેસ એક્સ કંપનીનાં સૂત્રોએ એવી માહિતી પણ આપી છે કે બુધવારે રાતે ૧૧ વાગ્યે અમારા સ્ટારબેઝ પર સ્ટાર શિપ રોકેટની દસમી ફ્લાઈટ ટેસ્ટ થઈ રહી હતી તે દરમિયાન અચાનક જ મોટો વિસ્ફોટ થયો હતો. ધમાકા સાથે આગ પણ ફેલાઈ હતી. સ્ટાર શિપ રોકેટ ઘણું શક્તિશાળી અને અત્યાધુનિક ટેકનોલોજી સાથેનું છે. સ્પેસ એક્સ કંપની એવી તૈયારી કરી રહી છે કે ભવિષ્યમાં આ જ સ્ટાર શિપ રોકેટ દ્વારા તરતા મૂકાયેલા અવકાશયાનમાં બેસીને અમેરિકાના અવકાશયાત્રીઓ ચંદ્ર અને મંગળની ધરતી પર ઉતરશે. જોકે હાલ આ મહત્વાકાંક્ષી યોજનાની આગોતરી તૈયારીરૂપે અમુક મહત્વનાં ટેકનિકલ પરીક્ષણો કરવાં બહુ જરૂરી છે. આ પ્રકારનાં પરીક્ષણોમાં માનવહીન પરીક્ષણોનો પણ સમાવેશ થાય છે. આ જ પરીક્ષણોમાંના છેલ્લા સ્ટેટિક ફાયર ટેસ્ટ દરમિયાન એન્જિન ચાલુ કરવામાં આવ્યું હતું.

### કમલ હાસનની ફિલ્મ 'ઠગ લાઈફ'ના મામલે કર્ણાટક સરકારની ઝાટકણી

## ફક્ત લાગણી દુભાતી હોવાથી ફિલ્મ કે સ્ટેન્ડ-અપ કોમેડી રોકી ના શકાયઃ સુપ્રીમ

### ન્યાયાધીશ ઉજ્જલ ભૂયાન અને મનમોહન બનેલી ખંડપીઠે જણાવ્યું હતું કે ભારતમાં લાગણીઓને ઠેસ પહોંચવાના મુદ્દાનો કોઈ અંત નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

કમલ હાસન અભિનીત ફિલ્મ 'ઠગ લાઈફ'ના રિલીઝમાં અવરોધ ઉભો કરનારાઓ સામે કાર્યવાહી કરવાનો કર્ણાટક સરકાર આદેશ આપતા સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે કોઈ ફિલ્મ, સ્ટેન્ડ-અપ કોમેડી કે કવિતા પઠનને ફક્ત એટલા માટે રોકી શકાય નહીં, કારણ કે તે કોઈની લાગણીને ઠેસ પહોંચે છે.ન્યાયાધીશ ઉજ્જલ ભૂયાન અને મનમોહન બનેલી ખંડપીઠે જણાવ્યું હતું કે ભારતમાં લાગણીઓને ઠેસ પહોંચવાના મુદ્દાનો કોઈ અંત નથી. કોઈ સ્ટેન્ડ-અપ કોમેડિયન કંઈક કહે છે, તો લાગણીઓને ઠેસ પહોંચે છે અને તોડફોડ અને વિરોધ થાય છે. આપણે ક્યાં જઈ રહ્યા છીએ? શું તેનો અર્થ એ છે કે વિરોધને કારણે કોઈ ફિલ્મ, સ્ટેન્ડ-અપ કોમેડી કે કવિતા પઠન બંધ કરવું જોઈએ? સર્વોચ્ચ અદાલતના આકરા વલણ પછી કર્ણાટક સરકાર ફિલ્મ પ્રદર્શિત કરતા સિનેમા થિયેટરોને પૂરતી સુરક્ષા પૂરી પાડવાની ખાતરી આપી હતી. આ પછી કોર્ટે જણાવ્યું હતું કે રાજ્યે ફિલ્મની રિલીઝ માટેનો માર્ગ મોકળો કરતું સોગંદનામું દાખલ કર્યું છે. તેથી આ મામલાનો અંત લાવવો ન્યાયના હિતમાં રહેશે.આ સમગ્ર મામલો કન્નડ ભાષા તમિલમાંથી જન્મી છે, તેવી ટિપ્પણી કમલ હાસનની ટીપ્પણી સાથે જોડાયેલો છે. આવી ટીપ્પણી બદલ કમલ હાસનની માફીની માગણી કરવા બદલ કર્ણાટક ફિલ્મ ચેમ્બર ઓફ કોમર્સ સામે સવાલ ઉઠાવતા કોર્ટે જણાવ્યું હતું કે અમે આવી અરજી સ્વીકારી શકીએ નહીં. ફક્ત એક અભિપ્રાયને કારણે કોઈ ફિલ્મને અટકાવી દેવી જોઈએ?







દિલ્હી ખાતે ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડાજીના દિલ્હી સ્થિત નિવાસ સ્થાને શુભેચ્છા મુલાકાત કરતા NCUI અને ઈફકોના અધ્યક્ષ દિલીપ સંઘાણી. ઈફકો દ્વારા નિર્મિત નેનો યુરિયા અને નેનો ડી.એ.પી ના ડેવલપમેન્ટ બાબતે વિસ્તૃત ચર્ચા કરી.

## વિપ્રોએ મુંબઈમાં મહિને રૂ.૨.૪૭ કરોડના ભાવે પ્રોપર્ટી ભાડે લીધી

। મુંબઇ, તા.૨૦ ।

આઈટી ક્ષેત્રની અગ્રણી કંપની વિપ્રો લિમિટેડે નવી મુંબઈમા એઈરોલી ખાતે માઈન્ડસ્પેસ બિઝનેસ પાર્કમાં ૩.૮૭ લાખ ચોરસ ફૂટ વ્યવસાયિક જગ્યા મહિને રૂ.૨.૪૭ કરોડના ભાડે લીધી હોવાનું જણાવ્યું છે. પ્રોપસ્ટેકે મેળવેલા મિલકતની નોંધણીના દસ્તાવેજને આધારે આ વિગતો સામે આવી છે. વિપ્રોએ આ વધારાની જગ્યા લીઝ પર લઈને નવી મુંબઈમાં તેનો વ્યાપ વધારી રહ્યું હોવાનું જણાય છે. અગાઉ આ જ બિઝનેસ પાર્કમાં તે ૩.૪૫ લાખ ચોરસ ફૂટ જગ્યા ધરાવે છે.૩૧ જુલઈ ૨૦૨૪થી અમલી થાય તે રીતે કંપનીએ માઈન્ડસ્પેસ બિઝનેસ પાર્ક્સ પ્રાઈવેટ લિમિટેડ સાથે ૧૦ વર્ષ (૧૨૦ મહિના)નો કરાર કર્યો છે. દસ્તાવેજ મુજબ વિપ્રોએ આ આઈટી એસઈઝેડમાં કુલ આઠ માળ (૪-૧૧ માળ સુધી) લીઝ પર લીધા છે. આ જગ્યાનો કુલ કારપેટ એરિયા ૨,૭૦,૯૪૯ ચોરસ ફૂટ થાય છે. ચાર્જેબલ વિસ્તાર ૩,૮૭,૦૭૨ ચોરસ ફૂટ છે. વિપ્રોએ પ્રતિ માસ રૂ.૬૪ પ્રતિ ચોરસ ફૂટના ભાવે લીઝ કરાર કર્યો હોવાનું દસ્તાવેજ પરથી જાણી શકાય છે.

## ક્રેશ થયેલા વિમાનમાં ઉડાન પહેલા કોઇ સમસ્યા ન હતીઃ એર ઇન્ડિયા

### વિશ્વાસ વધારવાના પગલા તરીકે એરલાઇન તેના બોઇંગ ૭૮૭ અને ૭૭૭ કાફલાનું પ્રિ-ફ્લાઇટ સેફ્ટી ચેકિંગ વધારી રહી છે

। (એજન્સી) મુંબઈ, તા.૨૦ ।

એર ઈન્ડિયાના સીઈઓ અને મેનેજિંગ ડિરેક્ટર કેમ્પબેલ વિલ્સને ગુરુવારે જણાવ્યું હતું કે અમદાવાદમાં ક્રેશ થયેલ બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનરનું સારી રીતે મેન્ટેનન્સ થયું હતું અને છેલ્લે જૂન ૨૦૨૩માં તેની મોટી તપાસ કરાઈ હતી. આગામી ચેકિંગ આ વર્ષે ડિસેમ્બરમાં નિર્ધારિત હતું. ઉડાન પહેલા વિમાન કે તેના એન્જિનમાં કોઈ સમસ્યા દેખાઈ ન હતી. વિમાન મુસાફરોને આપેલા સંદેશમાં એર ઈન્ડિયાના વડાએ એ પણ સ્પષ્ટતા કરી હતી કે ઈન્ટરનેશનલ વાઈડ બોડી ફ્લાઈટ્સમાં ૧૫ ટકાનો ઘટાડો કરવાનો નિર્ણય એક કામચલાઉ પગલું છે. કેમ્પબેલ વિલ્સન જણાવ્યું હતું કે માર્ચ ૨૦૨૫માં તેના જમણા એન્જિનનું ઓવરહોલ કરાયું હતું અને એપ્રિલ ૨૦૨૫માં ડાબા એન્જિનનું નિરીક્ષણ કરાયું હતું. વિમાન અને એન્જિન બંનેનું નિયમિત નિરીક્ષણ કરાયું હતું. ઉડાન પહેલાં કોઈ સમસ્યા દેખાઈ ન હતી. એરલાઈન તેમજ સમગ્ર ઉડ્ડયન ઉદ્યોગ આ દુર્ઘટનાનું કારણ સમજવા માટે સત્તાવાર તપાસ અહેવાલની રાહ જોઈ રહ્યું છે.વિશ્વાસ વધારવાના પગલા તરીકે એરલાઈન તેના બોઈંગ ૭૮૭ અને ૭૭૭ કાફલાનું પ્રિ-ફ્લાઈટ સેફ્ટી ચેકિંગ વધારી રહી છે. આંતરરાષ્ટ્રીય ફ્લાઈટમાં ઘટાડાને મુદ્દે તેમણે જણાવ્યું હતું કે વધારાના ચેકિંગને કારણે તેના શિડ્યુલ્ડને અસર થઈ છે. તેથી ઓછામાં ઓછા મધ્ય જુલાઈ સુધી ઈન્ટરનેશનલ વાઈડ બોડી ફ્લાઈડ્સમાં ૧૫ ટકા ઘટાડાનો નિર્ણય કરાયો છે.

### ઈરાનના નેતા ખામેનીના નિકટના લોકોનો નોબિટેક્સ સાથે સીધો સંબંધ

## હેકર્સે ઈરાનના સૌથી મોટા ક્રિપ્ટો એક્સચેન્જમાંથી $9 કરોડ તફડાવ્યાં

। (એજન્સી) તેહરાન, તા.૨૦ ।

ઈરાન અને ઈઝરાયેલની લડાઈ વચ્ચે ઈઝરાયેલ સાથે કથિત રીતે જોડાયેલા સાયબર હુમલાખોરોએ ઈરાનના સૌથી મોટા ક્રિપ્ટોકરન્સી એક્સચેન્જ નોબિટેક્સને હેક કરીને તેમાંથી રૂ. ૭૮૦ કરોડ (૯ કરોડ યુએસ ડોલર)ની રકમ ઉપાડી લીધી હોવાનું બ્લોકચેન વિશ્લેષણ કરતી કંપનીઓએ જણાવ્યું હતું. ગુરુવારે એક જૂથે હેકિંગની જવાબદારી સ્વીકારતા તેણે કંપનીનો સમગ્ર સોર્સ કોડ પણ લીક કરી દીધો હતો. હેકર્સ જૂથે ટેલીગ્રામ એકાઉન્ટ પર લખ્યું હતું કે, નોબિટેક્સમાં જે સંપત્તિ હતી તે હવે સંપૂર્ણ રીતે સાર્વજનિક થઈ ગઈ છે.બ્લોકચેન વિશ્લેષણ સંસ્થા એલિપટિકએ બ્લોગ પોસ્ટમાં લખ્યું હતું કે, ચોરાયેલા નાણાં એ વોલેટમાં ટ્રાન્સફર કરાયા હતા જેમાં ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડની નિંદા કરતા સંદેશ લખાયા હતા. આ સાયબર હુમલો આર્થિક ફાયદાને બદલે રાજકીય હેતુ માટે કરાયો છે. હેકર્સે જે વોલેટમાં નાણાં ટ્રાન્સફર કર્યા હતા તે વોલેટ એવા હતા જેમાં ક્રિપ્ટોને નષ્ટ કરાઈ હતી જેથી નોબિટેક્સને રાજકીય સંદેશ આપી શકાય. હેકિંગની જવાબદારી સ્વીકારનાર જૂથનું નામ ગોંજેશકે દરાંડે છે જેનો ફારસીમાં અર્થ 'શિકારી ચકલી' થાય છે. આ ગ્રુપે એક્સ પર એક પોસ્ટમાં લખ્યું કે, નોબિટેક્સ એક્સચેન્જે ઈરાન સરકારને પશ્ચિમી દેશો દ્વારા લદાયેલા પ્રતિબંધોથી બચવામાં મદદ કરી હતી. આ ઉપરાંત આતંકવાદીઓને પણ નાણાં પહોંચાડ્યા હતા. નોબિટેક્સે સાયબર હુમલાની પુષ્ટિ કરી હતી અને તેની એપ તથા વેબસાઈટ ડાઉન થતા અનધિકૃત પ્રવેશનો સંદેશ દર્શાવાતો હતો. એલિપટિકના મતે નોબિટેક્સનો સંબંધ ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામેનીના કેટલાક નિકટના લોકો સાથે હોવાનું માનવામાં આવે છે.

## વિશેષ

### અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ધીમી ગતિની સાઇકલ બની 'બ્લડ એક્સપ્રેસ'

# અમદાવાદ સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં બ્લડ બેન્કમાંથી અંદાજિત ૭ મિનિટ જેટલા સમયમાં રક્ત પહોંચાડવા માટે ઉપયોગમાં લેવાતી બ્લડ એક્સપ્રેસ

। અમદાવાદ ।

ધીમી ગતિએ સાઈકલ જ્યારે એક્સપ્રેસ બનીને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં રક્તની ઝડપી આપ લે માટે ઉપયોગમાં લેવામાં આવે તો તે અચરજ પમાડે છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલના આઈ.એચ.બી.ટી.(Immunohaematology & Blood Transfusion) વિભાગ દ્વારા સાઈકલનો આવો જ એક અનોખો પ્રયોગ કરી 'બ્લડ એક્સપ્રેસ' શરૂ કરવામાં આવી છે.

સિવિલ હોસ્પિટલની જૂની બિલ્ડીંગમાં આવેલ બ્લડ બૅંકને નવીન ઈમારતમાં ખસેડવામાં આવતા, જૂની ઈમારતમાંથી નવી ઈમારતમાં બ્લડ બૅંકને ખસેડવામાં આવી છે. આ બ્લડ બૅંકમાંથી રક્તને સિવિલ હોસ્પિટલના વિવિધ વિભાગોમાં પહોંચાડવા માટે એપ્રિલ, ૨૦૨૫થી સાઈકલનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે.






અમદાવાદ સિવિલ હોસ્પિટલનો સર્જરી વિભાગ, મેડિસિન વિભાગ, ઈમર્જન્સી વિભાગ અને ટ્રોમા સેન્ટરમાં હંમેશા રક્તની જરૂર પડતી હોય છે. જેમ કે, ઈમરજન્સી સમયે, ઓપરેશન સમયે, દર્દીને લોહીની જરૂરિયાત રહેતી હોય છે અને તે જરૂરિયાત પ્રમાણે જે તે વિભાગ દ્વારા બ્લડ બૅંક પાસે રક્ત મંગાવવામાં આવે છે. બ્લડ બૅંક દ્વારા હંમેશા જરૂરિયાત પ્રમાણે રક્તના જથ્થાને જાળવી રાખવામાં આવે છે જેથી હોસ્પિટલમાં રક્તની ક્યારેય પણ અછત ઉભી થતી નથી. સિવિલ હોસ્પિટલની બ્લડ બૅંક હંમેશા ઈમરજન્સી માટે તૈયાર રહે છે.

આ આગોતરી તૈયારીના ભાગરૂપે જ સિવિલ હોસ્પિટલ એક 'બ્લડ બૅંક ડેડિકેટેડ સોફ્ટવેર' થકી કામ કરે છે. સિવિલ હોસ્પિટલમાં ઉપયોગમાં લેવાતા વેબ પોર્ટલમાં જે વિભાગને રક્તની જરૂર હોય તે વિભાગ દ્વારા અથવા તે વિભાગના ડૉક્ટર દ્વારા દર્દીનો ફોટો, કેસ પેપર, આઈડી, તેની વિગતો, તેને જરૂરી હોય તે પ્રકારના રક્તની વિગતો આ સોફ્ટવેર ઉપર મૂકી આ વિગતો SMS અને વૉટ્સએપના માધ્યમથી પણ બ્લડ બૅંકને મોકલવામાં આવે છે જેથી દર્દીને રક્ત આપવામાં ભૂલચૂકને કોઈ સ્થાન રહે નહીં. દર્દીના સંબંધીઓને બ્લડ બૅંકથી શરૂ થતી 'બ્લડ સપ્લાય ચેઈન'માં કોઈપણ જગ્યાએ સામેલ કરવામાં આવતા નથી અને રક્ત આપતા પહેલા પણ દર્દીની બધી વિગતોની ફરીથી ચકાસણી કરવામાં આવે છે. આ બ્લડ બૅંકની કાર્યપ્રણાલી માટે સિવિલ હોસ્પિટલના આઈ.એચ.બી.ટી. વિભાગ દ્વારા સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું છે. આઈ.એચ.બી.ટી. વિભાગના રેસિડેન્ટ મેડિકલ ઓફિસર શ્રી સંજય કાપડિયાએ કહે છે કે, "આજના સમયમાં વાહન વ્યવહારમાં સાઈકલનું ચલણ ઓછું થાય છે પરંતુ સિવિલ હોસ્પિટલમાં સાઈકલ પર ચાલતી બ્લડ એક્સપ્રેસ ઝડપથી રક્ત પહોંચાડીને દર્દીઓની સારવારમાં મદદરૂપ થાય છે."

બ્લડ એક્સપ્રેસ શરૂ થયા અગાઉ સિવિલ હોસ્પિટલ બ્લડ બૅંકમાંથી રક્ત લઈને એક જગ્યાએથી બીજી જગ્યાએ જવામાં ઘણો સમય વ્યર્થ થતો હતો. સમયના આ વેડફાટને બચાવી શકાય તે માટે આ બ્લડ એક્સપ્રેસ દ્વારા બ્લડ બૅંકમાંથી રક્તને સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં અલગ અલગ જગ્યાએ પહોંચાડવા માટે ૧૪ જેટલા રનર્સ કે એટેન્ડન્ટ હાલમાં કાર્યરત છે. આ રનર્સ સાઈકલની મદદથી યોગ્ય દર્દીને, યોગ્ય સમયે, યોગ્ય રક્ત પહોંચાડે છે. સમયને અનુરૂપ આ રનર્સ દ્વારા યોગ્ય એક્શન લેવામાં આવે છે. જો ઈમરજન્સી હોય તો રનર દ્વારા તે ઈમરજન્સી પ્રમાણે એક્શન લેવામાં આવે છે. બ્લડ બૅંક દ્વારા દર્દીની બધી વિગતોની યોગ્ય ચકાસણી કરીને પછી જ રક્ત આપવામાં આવે છે. બ્લડ બૅંક દ્વારા બ્લડ એક્સપ્રેસમાં રક્ત આપતી વખતે યોગ્ય 'કોલ્ડ ચેઈન' જાળવી શકાય તે માટે સાઈકલ પર જતા રનર્સને ત્યારે જ બોલાવવામાં આવે છે જ્યારે દર્દીના રિપોર્ટ, આઈડી, કેસ પેપર જેવી બધી વિગતો યોગ્ય રીતે તપાસી લેવામાં આવે છે. બ્લડ બૅંકના આ રનર્સ સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં જો ચાલતા રક્ત પહોંચાડવા માટે જાય તો તેમને ૧૫થી ૨૦ મિનિટ જેટલો સમય લાગી શકે છે; જ્યારે સાઈકલ ઉપર આ સમય ઘટીને છ થી સાત મિનિટ જેટલો થઈ જાય છે. બ્લડ બૅંકના રનર્સ પાસે રક્ત પહોંચાડવા માટે દસ મિનિટ જેટલો સમય હોય છે. સિવિલ હોસ્પિટલની બ્લડ બૅંકમાં ઈમરજન્સીમાં ઉપયોગી થતું O નેગેટિવ રક્ત, જેને ઘણીવાર 'યુનિવર્સલ ડોનર' રક્ત પ્રકાર કહેવામાં આવે છે, જે રક્તદાન માટે એક મહત્વપૂર્ણ રક્ત પ્રકાર છે અને તે કોઈપણ વ્યક્તિને સુરક્ષિત રીતે આપી શકાય છે, તેનો સ્ટોક હંમેશા હાથવગો રાખવામાં આવે છે. સિવિલ હોસ્પિટલની બ્લડ એક્સપ્રેસમાં જતા રક્તના પાર્સલ ઉપર દર્દીની બધી વિગતો રાખવામાં આવે છે જેથી તેને યોગ્ય જગ્યાએ પહોંચાડી શકાય છે.

સિવિલ હોસ્પિટલમાં ચાલતી આ 'બ્લડ એક્સપ્રેસ' દર્દીઓને ખૂબ જ મદદરૂપ બને છે. સાઈકલ જેવા વાહનથી હોસ્પિટલમાં રક્ત પહોંચાડવાની આ પ્રક્રિયા અચરજ પમાડે તેવી છે. સિવિલ હોસ્પિટલની બ્લડ એક્સપ્રેસ દર્દીઓની જીવાદોરી સમાન રક્ત પહોંચાડી સરાહનીય કામ કરી રહ્યું છે.

# થાનગઢ તાલુકામાં તરણેતરનાં ત્રિનેત્રેશ્વર મહાદેવ મંદિર ખાતે મંદિર પરિસરમાં યોગ નિદર્શન



। સુરેન્દ્રનગર, તા.૨૦ ।

પ્રાચીન ભારતીય પરંપરા દ્વારા માનવજાતને અપાયેલી એક અમૂલ્ય ભેટ એવી "યોગ વિદ્યા"ને વિશ્વ ફલક ઉપર લાવવા તથા માનવજાતને આરોગ્ય, સુખાકારી અને માનવતા તરફ દોરવાના ઉમદા હેતુથી સમગ્ર વિશ્વમાં તારીખ ૨૧મી જૂનના દિવસને "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. "યોગ ફોર વન અર્થ-વન હેલ્થ"ની થીમ સાથે ઉજવાનારા આ ૧૧માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ સાથે સમગ્ર ગુજરાતમાં આ ઉજવણીમાં "સ્વસ્થ ગુજરાત-મેદસ્વિતામુક્ત ગુજરાત"નો ધ્યેય પણ રાખવામાં આવ્યો છે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી સમગ્ર રાજયમાં કરવામાં આવનાર છે. આ ઉજવણીના ભાગરૂપે મહાનગરપાલિકા, જિલ્લા, તાલુકા, નગરપાલિકા કક્ષાએ યોગ દિવસ પહેલા જનજાગૃતિ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. સુરેન્દ્રનગર જિલ્લામાં પણ ઐતિહાસિક, ધાર્મિક, પૌરાણિક મહત્વ ધરાવતા સ્થળોએ કાર્યક્રમ કરવામાં આવી રહ્યા છે.

# સુરત સહિત ૩ નવી મહાનગરપાલિકા, બે પાલિકામાં વિકાસ કામો માટે ૩૩૯૫ ફાળવાશે

। (એજન્સી) સુરત, તા.૨૦ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નગરો-મહાનગરોના જન સુવિધા વૃદ્ધિ માટેના વિવિધ કામો માટે ત્રણ નવરચિત મહાનગર પાલિકાઓ તથા સુરત મહાનગર પાલિકા અને બે નગરપાલિકાઓને કુલ ૩૩૯૪.૫૫ કરોડ રૂપિયા ફાળવવા સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.રાજ્યમાં ઉજવાઈ રહેલા શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫માં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત જે વિકાસ કામો માટે મુખ્યમંત્રીએ નાણાં ફાળવવાની અનુમતિ આપી છે. તેમાં આઉટગ્રોથ ડેવલપમેન્ટ આગવી ઓળખના કામો તથા આંતર માળખાકીય વિકાસના કામોનો સમાવેશ થાય છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ હેતુસર સુરત મહાનગર પાલિકાને ભૌતિક માળખાકીય સુવિધા વિકાસ, સામાજિક માળખાકીય સુવિધા વિકાસ તેમજ અર્બન મોબિલિટી અને આગવી ઓળખના કામો તથા આઉટગ્રોથ એરીયા ડેવલપમેન્ટના કામો માટે ૩૨૬૩ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.સુરત મહાનગરપ ાલિકાના વિવિધ ઝોનમાં અને આઉટગ્રોથ વિસ્તારમાં આ રકમમાંથી સ્ટોર્મ ડ્રેનેજ, પાણી પુરવઠો, ટર્શરી ટ્રીટમેન્ટ એન્ડ રિસાયક્લિંગ, લાઈટ એન્ડ એનર્જી ઓફિશિયન્સી તેમજ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વગેરે માળખાકીય વિકાસ કામો હાથ ધરવામાં આવશે.

આ ઉપરાંત સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે આઉટગ્રોથ એરીયા ડેવલપમેન્ટ માટે ૬૬.૯૪ કરોડ રૂપિયાના કામો હાથ ધરવાની સૈદ્ધાંતિક મંજૂરી પણ મુખ્યમંત્રીએ આપી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આપેલી આ મંજૂરી અંતર્ગત નડિયાદ મહાનગર પાલિકાના આઉટગ્રોથ વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટ, પબ્લિક ટોયલેટ રીનોવેશન, સીટી સિવિક સેન્ટર, પાર્ક એન્ડ ગાર્ડન તથા લેક ડેવલપમેન્ટ એમ ૩૫ કામો માટે ૧૭ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. આણંદ મહાનગર પાલિકાના આઉટગ્રોથ વિસ્તારમાં પાણીની નવી ટાંકી, લિંક રોડ અને સ્ટોર્મ ડ્રેઈનના કામો મળી કુલ ૯ કામો માટે ૧૭ કરોડ રૂપિયા ફાળવાયા છે. સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના આઉટગ્રોથ એરિયામાં પાણી પુરવઠાના ૬ કામો માટે ૨૮ કરોડ રૂપિયા મંજુર કરવામાં આવ્યા છે. રાજ્યની બે નગરપાલિકાઓ ભરૂચ અને સોનગઢ નગરપાલિકાઓને પણ આઉટગ્રોથ વિસ્તારમાં પાણીની ટાંકી, રાઈઝીંગ મેઈન પાઈપલાઈન તથા સ્ટ્રીટ લાઈટના કામો માટે રકમ મંજૂર કરવામાં આવી છે. તદ્અનુસાર સોનગઢ નગરપાલિકાને ૩.૯૯ કરોડ અને ભરૂચને ૦.૯૫ કરોડ રૂપિયા ફાળવાશે. નગરો-મહાનગરોની આગવી ઓળખ પ્રસ્થાપિત કરતાં વિવિધ કામો અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુરેન્દ્રનગર મહાનગરપાલિકાને વઢવાણ હેરિટેજ સીટી ફેઝ-૧ ધોળી પોળ અને કોટ દીવાલ તથા સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસ્તારમાં હવામહેલ હેરિટેજ ડેવલપમેન્ટ,ઝાલાવાડ હેરિટેજ મેમોરિયલ એન્ડ મ્યુઝિયમ ફેઝ-૧ એમ કુલ ત્રણ કામો માટે ૩૫ કરોડ રૂપિયા ફાળવવા મંજૂરી આપી છે.






## રાજ્યમાં આગામી ૨૩મી જૂનથી પૂરક પરીક્ષા શરૂ થવાની છે

# ૫૦૦થી વધુ સ્કૂલે પૂરક પરીક્ષાની હોલ ટિકિટ વિદ્યાર્થીઓને ન આપી

### હોલ ટિકિટ બોર્ડ દ્વારા વેબસાઇટના માધ્યમથી ગત ૧૨મી જૂનના રોજ શાળાઓને મોકલી આપવામાં આવી હતી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

રાજ્યમાં આગામી ૨૩મી જૂનથી પૂરક પરીક્ષા શરૂ થવાની છે ત્યારે હજુ સુધી ૫૩૦ જેટલી સ્કૂલોમાં ધો.૧૦ની પૂરક પરીક્ષામાં ઉપસ્થિત રહેનારા વિદ્યાર્થીઓની હોલ ટિકિટ ડાઉનલોડ થતી ન હોવાની ફરિયાદ ઉઠવા પામી છે.

બોર્ડ દ્વારા ગત ૧૨મી જૂનના રોજ હોલ ટિકિટ જાહેર કરવામાં આવી છે. આમ છતાં સ્કૂલો દ્વારા વિદ્યાર્થીઓને હોલ ટિકિટ આપવામાં ન આવતાં બોર્ડ દ્વારા ખાસ તાકીદ કરવાની ફરજ પડી હતી.ધો.૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષા આગામી ૨૩મી જૂનથી શરૂ થવાની છે.

પૂરક પરીક્ષામાં જે વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેવાના છે તેમની હોલ ટિકિટ બોર્ડ દ્વારા વેબસાઈટના માધ્યમથી ગત ૧૨મી જૂનના રોજ શાળાઓને મોકલી આપવામાં આવી હતી.

સ્કૂલોએ આ હોલ ટિકિટ ડાઉનલોડ કરીને તેની ખરાઈ કર્યા બાદ વિદ્યાર્થીનો ફોટો લગાવીને વર્ગશિક્ષિકની સહી સાથે, આચાર્યની સહી કરીને વિદ્યાર્થીઓનો હોલ ટિકિટ આપવાની હોય છે. પરીક્ષા આગામી ત્રણ દિવસ પછી શરૂ થવાની છે ત્યારે હજુ સુધી રાજ્યની ૫૦૦થી વધારે સ્કૂલોએ વિદ્યાર્થીઓને હોલ ટિકિટ જ આપી ન હોવાની વિગતો બહાર આવી છે.

આ પ્રકારની ફરિયાદ બોર્ડ સુધી પહોંચતાં તાકીદે બોર્ડ દ્વારા દરેક સ્કૂલોને વિદ્યાર્થીઓને હોલ ટિકિટ પહોંચતી કરવા તાકીદ કરવામાં આવી છે. શાળાઓની બેદરકારીને કારણે આ પ્રકારની સ્થિતિ ઊભી થઇ હોવાને કારણે તાકીદે વિદ્યાર્થીઓને હોલ ટિકિટ પહોંચતી કરવા આદેશ કરવામાં આવ્યો છે.

## ભાલ પ્રદેશમાં પૂરમાં તણાયેલાં ૭ કાળિયારનાં મોત, ૩ને બચાવાયાં

। ભાવનગર, તા.૨૦ ।

ભાવનગર શહેર-જિલ્લામાં પડી ગયેલા ભારે વરસાદમાં માણસો સાથે પશુ, પક્ષીઓના જીવ સામે જોખમ સર્જાયું હતું. ભાવનગર જિલ્લાના ભાલ પંથકમાં આવેલા વેળાવદર કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાન તેમજ આજુબાજુના ગ્રામ્ય પંથકમાં વસતા કાળિયાર હરણો ધસમસતા પાણીના પ્રવાહમાં તણાયા હતા. જેમાં સાત જેટલા કાળિયારના મોત થયાનું સામે આવ્યું છે. ભાલ પ્રદેશમાં આવેલા કાળિયાર અભ્યારણ્ય અને તેના આસપાસના રેવન્યુ વિસ્તારોમાં ભારે વરસાદ અને પાણી ભરાવાને કારણે કાળિયારના મોતનો સિલસિલો યથાવત છે.

## સોજિત્રાના દેવા તળપદ ગામે

# દાદર ધરાશાયી થવાથી બે મહિલાઓનાં મોતથી અરેરાટી

। (એજન્સી) આણંદ, તા.૨૦ ।

આણંદ જિલ્લાના સોજિત્રા તાલુકાના દેવા તળપદ ગામના લક્ષ્મીપુરા વિસ્તારમાં બુધવારે બનેલી ઘટનામાં એક ઘરની બહાર બનાવેલ સિમેન્ટનો દાદર જે એકાએક જ તૂટી પડ્યો હતો અને આ ઘટનામાં દબાઈ જવાથી બે મહિલાઓના મોત નિપજ્યા હતા. આ બનાવ અંગે સોજિત્રા પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સોજિત્રા તાલુકાના દેવા તળપદ ગામના લક્ષ્મીપુરામાં રહેતા ભરતભાઈ મેલાભાઈ ગોહેલના પત્ની ૪૦ વર્ષીય મંજુલાબેન ભરતભાઈ ગોહેલ અને તેમના ઘરની પડોશમાં રહેતા ૫૫ વર્ષીય ગીતાબેન પ્રભાતભાઈ ગોહેલ બંન્ને મહિલાઓ બુધવારે બપોર બાદના અરસામાં પોતાનાં ઘર પાસે બાનવેલા સિમેન્ટના દાદર નીચે બેસીને વાતો કરી રહ્યા હતા ત્યારે વરસાદ પડવાના કારણે કે પછી અન્ય કોઈ કારણોસર અચાનક જ સિમેન્ટનો બનાવેલો દાદર તૂટી પડ્યો હતો. જેથી આરસીસી દાદરનાં કાટમાળ નીચે બન્ને મહિલાઓ મંજુલાબેન ગોહેલ અને ગીતાબેન ગોહેલ દબાઈ જવા પામ્યા હતા. બીજી તરફ દાદર ધરાશાયી થવાનો અવાજ સાંભળીને આજુબાજુમાંથી લોકો દોડી આવ્યા હતા અને બચાવ કામગીરી હાથ ધરી હતી. દાદરનો આરસીસીનો કાટમાળ ખસેડીને કાટમાળ નીચે દબાયેલ બન્ને મહિલાઓ મંજુલાબેન તેમજ ગીતાબેનને બહાર કાઢ્યા હતા પરંતુ બન્ને મહિલાઓને ગંભીર ઈજાઓ થયેલી હોઈ બન્નેનાં ઘટનાસ્થળે જ મોત નિપજયાં હતા.

## થોડા સમય પહેલાં જ વસ્ત્રાપુરમાં તબીબના ઘરે લૂંટ થઈ હતી

# ઘાટલોડિયામાં ટૂર ઓપરેટરના ઘરમાંથી ૧૧ લાખની ચોરી થઇ

### બેંકમાં ભરવા રૂપિયા ભરેલી બેગ બેડ પાસે મૂકી હતી અને તસ્કરો રોકડા રૂપિયા લઈ ગયા ને પર્સ રોડ પર ફેંકી દીધું

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

ઘાટલોડિયાના શિવમ ટેનામેન્ટમાં રહેતા ટૂર ઓપરેટરના ઘરમાંથી રૂપિયા ૧૧ લાખની ચોરી થઈ છે. ટૂર ઓપરેટરે બેંકમાં ભરવા માટે ૧૧ લાખની બેગ બેડરૂમમાં મૂકી હતી ત્યારે જ રાત્રે તસ્કરો હાથફેરો કરી ગયા છે.

પોલીસે ચોરીની ફરિયાદ નોંધી તપાસ આદરી છે. આ ઘટનાના સીસીટીવી ફુટેજ પોલીસ ચેક કરી રહી છે. ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલાં જ વસ્ત્રાપુરમાં તબીબના ઘરે લૂંટ થઇ હતી. ઘાટલોડિયા કે.કે. નગર નજીક શિવમ ટેનામેન્ટમાં રહેતા સંજયભાઈ તનસુખભાઈ પટેલ સ્થાનિક વિસ્તારમાં પટેલ હોલીડેઝ નામની ઓફિસ ધરાવી ટૂર એન્ડ ટ્રાવેલ્સનું કામ કરે છે. સંજય પટેલ પટેલ ફોરેક્સ નામની કંપની પણ ધરાવતા હતા. જોકે, તે કંપની તેમણે બંધ કરી દીધી હતી અને ખાલી પડેલી ઓફિસ વેચી દીધી હતી. સંજય પટેલની ફરિયાદ મુજબ ઓફિસ વેચતાં તેના રૂપિયા ૧૧ લાખ આવ્યા હતા. આ રૂપિયા બેંકમાં જમા કરાવવાના હોવાથી મંગળવારે રાત્રે તેમણે એક બેગમાં મૂકીને બેગ બેડરૂમમાં મૂકી હતી. રાત્રે સંજયભાઈએ બેડરૂમનો દરવાજા અંદરથી લોક કર્યો નહોતો. બીજા દિવસે સવારે પત્નીએ ઊઠાડ્યા અને જણાવ્યું હતું કે સવારે તેમના માતા દૂધ લેવા ગયા ત્યારે કોઈએ તેમને જણાવ્યું હતું કે રોડ પર એક પર્સ પડ્યું છે. જેમાં વિઝટિંગ કાર્ડ સહિતની વસ્તુઓ પડી છે. સંજયભાઈની માતા બેગ ઘરે લઈ આવ્યા હતા. બેગ ચેક કરતાં તેમાં રૂપિયા નહોતા. સંજયભાઈ અને તેમની પત્નીએ આ રૂપિયા અંગે તપાસ કરી હતી પરંતુ કંઈ ભાળ મળી નહોતી. તેમણે આ બાબતે ઘાટલોડિયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. સંજયભાઈના ઘર આજુબાજુના સીસીટીવી કેમેરાના ફૂટેજ ચેક કરવાની કવાયત શરૂ કરવામાં આવી છે.